દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ

સૌરાષ્ટ્ર આવૃત્તિ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 21 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ પૌષ વદ - ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 24 January 2025, Friday ■ REGD.No. MCS/058/2018-20

શુક્રવાર, ૨૪ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u




દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ/2013/58486
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 21 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ પૌષ વદ - ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 24 January 2025, Friday ■ REGD.No. MCS/058/2018-20
શુક્રવાર, ૨૪ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# દેશ અને હિંદુ હિતાર્થના દરેક કામ પૂરાં કરીશુંઃ અમિત શાહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડમાં હિન્દુ આધ્યાત્મિક મેળાને લોકો માટે ખુલ્લો મૂક્યો હતો. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, વડા પ્રધાન મોદીનાં છેલ્લાં ૧૦ વર્ષના શાસનમાં મોટાભાગના હિન્દુ વિચારધારા ધરાવતાં કામો પૂર્ણ થયાં છે. તેમજ તેમના ત્રીજા કાર્યકાળમાં પણ આ પ્રકારનાં કામો સતત થઈ રહ્યાં છે. અમારી સરકાર દેશ અને હિંદુ હિતાર્થના દરેક કામ પૂરાં કરશે.

અમિત શાહે જણાવ્યું હતું કે, પોતાના જ દેશમાં પહેલા હિન્દુઓ પોતાને હિન્દુ કહેતા ખચકાતા હતા. પરંતુ છેલ્લાં ૧૦ વર્ષમાં પરિસ્થિતિ બદલાઈ છે અને વિચારધારા પ્રમાણે મોટાભાગના કામો પૂર્ણ થયાં છે. જેમાં જમ્મુ કાશ્મીરમાંથી ૩૭૦ની કલમ હટાવાઈ છે અને અયોધ્યામાં ભવ્ય રામ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. તે ઉપરાંત ત્રિપલ તલાકનો અંત અને યુનિફોર્મ સિવિલ કોડ પણ એનડીએના શાસનમાં લાગુ થયો છે. ઉલ્લેખનીય છે કે, સમગ્ર દેશમાં હજી યુનિફોર્મ સિવિલ કોડનો કાયદો લાગુ નથી થયો પણ ભાજપ શાસિત ઉત્તરાખંડમાં તેને લાગુ કરવામાં આવ્યો છે. અમિત શાહે ગત મહિને રાજ્ય સભામાં કહ્યું હતું કે, આ કોડને સમગ્ર રાજ્યમાં લાગુ કરવામાં આવશે.

અમિત શાહે કહ્યું હતું કે, મોદી સરકારે આ પેન્ડિંગ કામોને ૧૦ વર્ષમાં પૂરાં કર્યાં છે પણ અગાઉની સરકારોએ તેને સ્પર્શ પણ નહોતો કર્યો. મોદી સરકાર આ પ્રકારનાં કામો કરવા માટે ત્રીજા કાર્યકાળમાં પણ કાર્યરત છે. તેમણે કહ્યું હતું કે, ૧૭૦ દેશો દ્વારા યોગાને અપનાવવો એ ગૌરવની વાત છે. દેશમાં યોજાયેલી જી૨૦ સમિટ દરમિયાન સમગ્ર વિશ્વના નેતાઓ ભારત આવ્યા હતા અને મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી જે અમારા માટે ગૌરવની વાત છે. તેમણે ઉમેર્યું હતું કે, ભારત સરકાર વિશ્વભરમાં આપણાં દેવી દેવતાઓની ચોરાયેલી મૂર્તિઓ પરત લાવવામાં સફળ રહી છે.

અમિત શાહે હિંદુ આધ્યાત્મિક મેળા અંગે જણાવ્યું હતું કે, દેશમાં હિંદુ મંદિરો અને સંસ્થાઓએ આદિવાસી સમાજના વિદ્યાર્થીઓને શિક્ષિત કરવા અને લાખો ગરીબ નાગરિકો માટે આરોગ્ય સેવાઓ પૂરી પાડવા સહિત અનેક રીતે સમાજની સેવા કરી છે. પરંતુ તેમના કામનો ક્યારેય પ્રચાર નથી કર્યો. તેમણે આ દરમિયાન આરએસએસનો આભાર માન્યો હતો અને આ કાર્યક્રમ દ્વારા તમામ સેવાલક્ષી હિંદુ સંગઠનોને એક છત નીચે લાવવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેથી લોકો આ સંસ્થાઓના યોગદાનને સમજી શકે.




**હિંદુઓની એકતા :** અમદાવાદમાં ચાજાયેલા ‘હિંદુ આધ્યત્મિક અને સેવા મેળો’ના ઉદ્‌ઘાટન કાર્યકમને સંબોધતા કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહ.

## ધર્મની રક્ષા માટે ક્યારેક હિંસા જરૂરીઃ ભૈયાજી જોશી

અમદાવાદઃ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે હિન્દુ આધ્યાત્મિક સેવા મેળાના ઉદઘાટન સમારોહમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વરિષ્ઠ નેતા ભૈયાજી જોશીએ હાજરી આપી હતી. સમારોહને સંબોધતા તેમણે કહ્યું કે અહિંસાના વિચારની અને ધર્મની રક્ષા માટે ક્યારેક ક્યારેક હિંસા જરૂરી હોય છે. તેમણે આ વાત પર ભાર મુક્યો હતો કે ભારતમાં શાંતિના રસ્તા પર તમામને સાથે લઇને ચાલવું પડશે. સમારોહને સંબોધિત કરતા ભૈયાજી જોશીએ કહ્યું હતું કે ‘‘હિન્દુઓ હંમેશાં પોતાના ધર્મનું રક્ષણ કરવા માટે પ્રતિબદ્ધ છે. આપણા ધર્મનું રક્ષણ કરવા માટે આપણે એવા કાર્યો કરવા પડશે જેને બીજા લોકો અધર્મ કહે છે. આવા કાર્યો આપણા પૂર્વજો દ્વારા કરવામાં આવતા હતા.’’ મહાભારત યુદ્ધનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે પાંડવોએ અધર્મને ખત્મ કરવા માટે યુદ્ધના નિયમોને બાજુ પર રાખ્યા હતા. ભૈયાજી જોશીએ કહ્યું હતું કે, એ વાતથી ઇનકાર કરી શકાય નહી કે હિંદુ ધર્મમાં અહિંસાના તત્ત્વો રહેલા છે. ક્યારેક-ક્યારેક આપણે અહિંસાના વિચારની રક્ષા કરવા માટે હિંસાનો માર્ગ અપનાવવો પડે છે. નહીંતર અહિંસાના વિચારોનું રક્ષણ થઇ શકે નહીં. આપણા મહાન પૂર્વજોએ આપણને આ સંદેશ આપ્યો છે.

આરએસએસ નેતાએ કહ્યું હતું કે ભારતના લોકોએ શાંતિના માર્ગ પર બધાને સાથે લઈને ચાલવું પડશે કારણ કે જે બધાને સાથે લઈ જઈ શકે છે તે જ શાંતિ સ્થાપિત કરી શકે છે. તેમણે કહ્યું કે જો એક ધર્મ બીજા ધર્મને તેમના ધર્મોનું પાલન કરવાની મંજૂરી નહીં આપે તો ક્યાંય પણ શાંતિ નહીં રહે. આરએસએસ નેતાએ કહ્યું, ‘‘ભારત સિવાય બીજો કોઈ દેશ એવો નથી જે અન્ય દેશોને સાથે લઈ જવા સક્ષમ હોય. વસુધૈવ કુટુંબકમ એ આધ્યાત્મિકતા પ્રત્યેનો આપણો દૃષ્ટિકોણ છે. જો આપણે આખા વિશ્વને એક પરિવાર માનીએ છીએ તો ક્યાંય પણ સંઘર્ષ નહીં થાય.

ભૈયાજી જોશીએ કહ્યું હતું કે, ‘‘જ્યારે આપણે કહીએ છીએ કે ભારત મજબૂત બનવું જોઈએ, ત્યારે આપણે ખરેખર વિશ્વને ખાતરી આપીએ છીએ કે એક મજબૂત ભારત અને એક મજબૂત હિન્દુ સમુદાય બધા માટે ફાયદાકારક છે, કારણ કે આપણે નબળા અને વંચિતોનું રક્ષણ કરીશું.’’ આપણી પાસે એક જૂની પરંપરા છે જેમાં દેશભરના મંદિરો અને ગુરુદ્વારાઓમાં એક કરોડ લોકોને ભોજન પીરસવામાં આવે છે.



**મહાકુંભ :** ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભ મેળામાં ઉમટેલો શ્રદ્ધાળુનો મહેરામણ. (પીટીઆઈ)

## ‘વિકસિત ભારત’ માટે એકતા જાળવોઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે લોકોને ‘વિકસિત ભારત’નું લક્ષ્ય સાકાર કરવા સંગઠિત રહેવાનો અનુરોધ કર્યો હતો. મોદીએ લોકોને દેશને નબળા પાડવા અને એની એકતા તોડવા માગતા પરિબળો સામે ચેતવ્યા હતા.

સુભાષ ચંદ્ર બોઝના જન્મસ્થાન કટકમાં તેમની જન્મજયંતી નિમિત્તે યોજાયેલા ‘પરાક્રમ દિવસ’ ઈવેન્ટને સંબોધતાં મોદીએ કહ્યું હતું કે પ્રતિષ્ઠિત સ્વાતંત્ર્યવીર બોઝનું જીવન લોકો માટે સતત પ્રેરણારૂપ રહ્યું છે. ઓનલાઈન સંબોધન કરતાં મોદીએ કહ્યું હતું કે આપણે જેમને નેતાજી તરીકે ઓળખતા હતા એ બોઝે એશઆરામ તજીને દેશની આઝાદી માટે સંઘર્ષ કરવાનું પસંદ કર્યું હતું. મોદીએ વધુમાં કહ્યું હતું કે નેતાજી કદી એશઆરામમાં સપડાયા નહોતા. એ જ રીતે આપણે પણ આપણા એશઆરામમાંથી બહાર આવીને વિકસિત ભારતનું ઘડતર કરવું જોઈએ. આપણે વૈશ્વિક રીતે આપણને ઉત્તમ બનાવવા જોઈએ. આપણે ઉત્કૃષ્ટતાને પસંદ કરવી જોઈએ અને કાર્યક્ષમતા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. બોઝે તેમનું બધું ધ્યાન સ્વરાજ પર કેન્દ્રિત કર્યું હતું અને વિવિધ પશ્ચાદભૂના લોકોને સંગઠિત કર્યા હતા. હવે આપણે વિકસિત ભારત માટે સંગઠિત રહેવું પડશે.



**જન્મજયંતી :** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીના સંવિધાન સદનના સેન્ટ્રલ હૉલમાં નેતાજી સુભાષચંદ્ર બોઝને અંજલિ આપ્યા બાદ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. (પીટીઆઈ)

### ‘‘મહારાષ્ટ્રના વિકાસમાં બાળ ઠાકરેનું અમૂલ્ય યોગદાન’’

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શિવસેનાના સંસ્થાપક બાળ ઠાકરેની ૯૯મી જન્મજયંતી નિમિત્તે તેમને અંજલિ આપી હતી. મોદીએ ‘એક્સ’ પર લખ્યું હતું કે ઠાકરને જનકલ્યાણ અને મહારાષ્ટ્રના વિકાસ તરફની તેમની પ્રતિબદ્ધતા માટે તેમને યાદ રખાય છે અને તેમનો આદર કરાય છે. તેમની વિચારસરણી સાથે તેઓ કદી બાંધછોડ કરતા નહીં અને તેમણે ભારતની સંસ્કૃતિનો ગર્વ વધારવા સતત યોગદાન આપ્યું હતું. (એજન્સી)

## સઉદી અમેરિકામાં ૬00 અબજ ડૉલરનું રોકાણ કરશે

દુબઈઃ સઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સે ગુરુવારે જણાવ્યું હતું કે રાજ્ય આગામી ચાર વર્ષમાં યુનાઇટેડ સ્ટેટ્સમાં ૬૦૦ અબજ ડોલરનું રોકાણ કરવા માગે છે, આ ટિપ્પણીઓ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા તેમના પ્રથમ વિદેશ પ્રવાસ તરીકે રાજ્યમાં પાછા ફરવાનું વિચાર્યા પછી આવી હતી.

સરકારી સાઉદી પ્રેસ એજન્સી દ્વારા ગુરુવારે વહેલી સવારે જાહેર કરાયેલ અહેવાલમાં ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનની ટિપ્પણીઓ ટ્રમ્પ સાથેના ફોન કોલમાં આવી હતી. ‘‘ક્રાઉન પ્રિન્સે આગામી ચાર વર્ષમાં યુનાઇટેડ સ્ટેટ્સ સાથે ૬૦૦ અબજ ડોલરની રકમમાં, અને સંભવિત રીતે તેનાથી વધુમાં તેના રોકાણો અને વેપારને વિસ્તૃત કરવાના રાષ્ટ્રનાં ઇરાદાને સમર્થન આપ્યું હતું,’’ એમ અહેવાલમાં જણાવાયું છે.

કોલ વિશે વ્હાઇટ હાઉસ તરફથી તાત્કાલિક કંઈ જાહેર કરવામાં આવ્યું ન હતું.

તેલ સમૃદ્ધ સઉદી અરેબિયાના વાસ્તવિક શાસક, ક્રાઉન પ્રિન્સે ગુરુવારે વહેલી સવારે યુએસ સ્ટેટ સેક્રેટરી માર્કો રૂબિયો સાથે પણ વાત કરી હતી.

## ભારતમાં હવે ૯૯.૧ કરોડ મતદારો છેઃ ચૂંટણી પંચ

નવી દિલ્હી : ચૂંટણી પંચ (ઇસી) ના આંકડા મુજબ, ભારતમાં મતદારોની સંખ્યા હવે ૯૯.૧ કરોડ થઈ ગઈ છે, જે ગયા વર્ષે લોકસભા ચૂંટણી દરમિયાન ૯૬.૮૮ કરોડ હતી.

રાષ્ટ્રીય મતદાતા દિવસ પહેલા જારી કરાયેલા એક નિવેદનમાં, ચૂંટણી પંચે બુધવારે જણાવ્યું હતું કે મતદાર યાદીઓ યુવા અને લિંગ-સંતુલિત દેખાવ ધરાવે છે જેમાં ૧૮-૨૯ વય જૂથના ૨૧.૭ કરોડ મતદારો છે. ચૂંટણી પંચના સ્થાપના દિવસ નિમિત્તે દર વર્ષે પચીસ જાન્યુઆરીએ રાષ્ટ્રીય મતદાતા દિવસ ઉજવવામાં આવે છે.

૭ જાન્યુઆરીએ દિલ્હી વિધાનસભા ચૂંટણીનું સમયપત્રક જાહેર કરતી વખતે, મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) રાજીવ કુમારે કહ્યું હતું કે ભારત ટૂંક સમયમાં એક અબજથી વધુ મતદારોનો નવો રેકોર્ડ બનાવશે.

‘‘મતદાર યાદીઓ જાહેર કરવામાં આવી હતી. આપણે ૯૯ કરોડ મતદારોને પાર કરી રહ્યા છીએ... આપણે ખૂબ જ ટૂંક સમયમાં એક અબજ મતદારોનો દેશ બનવા જઈ રહ્યા છીએ, જે મતદાનમાં વધુ એક રેકોર્ડ હશે,‘‘ એમ તેમણે કહ્યું હતું.

‘‘ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, બિહાર અને પંજાબ દ્વારા આજે એસએસઆર (સ્પેશિયલ સમરી રીવિજન) ની જાહેરાત પછી, આપણે પહેલી વાર ૯૯ કરોડ મતદારોનો આંક પાર કરીશું, મહિલા મતદારોની સંખ્યા પણ ૪૮ કરોડની આસપાસ થવાની છે.’’ એમ એમણે કહ્યું હતું.

# સનાતન બોર્ડ અંગે સોમવારની ધર્મસભામાં જાહેરાત કરાશે

### મંદિરોને સરકારના અંકુશમાંથી મુક્ત કરવા માગ

મહાકુંભનગરઃ જાણીતા આધ્યાત્મિક વકતા દેવકીનંદન ઠાકુરે ગુરુવારે જાહેરાત કરી હતી કે ૨૭ જાન્યુઆરીએ ૧૭મા સેક્ટરમાં યોજાનારી ‘ધર્મસભા’ને ‘ધર્મ કી સ્વતંત્રતા દિવસ’ તરીકે ઉજવવામાં આવશે અને ‘સનાતન બોર્ડ’નો મુસદ્દો રજૂ કરાશે.

નિરંજની અખાડામાં પ્રેસ કોન્ફરન્સને સંબોધતા ઠાકુરે કહ્યું હતું કે આપણો ધર્મ મુક્ત નથી કારણ કે આપણાં મંદિરો પર સરકારનો કબજો છે, આપણા ગુરુકુળો બંધ કરવામાં આવ્યાં છે. આપણી ગૌમાતા ગલીઓમાં રખડતી હોય છે. હિન્દુઓએ તેમના મુદ્દા આગળ કરવા સનાતન બોર્ડની જરૂર છે.

તેમણે ધર્મસભાનું મહત્ત્વ સમજાવતાં કહ્યું હતું કે આ ઈવેન્ટમાં બધા અખાડાના પ્રતિનિધિઓ, ચાર શંકરાચાર્યોના પ્રતિનિધિઓ અને સનાતન ધર્મ સાથે સંકળાયેલા લોકો હાજર રહેશે. આપણને સરકાર તરફથી સનાતન બોર્ડની જરૂર છે. અમે આ વિના કુંભ મેળો નહીં છોડીએ.

જૂના અખાડાના મહંત સ્વામી યતિન્દ્રાનંદ ગિરિએ કહ્યું હતું કે સનાતન બોર્ડ ફક્ત ભારત માટે જરૂરી નથી, પરંતુ માનવ આલમને એની જરૂર છે. આતંકવાદ. નફરત અને વિશ્વવ્યાપી અરાજકતા સનાતન બોર્ડ વડે જ દૂર કરાશે.



**દાવાનળ :** બુધવારે લોસ એન્જલસના ઉત્તરમાં કાસ્ટિક તળાવ પાસેના જંગલમાં લાગેલી આગને કાબમાં લેવાનો પ્રયાસ કરી રહેલા ફાયર ફાઈટર. (પીટીઆઈ)

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મધ્યમ વર્ગ ટેક્સ ટેરરિઝમ નહીં ફ્રોડનો પણ ભોગ બન્યો

**દિલ્હીમાં** વિધાનસભાની ચૂંટણીનો જંગ બરાબર જામ્યો છે. દિલ્હીમાં પાંચ ફેબ્રુઆરીએ મતદાન છે તેથી રાજકીય પક્ષો માટે રાત થોડી ને વેશ ઝાઝા જેવો ઘાટ છે. આ કારણે રાજકારણીઓ ફટાફટ નિતનવા વેશ ધારણ કરી રહ્યાં છે. સામાન્ય રીતે રાજકારણીઓ ચૂંટણીઓમાં ગરીબ મતદારોને રીઝવવા માટેના વેશ જ ધારણ કરતા હોય છે કેમ કે આ દેશમાં ગરીબોની સંખ્યા વધારે છે અને ગરીબોને નાના નાના ટુકડા ફેંકીને ઝડપથી ખરીદી શકાય છે એવી રાજકારણીઓની માનસિકતા છે.

આ માનસિકતાના કારણે દિલ્હીમાં પણ ગરીબો પર રાજકારણીઓ બરાબર વરસી રહ્યા છે. ગરીબ પરિવારોને મફત અનાજ, ગરીબ મહિલાઓને મહિને આટલા રૂપિયા, ગરીબ વિદ્યાર્થીઓને મફત આ ને પેલું એવી નિતનવાં વચનોની લહાણી થઈ રહી છે ત્યારે આમ આદમી પાર્ટીના સર્વેસર્વા અરવિંદ કેજરીવાલ અચાનક નવો વેશ ધારણ કરીને પ્રગટ થયા છે.

અરવિંદ કેજરીવાલને અચાનક જ મધ્યમ વર્ગ પર હેત ઊભરાયું છે તેથી તેમણે મધ્યમ વર્ગ માટેનો મેનિફેસ્ટો બહાર પાડી દીધો. કેજરીવાલના કહેવા પ્રમાણે, આ દેશનો મધ્યમ વર્ગ ટેક્સ ટેરરિઝમનો શિકાર બન્યો છે અને મધ્યમ વર્ગ સરકારનું એટીએમ બની ગયો છે. કેન્દ્રમાં આવેલી સરકારોએ ડરાવી-ધમકાવીને મધ્યમ વર્ગને કાબૂમાં રાખ્યો છે અને એ લોકો મધ્યમ વર્ગ માટે કંઈ કરતા નથી. કેજરીવાલના કહેવા પ્રમાણે, સરકારને તેમની જરૂર પડે છે ત્યારે સરકાર ટેક્સના હથિયારનો ઉપયોગ કરીને તેમને ખંખેરે છે ને બદલામાં મધ્યમ વર્ગને કશું જ નથી મળતું.

કેજરીવાલે એલાન કર્યું છે કે, હું અને આમ આદમી પાર્ટી મધ્યમ વર્ગનો અવાજ શેરીઓથી લઈને સંસદ સુધી ઉઠાવીશું અને બજેટ સત્રમાં અમારા સાંસદો મધ્યમ વર્ગની માંગણી કરશે. મધ્યમ વર્ગ માટે કેજરીવાલે સાત માંગણીઓ પણ મૂકી છે ને તેના પર પણ નજર નાંખી લઈએ, કેજરીવાલના કહેવા પ્રમાણે, શિક્ષણ બજેટ બે ટકાથી વધારીને ૧૦ ટકા કરવું જોઈએ અને ખાનગી શાળાઓમાં ફી પર નિયંત્રણ રાખવું જોઈએ. ઉચ્ચ શિક્ષણ માટે સબસિડી અને શિષ્યવૃત્તિ આપવી જોઈએ.

કેજરીવાલે એવી માગણી પણ કરી છે કે, આરોગ્ય બજેટ વધારીને ૧૦ ટકા કરવું જોઈએ અને જીવન વીમા પરનો કર નાબૂદ કરવો જોઈએ. આવકવેરા મુક્તિની મર્યાદા ૭ લાખ રૂપિયાથી વધારીને ૧૦ લાખ રૂપિયા કરવી જોઈએ અને આવશ્યક ચીજવસ્તુઓ પરથી જીએસટી દૂર કરવો જોઈએ. વૃદ્ધો માટે સારી નિવૃત્તિ અને પેન્શન યોજના હોવી જોઈએ. વૃદ્ધોને ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં મફત સારવાર મળવી જોઈએ. વરિષ્ઠ નાગરિકોને રેલ મુસાફરી પર ૫૦ ટકા ડિસ્કાઉન્ટ મળવું જોઈએ.

કેજરીવાલના કહેવા પ્રમાણે, મધ્યમ વર્ગ આપણો દેશ ચલાવે છે અને સારી નોકરી કે ધંધો, પોતાનું ઘર, સારું ભણતર, સ્વસ્થ કુટુંબ જેવાં તેમનાં સપનાં હોય છે. સામાન્ય મધ્યમ વર્ગનો માણસ આ સપનાંને સાકાર કરવા માટે દિવસ-રાત મહેનત કરે છે પણ મોટાભાગની સરકારો ન સારી શાળાઓ બનાવી શકી કે હૉસ્પિટલો બનાવી શકી. આપણી સરકારો રોજગાર પણ આપી શકતો નથી ને બીજી તરફ મધ્યમ વર્ગ પર ટેક્સ પર ટેક્સ લાદવામાં આવે છે. દુનિયાના કોઈ દેશમાં મધ્યમ વર્ગને આટલો પરેશાન નહીં કરાતો હોય.

કેજરીવાલની વાત સો ટકા સાચી છે પણ કેજરીવાલના ઈરાદા સારા નથી. કેજરીવાલની આમ આદમી પાર્ટી દિલ્હીમાં સળંગ ૧૦ વર્ષથી સરકાર ચલાવે છે પણ અત્યાર સુધી કદી તેમણે મધ્યમ વર્ગની ચિંતા કરી નથી. હવે અચાનક તેમને મધ્યમ વર્ગ પર આટલું બધું હેત ઊભરાઈ આવ્યું. તેમના હિતોની આટલી ચિંતા થઈ આવી તેનું કારણ દિલ્હીની ચૂંટણી છે. દિલ્હીમાં ફરી સત્તા કબજે કરવા માટે એ મધ્યમ વર્ગ પર ઓળઘોળ થઈ રહ્યા છે અને મધ્યમ વર્ગના હિતેચ્છુ હોય એવો ડોળ કરી રહ્યા છે. એક જમાનામાં ભાજપના નેતા પણ આવો ડોળ કરતા હતા.

ભાજપ સત્તામાં નહોતો ત્યારે મધ્યમ વર્ગને રીઝવવા માટે આવકવેરા મુક્તિ મર્યાદા વધારીને ૫ લાખ રૂપિયા કરવાનું વચન આપતો હતો. ભાજપે ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં પણ સત્તાવાર રીતે પોતાના ચૂંટણી ઢંઢેરામાં આવકવેરા મુક્તિ મર્યાદા વધારીને ૫ લાખ રૂપિયા કરવાનું વચન આપેલું પણ સત્તા મળતાં જ ભાજપ આખી વાત જ ભૂલી ગયો.

ભાજપના નેતા પેટ્રોલ-ડીઝલના ભાવ વધે તેમાં કકળાટ કરી મૂકતા ને ભાજપની ચમચાગીરી કરી કરીને માલદાર થયેલા બાબા રામદેવ તો પાંત્રીસ રૂપિયે લિટર પેટ્રોલ આપવાની વાતો કરતા હતા. ભાજપના નેતા બીજું શું શું કહેતા હતા એ મોદી સાહેબના જૂના વીડિયો જોશો તો ખબર પડી જશે ને થોડીક પણ બુદ્ધિ હશે તો આ દેશના મધ્યમ વર્ગને સિસ્ટેમેટિકલી જાળમાં ફસાવીને કઈ રીતે છેતરવામાં આવ્યો તેનો અહેસાસ પણ થશે. ભાજપના નેતા હવે એ બધી વાતો કરી શકે તેમ નથી એટલે હિંદુ વર્સિસ મુસ્લિમ કરીને દુકાન ચલાવવા મથે છે તેથી કેજરીવાલે મધ્યમ વર્ગનો ઝંડો લીધો છે.

હવે કેજરીવાલની વાતોમાં આવવું કે નહીં એ દિલ્હીની પ્રજાએ નક્કી કરવાનું છે પણ કેજરીવાલની એક વાત સાચી છે કે, આ દેશનો મધ્યમ વર્ગ ટેક્સ ટેરરિઝમનો ભોગ બન્યો છે. આ દેશમાં મધ્યમ વર્ગ કંઈ પણ કરે, તેના પર તેણે ટેક્સ ભરવો પડે છે. વધારે આઘાતજનક વાત એ છે કે, આપણે બધા મલ્ટિ લેવલ ટેક્સનો શિકાર છીએ.

કમાણી કરીએ તો તેના પર ઈન્કમટેક્સ ભરવો પડે ને ટેક્સ કપાયા પછીની આવકમાંથી કોઈ વસ્તુ ખરીદો તો તેના પર જીએસટી ભરવો પડે. તમે મોબાઈલ કોલ સર્વિસ વાપરો તો તેના પર પણ ટેક્સ ભરવો પડે ને ખાવા માટે પિઝા મંગાવો પડે તો તેના પર પણ ટેક્સ ભરવો પડે. બીમારી આવી પડે ત્યારે તકલીફ ના પડે એટલે મેડિક્લેઈમ લો તો તેના પર પણ ટેક્સ ભરવો પડે ને મર્યા પછી પરિવારને થોડાક રૂપિયા મળે એ માટે બચત કરીને લાઈફ ઈન્સ્યોરન્સ લો તો પણ ટેક્સ ભરવો પડે.

અને આ બધી ટેક્સની કમાણી શામાં વપરાય ?

આ દેશનાં ૮૦ કરોડ ગરીબ લોકોને મફત અનાજ, તેલ, ખાંડ, મીઠું વગેરે આપવામાં વપરાય. મધ્યમ વર્ગ મજૂરી કરે ને ગરીબો મફતના રોટલા તોડે. બેશરમીની હદ પાછી એ છે કે સત્તામાં બેઠેલા લોકો ૮૦ કરોડ ગરીબોને મફત અનાજ આપવા માટે ગર્વ અનુભવે.

કમનસીબે આ દેશના મધ્યમ વર્ગને આ બધું સમજાતું નથી. તેમને રાહુલ ગાંધી વિદેશ કેમ જાય છે તેમાં રસ છે ને સંભલમાં જામા મસ્જિદની નીચે શું મળ્યું તેમાં રસ છે. રૂપિયો ડોલર સામે ગબડીને ૮૭ રૂપિયા પર આવી ગયો તોય આપણે વિશ્વગુરુ છીએ એવા જૂઠાણાંમાં રસ છે.

તો ભોગવો, બીજું શું.

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

(સૌર હેમંતઋતુ પ્રારંભ), શુક્રવાર, તા. ૨૪-૧-૨૦૨૫, વિંછુડો,
- ભારતીય દિનાંક ૪, માહે માઘ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, પૌષ વદ – ૧૦
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે પૌષ, તિથિ વદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૧૩મો તીર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૩મો તીર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૯મો આદર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૩મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૫મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
- નક્ષત્ર અનુરાધા મધ્યરાત્રિ પછી ૩૧-૦૭ સુધી, પછી જયેષ્ઠા.
- ચંદ્ર વૃશ્ચિકમાં.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૬, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૫, અમદાવાદ ક. ૧ ૮ મિ. ૨૦, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ રાત્રે ક. ૨૧-૧૦
- ઓટઃ બપોરે ક. ૧૩-૩૫, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૪૭ (તા. ૨૫)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, પૌષ કૃષ્ણ – દસમી. વિંછુડો, બુધ મકરમાં સાંજે ક. ૧૭-૪૦, ભદ્રા સમાપ્તિ રાત્રે ક. ૧૯-૨૫.
- શુભાશુભ દ્નિશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, વાસ્તુ કળશ. શ્રી વિષ્ણુ લક્ષ્મી પૂજા, અગ્નિદેવતાનું પૂજન, શનિ દેવતાનું પૂજન, મિત્રતા કરવી, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, નાગકેસરના ઔષધીય પ્રયોગો, મુંડન કરાવવું નહીં. પ્રયાણ શુભ, નવાં વસ્ત્રો, આભૂષણ, મહેંદી લગાવવી, નવા વાસણ, વાહન, યંત્ર, દસ્તાવેજ, પશુ લે-વેંચ, દુકાન સ્થાવર લેવડદેવડ, ધાન્ય ભરવું. બી વાવવું, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, શાંતિ પૌષ્ટિક સર્વશાંતિ પૂજા, પ્રાણી પાળવા.
- આચમનઃ ચંદ્ર઼઼રાહુ ત્રિકોણ સાહસિક વલણ
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર઼઼રાહુ ત્રિકોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય-મકર. વક્રી મંગળ-મિથુન, બુધ-મકર, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- કુંભ, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

**હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળો :** અમદાવાદમાં 'હિંદુ આધ્યાત્મિક અને સેવા મેળો'ના ઉદ્‌ઘાટન વખતે કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહ ગુજરાતના મુખ્ય પ્રધાન ભુપેન્દ્ર પટેલ અને આરએસએસના નેતા ભૈયાજી જોશી સાથે. (પીટીઆઈ)







# રાજસ્થાનના કેટલાક ભાગોમાં વરસાદ

જયપુરઃ રાજસ્થાનમાં ફરી એકવાર હવામાન બદલાઇ રહ્યું છે. રાજ્યના કેટલાક ભાગોમાં નવી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે રાતભર હળવાથી મધ્યમ વરસાદ પડ્યો હતો.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગુરુવાર સવાર સુધીના ૨૪ કલાકમાં રાજ્યમાં ઘણી જગ્યાએ હળવોથી મધ્યમ વરસાદ પડ્યો હતો. ભરતપુરમાં ૨.૦ મિમી વરસાદ પડ્યો હતો, જ્યારે ટોડા ભીમ અને બયાનામાં ૧ મિમી વરસાદ નોંધાયો હતો. ગુરુવારે સવારે રાજ્યમાં લઘુતમ તાપમાન ફતેહપુરમાં ૫.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ચુરુમાં લઘુતમ તાપમાન ૭.૪ ડિગ્રી સેલ્સિયસ, પિલાનીમાં ૮.૦ ડિગ્રી સેલ્સિયસ, સંગરિયામાં ૮.૧ ડિગ્રી સેલ્સિયસ, જેસલમેરમાં ૮.૬ ડિગ્રી સેલ્સિયસ અને સિરોહીમાં ૮.૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. રાજ્યના પાટનગર જયપુરમાં મહત્તમ અને લઘુતમ તાપમાન અનુક્રમે ૨૪.૦ અને ૧૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

# કેજરીવાલે બાંગ્લાદેશીઓ-રોહિંગ્યાઓને દિલ્હીમાં વસાવવાનું કામ કર્યુંઃ યોગી આદિત્યનાથ

નવી દિલ્હીઃ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે ગુરુવારે આમ આદમી પાર્ટી પર નિશાન સાધતા કહ્યું હતું કે આપની સરકારે દિલ્હીને 'કચરાના ઢગલા'માં ફેરવી દીધી છે. યોગી આદિત્યનાથે કિરાડી વિધાનસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર બજરંગ શુક્લાના સમર્થનમાં એક જનસભાને સંબોધિત કરી હતી. દરમિયાન તેમણે ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભનો ઉલ્લેખ કરીને આમ આદમી પાર્ટી અને અરવિંદ કેજરીવાલ પર નિશાન સાધ્યું હતું

યોગી આદિત્યનાથે કહ્યું હતું કે દિલ્હીમાં આજે લોકોને પાયાની સુવિધાઓ મળી રહી નથી જ્યારે ગેરકાયદેસર રહેતા બાંગ્લાદેશીઓ અને રોહિંગ્યાઓને શહેરના ઓખલા વિસ્તારમાં સ્થાયી થવામાં મદદ કરવામાં આવી રહી છે. આદિત્યનાથે આરોપ લગાવ્યો હતો કે આપ કન્વિનર અરવિંદ કેજરીવાલે યમુનાને 'ગંદા નાળા'માં ફેરવી 'પાપ' કર્યું છે.

તેમણે કહ્યું હતું કે ''ગઈકાલે મેં અને મારા તમામ મંત્રીઓએ પ્રયાગરાજના સંગમમાં પવિત્ર સ્નાન કર્યું જ્યાં મહાકુંભ ચાલી રહ્યો છે. હું કેજરીવાલને પૂછવા માગું છું કે શું તેઓ તેમના મંત્રીઓ સાથે દિલ્હીમાં યમુનામાં સ્નાન કરી શકે છે. જો તેમની પાસે કોઈ નૈતિક હિંમત હોય તો તેમણે જવાબ આપવો જોઈએ.

તેમણે રાષ્ટ્રીય રાજધાનીમાં રસ્તાઓની ખરાબ સ્થિતિ, અસ્વચ્છતા, પીવાના પાણીની સમસ્યાઓ અને ગટર ઓવરફ્લોનો આરોપ લગાવતા આપની ટીકા કરી હતી. યોગીએ વધુમાં દાવો કર્યો કે યુપીમાં નોઈડા-ગાઝિયાબાદના રસ્તાઓ દિલ્હી કરતાં ઘણા સારા છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે 'આપ' સરકાર ગ્રાહકો પાસેથી ત્રણ ગણા વધુ વીજળીના દર વસૂલી રહી છે પરંતુ તેઓ ચોવીસ કલાક વીજળી પુરવઠો સુનિશ્ચિત કરવામાં અસમર્થ છે.

# છત્તીસગઢમાં ૫૦ કિલો આઇઇડી જપ્ત

બીજાપુરઃ છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં પોલીસને મોટી સફળતા મળી હતી. પોલીસે જણાવ્યું હતું કે સુરક્ષા દળોએ ગુરુવારે છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં નક્સલીઓ દ્વારા લગાવવામાં આવેલા ૫૦ કિલોગ્રામના શક્તિશાળી ઇમ્પ્રોવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઇસ (આઇઇડી) જપ્ત કર્યો હતો. એક અધિકારીએ જણાવ્યું હતું કે, બાસાગુડા-આવાપલ્લી રોડ પર તિમાપુર દુર્ગા મંદિર નજીક એક પુલ નીચે રિમોટ-કંટ્રોલથી રાખવામાં આવેલા આઇઇડીની શોધ સીઆરપીએફની ૧૬૮મી બટાલિયનના બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ (બીડીએસ)એ કરી હતી. આ બટાલિયન લેન્ડમાઇન્સને હટાવવાનો અભ્યાસ કરી રહ્યા હતા.

તેમણે કહ્યું હતું કે નક્સલીઓએ આઇઇડી માટે જગ્યા કરવા માટે કેટલાક પથ્થરો અને સિમેન્ટ હટાવ્યા હતા જેને બાદમાં પત્થરોથી ઢાંકવામાં આવ્યા હતા. પોલીસ અધિકારીએ કહ્યું કે પરંતુ મેટલ ડિટેક્ટરે તે શોધી કાઢ્યું હતું. તેમણે કહ્યું હતું કે બીડીએસએ અગાઉ તેને સુરક્ષિત રીતે હટાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આઇઇડી સપાટીની નીચે લગાવવામાં આવ્યો હતો જેથી તેને નિયંત્રિત વિસ્ફોટ મારફતે ડિએક્ટિવેટ કરવામાં આવ્યો હતો.

# માઉન્ટ એવરેસ્ટ ચઢવાની ફી વધીને ૧૫,૦૦૦ અમેરિકન ડૉલર થઇ

કાઠમંડુઃ નેપાળે માઉન્ટ એવરેસ્ટ ચઢવા માટે પરમિટ ફીમાં ૩૬ ટકાનો જંગી વધારો કર્યો છે. તેમજ વિશ્વના સૌથી ઊંચા શિખર પર કચરાના પ્રદૂષણને નિયંત્રિત કરવાના હેતુથી કેટલાંક પગલાં લેવાની શરૂઆત કરી છે. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

સુધારેલા પર્વતારોહણ નિયમો હેઠળ વસંત ઋતુ(માર્ચ-મે)માં સામાન્ય દક્ષિણ માર્ગ દ્વારા એવરેસ્ટ પર ચઢાણ કરનારા વિદેશીઓ માટે રોયલ્ટી ફી હાલના ૧૧,૦૦૦ ડૉલર પ્રતિ વ્યક્તિથી વધારીને ૧૫,૦૦૦ અમેરિકન ડૉલર કરવામાં આવી છે. પ્રવાસન બોર્ડના ડિરેક્ટર આરતી નેઉપાના જણાવ્યા અનુસાર શરદ ઋતુ (સપ્ટેમ્બર-નવેમ્બર) માટે ચઢાણ ફી ૫,૫૦૦ અમેરિકન ડૉલરથી વધીને ૭,૫૦૦ અમેરિકન ડૉલર થઇ ગઇ છે. તો વળી શિયાળા (ડિસેમ્બર-ફેબ્રુઆરી) અને ચોમાસા(જૂન-ઓગસ્ટ) માટે પ્રતિ વ્યક્તિ પરમિટ ફી ૨,૭૫૦ અમેરિકન ડૉલરથી વધીને ૩,૭૫૦ થઇ ગઇ છે. આ અંગે કેબિનેટનો નિર્ણય લેવાઇ ચૂક્યો છે, જો કે સત્તાવાર જાહેરાત થવાની બાકી છે. તેમણે વધુમાં જણાવ્યું કે ૮૮૪૮.૮૬ મીટર ઊંચા શિખર પર ચઢવા માટેની નવી ફી ૧ સપ્ટેમ્બર, ૨૦૨૫થી લાગુ થશે. નેપાળ ગેઝેટમાં પ્રકાશિત થયા બાદ મંત્રીમંડળ દ્વારા મંજૂર કરાયેલા સુધારેલા નિયમો અમલમાં આવશે. જો કે એવરેસ્ટ ચઢવા માગતા નેપાળી પર્વતારોહકો માટે રોયલ્ટી શરદ ઋતુ માટે વર્તમાન ૭૫,૦૦૦થી બમણી કરીને રૂ. ૧૫૦,૦૦૦ કરવામાં આવશે એમ તેમણે જણાવ્યું હતું. પર્યટન મંત્રાલયના સંયુક્ત સચિવ ઇન્દુ ઘિમિરે જણાવ્યું કે સુધારેલા નિયમો હેઠળ આગામી વસંત ઋતુથી એવરેસ્ટ પર્વતારોહકોએ કચરાના યોગ્ય નિકાલ માટે તેને બેઝ કેમ્પમાં પાછો લાવવો પડશે. પર્વતારોહકોએ ઉપરના વિસ્તારોમાં કચરો એકઠો કરવા માટે બાયોડિગ્રેડેબલ બેગ સાથે રાખવી પડશે.



**કાળું નાણું :**
ગુરુવારે પશ્ચિમ ચંપારણ જિલ્લામાં આવેલા બેતિયામાં જિલ્લાના શિક્ષણ અધિકારી પર વિજિલન્સ અધિકારીઓએ પાડેલા દરોડા દરમિયાન મળેલાં અઢળક નાણાં. (પીટીઆઈ)

# બિહારમાં ડીઇઓના ઘર પર વિજિલન્સના દરોડા, કરોડો રૂપિયા રોકડા જપ્ત

બેતિયા (બિહાર) : બિહારના સ્પેશિયલ વિજિલન્સ યુનિટ (એસવીયુ) એ ગુરુવારે આવક કરતાં વધુ સંપત્તિ એકઠી કરવાના આરોપને લઇને પશ્ચિમ ચંપારણ જિલ્લા દુર્ઘટનામાં મરણાંક ૧૩ પર પહોંચ્યો છે અને આમાંથી આઠ મૃતદેહની ઓળખ થઇ છે. શિક્ષણ અધિકારી (ડીઇઓ) રજનીકાંત પ્રવીણ સાથે જોડાયેલા પરિસરમાં દરોડા પાડવામાં આવ્યા હતા. એસયુવીની ટીમ પ્રવીણ સાથે સંબંધિત બેતિયા, દરભંગા, મધુબની, મુઝફ્ફરપુર અને પટનામાં તપાસ હાથ ધરવામાં આવી હતી.

એસવીયુ સૂત્રોએ જણાવ્યું હતું કે, બેતિયા (પશ્ચિમ ચંપારણનું જિલ્લા મુખ્યાલય)માં તેના પરિસરમાંથી મોટી રોકડ રકમ જપ્ત કરવામાં આવી હતી. અધિકારીના ઘરમાંથી એટલી બધી રોકડ મળી આવી હતી કે તપાસ અધિકારીઓએ રોકડ ગણવા માટે મશીન મંગાવવું પડ્યું હતું. જોકે તપાસ અધિકારીઓ બેતિયામાં ડીઇઓના પરિસરમાંથી કેટલા રૂપિયા મળ્યા તે અંગે મૌન જાળવ્યું હતું, પરંતુ સૂત્રોએ દાવો કર્યો હતો કે આ ૧.૫ કરોડ રૂપિયાથી વધુ હોઈ શકે છે. સબ-ડિવિઝનલ પોલીસ અધિકારી વિવેક દીપએ જણાવ્યું હતું કે, એસવીયુના અધિકારીઓએ ઘણા કલાકો સુધી બેતિયામાં પ્રવીણના નિવાસસ્થાને તપાસ કરી હતી. આ કામગીરીમાં મદદ કરવા માટે પૂરતા પ્રમાણમાં પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું છે. પ્રવીણ બેતિયા, દરભંગા અને મધુબનીમાં ડીઈઓના રૂપમાં ફરજ બજાવી ચૂક્યા છે. તેમની વિરુદ્ધ કથિત રીતે આવક કરતાં વધુ સંપત્તિ એકઠી કરવાના આરોપમાં તપાસ ચાલી રહી છે.

# ગુજરાતમાં છેલ્લા એક દાયકામાં એફડીઆઈમાં ૫૩૩ ટકાનો વધારો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત ઔદ્યોગિક અને આર્થિક વિકાસના મોડેલ તરીકે ઊભર્યું છે. મજબૂત નીતિગત માળખું, વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વૈશ્વિક રોકાણોને આકર્ષવા માટેની વ્યૂહરચના સાથે ગુજરાતે વિદેશી પ્રત્યક્ષ રોકાણ (એફડીઆઈ) પ્રવાહમાં સતત નવા માપદંડો સ્થાપિત કર્યા છે. છેલ્લા દાયકામાં ગુજરાતના એફડીઆઈમાં ૫૩૩ ટકાનો વધારો નોંધાયો છે.

તાજેતરમાં ડિસેમ્બર ૨૦૨૪માં ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ટરનલ ટ્રેડ દ્વારા બહાર પાડવામાં આવેલા એક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, એપ્રિલ ૨૦૦૦થી સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી ગુજરાતે પ્રાપ્ત કરેલા કુલ એફડીઆઈ ઇક્વિટી ઇન્ફ્લોના ૮૬ ટકા છેલ્લા એક દાયકામાં એટલે કે એપ્રિલ ૨૦૧૪થી સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં નોંધાયા છે.

ગુજરાતે એપ્રિલ ૨૦૦૦થી માર્ચ ૨૦૧૪ સુધી માત્ર ૯.૫૧ અબજ ડોલર જેટલો એફડીઆઈ ઇક્વિટી ઇન્ફ્લો પ્રાપ્ત કર્યો હતો. તો એપ્રિલ ૨૦૧૪થી સપ્ટેમ્બર ૨૦૨૪ દરમ્યાન ગુજરાતે હરણફાળ ભરતાં ૫૭.૬૫ અબજ ડોલરનો એફડીઆઈ ઇક્વિટી ઇન્ફ્લો પ્રાપ્ત કર્યો હતો, જે પાછલા ૨૪ વર્ષોમાં ગુજરાતે મેળવેલા ૬૭.૧૬ અબજ ડોલર એફડીઆઈ ઇક્વિટી ઇન્ફ્લોના ૮૬ ટકા છે.

ડીપીઆઈઆઈટીના રિપોર્ટ મુજબ, નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પહેલા છ માસમાં ગુજરાતમાં વિદેશી પ્રત્યક્ષ રોકાણના પ્રવાહમાં જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં એફડીઆઈ ઇક્વિટી ઇન્ફ્લો ૨.૨૯ અબજ ડોલર હતો, જે નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૭૨.૫ ટકા વધીને ૩.૯૫ અબજ ડોલર થયો હતો.

આ જ સમયગાળામાં રાષ્ટ્રીય સ્તરે પણ એફડીઆઈ ઇક્વિટી ઇન્ફ્લો ૨૦.૪૯ અબજ ડોલરથી વધીને ૨૯.૭૯ અબજ ડોલર થયો છે, જે ૪૫.૪%ની વૃદ્ધિ દર્શાવે છે. આ સૂચવે છે કે, ગુજરાતે રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઘણો વધારે ઇક્વિટી ઇન્ફ્લો પ્રાપ્ત કરીને રાજ્યને રોકાણ માટે મુખ્ય સ્થળ તરીકે સ્થાપિત કર્યું છે. એપ્રિલ ૨૦૦૦થી સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં ભારતમાં કુલ વિદેશી પ્રત્યક્ષ રોકાણનો પ્રવાહ ૧.૦૩ ટ્રિલ્યન ડોલર સુધી પહોંચ્યો છે, જે દેશનો આર્થિક વિકાસ અને વૈશ્વિક રોકાણકારોનો ભારતમાં વધી રહેલો વિશ્વાસ સૂચવે છે. જો આપણે આ આંકડામાં એફડીઆઈ ઇક્વિટી ઇન્ફ્લોને સમજીએ, તો છેલ્લા ૨૪ વર્ષમાં ભારતમાં ૭૦૮.૬૫ અબજ ડોલરનો એફડીઆઈ ઇક્વિટી ઇન્ફ્લો આવ્યો હતો. ■

# ગુજરાતમાં દીકરીઓના જન્મદરમાં વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પંચાયતથી લઈને પાર્લામેન્ટ અને આંગણવાડીથી લઈને અવકાશ સુધીના દરેક ક્ષેત્રમાં મહિલાઓએ આજે પોતાનું વર્ચસ્વ સાબિત કર્યું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારે મહિલાઓમાં રહેલા સામર્થ્ય અને શક્તિને ખૂબ સારી રીતે ઓળખીને દેશમાં દીકરીઓનો જન્મદર વધારવા અને તેમને યોગ્ય શિક્ષણ આપી પગભર બનાવવાના ઉદ્દેશથી 'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાન શરૂ કર્યું છે, જેનાં પરિણામે દીકરી જન્મદર ૮૯૦ થી વધીને ૯૫૫ થયો હતો.

કેન્દ્ર સરકાર તથા ગુજરાત સરકારના દીકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા કરવામાં આવેલા અનેક નવીન પહેલના પરિણામે રાજ્યમાં કન્યાઓના નામાંકન દરમાં વધારો તથા ડ્રોપ આઉટ રેશિયોમાં ઘટાડો થયો છે. સરકારના અવીરત પ્રયત્નો થકી છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાતમાં દીકરીઓના નામાંકન દરમાં ૩૩ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે. કન્યાઓનો નામાંકન દર વર્ષ ૨૦૦૨-૦૩માં ૬૬.૮૩ ટકા હતો, જે વધીને વર્ષ ૨૦૨૨-૨૩માં ૯૯.૮૧ ટકા થયો છે.

ગુજરાત સરકાર દીકરીઓના શિક્ષણ અને વિકાસને પ્રોત્સાહન આપવા સતત પ્રયત્નશીલ છે. મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા કન્યાઓના શિક્ષણનું મહત્ત્વને સમજી 'ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવર્મેન્ટ ઓફ વિમેન' યોજના દ્વારા ડ્રોપ આઉટ કરેલી દીકરીઓનાં કાઉન્સેલીંગ કરી તેમને પડતી સમસ્યાઓ દૂર કરી તેમને ફરીથી શાળાએ આવવા માટે પ્રેરિત કરવામાં આવે છે. દેશભરમાં દીકરીઓના મૃત્યુદર ઘટાડવા તથા તેમના શિક્ષણ, આરોગ્ય અને સમાનતા અંગે જાગૃતિ લાવવાના ઉદ્દેશ્યથી સમગ્ર દેશમાં વર્ષ ૨૦૦૮થી ૨૪ જાન્યુઆરીના દિવસને 'રાષ્ટ્રીય બાલિકા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. ભારત સરકાર દ્વારા બાલિકાઓના અધિકારો, શિક્ષણ અને તેમને સમાજમાં વધુ મહત્ત્વપૂર્ણ સ્થાન-પ્રોત્સાહન મળે તેવા હેતુથી આ દિવસ ઉજવાય છે. આ દિવસ માત્ર એક વાર્ષિક ઉજવણી નથી, પરંતુ આનો મુખ્ય હેતુ બાલિકાઓના સશક્તીકરણ અને તેમના ભવિષ્યને વધુ ઉજ્જ્વળ બનાવવાના પ્રયાસોને આગળ વધારવાનો છે. જેન્ડર સ્પેશ્યાલીસ્ટ દ્વારા અવાર નવાર બાળકો ઘરની ડોર ટુ ડોર મુલાકાત તેમજ તેમના માતા-પિતાને શિક્ષણનું મહત્ત્વ સમજાવી તેમનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. આ દીકરીઓને સરકારી શાળામાં પુનઃ પ્રવેશ કરવા પ્રેરિત કરવામાં આવી હતી. રાજ્યમાં દીકરીઓના જન્મનું પ્રમાણ વધે, દીકરીના શિક્ષણમાં વધારો થાય તે માટે ગુજરાત સરકાર દ્વારા વ્હાલી દીકરી યોજના અમલમાં મૂકી આ યોજના થકી દીકરીઓને જન્મથી ૧૮ વર્ષ સુધીમાં રૂ. ૪ હજાર થી ૧ લાખ સુધીની સહાય પણ આપવામાં આવે છે. ■

# ગેરકાયદેસર રીતે આયુષ્યમાન કાર્ડ કાઢવાના કૌભાંડમાં પકડાયેલા બે આરોપીઓના જામીન હાઈ કોર્ટે ફગાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલના કૌભાંડ બાદ રાજ્ય સરકાર એક્શનમાં આવી હતી અને ગેરકાયદે આયુષ્યમાન કાઢવાના કૌભાંડના મુદ્દે કાર્યવાહી કરી હતી. આ પ્રકારના એક કૌભાંડમાં પકડાયેલા પીએમજેએવાય યોજનાના આરોગ્ય વિભાગના તબીબી અધિકારી ડો. શૈલેષ આનંદ અને અન્ય ડોક્યુમેન્ટ્સ અપલોડ કરનાર કારીગર ઇમરાન જાબીરહુસૈનની જામીન અરજી ગુજરાત હાઇ કોર્ટે ફગાવી દીધી હતી.

આ કેસની સુનાવણી દરમિયાન હાઈ કોર્ટના જસ્ટિસ એમ.આર. મેંગડેએ કૌભાંડની ગંભીરતા ધ્યાને લઇ બંને આરોપીઓને જામીન આપવાનો સાફ ઇન્કાર કરી દીધો હતો.

જામીન અરજીનો વિરોધ કરતાં સરકારી વકીલે રજૂઆત કરી હતી કે, ડો. શૈલેષ આનંદની ખ્યાતિકાંડ બાદ બીજા દિવસે ખેડા જિલ્લાના વસોના સીએચસી સેન્ટરમાં બદલી થઈ હતી. જ્યારે મિલાપ પટેલ ગાંધીનગરની પીએમજેએવાય ઓફિસમાં કોન્ટ્રાક્ટ પર પ્રોજેક્ટ ઓપરેટર તરીકે કામ કરતો હતો. અને નિખિલ પારેખ એન્સર કંપનીના ગુજરાતના હેડ તરીકે કામ કરતો હતો.

આરોપીઓનું આયુષ્યમાન ભારત વોટ્સએપ ગ્રૂપ ચાલતું હતું. તેના મારફતે મિલાપ અને ડો. શૈલેષ આનંદ તેમના સંપર્કમાં આવ્યા હતા. ડો. શૈલેષ આનંદની સૂચનાથી જ મિલાપ પટેલ તે ગ્રૂપમાં જોડાયો હતો. બાદમાં મિલાપ પટેલ અને શૈલેષ આનંદ સાથે મળીને આયુષ્યમાન કાર્ડના એપ્રુવલ આપતા હતા. છેલ્લા એક વર્ષથી બંને જણાં કમીશન લઇ બારોબાર એપ્રુવલ આપી દેતા હતા. આયુષ્માન કાર્ડના રેફરન્સ નંબરને વેરીફાઇ કરવાનું કામ એન્સર કંપનીના ગુજરાત હેડ નિખિલ પારેખનું હતું.

સરકારી વકીલે કોર્ટમાં કહ્યું હતું કે, નિખિલ તેના માસ્ટર આઈડી અન્ય લોકોને આપી રૂપિયા મેળવી લેતો હતો. ડો. શૈલેષ આનંદ મિલાપને એક કાર્ડ દીઠ રૂ. ૫૦૦ કમીશન આપતો હતો તેમજ નિખીલે મિલાપને માસ્ટર આઇડી અને પાસવર્ડ આપ્યું હતું. આરોપીએ સરકારી અધિકારી હોવા છતાં પોતાની ફરજ અને સત્તાનો દૂરપયોગ કરી માત્ર પૈસાની લાલચમાં ગંભીર ગુનો આચર્યો અને અન્ય આરોપીઓને પણ ગુનામાં મદદગારી કરી હતી. ઉપરાંત આરોપી ઇમરાન જાબીરહુસૈન કારીગર પણ ખોટી રીતે દસ્તાવેજો અપલોડ કરી ગુનામાં મદદગારી કરવામાં પકડાયો હતો. સરકાર પક્ષની દલીલોને ગ્રાહ્ય રાખી હાઇ કોર્ટે બંને આરોપીઓના જામીન ફગાવ્યા હતા. ■

૧૫મા રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી

# ઉત્તમ કામગીરી કરનારા ચૂંટણી તંત્રના અધિકારીઓને પુરસ્કાર અપાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પચીસમી જાન્યુઆરીએ ગાંધીનગર સ્થિત ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ખાતે ૧૫મા રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં આયોજીત આ ઉજવણીમાં ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારનો સંદેશ પણ પ્રસારિત કરવામાં આવશે.

આ પ્રસંગે મહાનુભાવો દ્વારા ઉત્તમ કામગીરી કરનાર જિલ્લા ચૂંટણી તંત્રના અધિકારીઓને પુરસ્કાર આપવામાં આવશે. યુથ વોટર ફેસ્ટિવલ-૨૦૨૪ની વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા થયેલા મતદારોને પણ પુરસ્કૃત કરવામાં આવશે. રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણીના ભાગરૂપે શાંતિપૂર્ણ અને નૈતિક મતદાનના માધ્યમથી લોકતાંત્રિક મૂલ્યોને જાળવી રાખવા રાજ્યના ચૂંટણી તંત્ર દ્વારા મતદાર શપથ ગ્રહણ કરાવવામાં આવશે.

ભારતના ચૂંટણી પંચ દ્વારા સતત ૧૫મા વર્ષે થનાર રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી નથિંગ લાઈક વોટિંગ, આઈ વોટ ફોર સ્યોરની થીમ પર કરવામાં આવશે. વિશ્વની સૌથી મોટી લોકશાહીના અમૂલ્યાધિકાર તરીકે પ્રાપ્ત થતા મતાધિકાર અંગે જાગૃતિ કેળવાય અને દેશના તમામ પાત્ર નાગરિકો ચૂંટણી પ્રક્રિયામાં સહભાગી થાય તેવા ઉદ્દેશ સાથે રાજ્યકક્ષાએ અને જિલ્લા કક્ષાએ રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવશે.

રાજ્યના તમામ નાગરિકો રાષ્ટ્રીય મતદાતા દિવસની રાજ્યકક્ષાની ઉજવણી સવારે ૧૧.૦૦ કલાકથી મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાતની વેબસાઈટ, ફેસબુક પેજ સીઈઓ ગુજરાત તથા યુટ્યુબ ચેનલ પર નિહાળી શકશે. ■

# પાટણમાં સુથારી કામ કરતા યુવકને જીએસટી વિભાગે ૧.૯૬ કરોડનો ટેક્સ ભરવા નોટિસ મોકલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ટેક્સ ચોરીની અનેક ઘટનાઓ પ્રકાશમાં આવી રહી છે. જીએસટી અને સીજીએસટીની ટીમો દ્વારા રાજ્યમાં સતત દરોડાની કામગીરી ચાલુ છે. એવામાં પાટણમાં સુથારી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા વ્યક્તિને બેંગલૂરુ જીએસટી વિભાગ તરફથી ૧.૯૬ કરોડ રૂપિયાનો ટેક્સ ભરવાની નોટિસ મળતાં સમગ્ર પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

પાટણના સમી તાલુકાના દુદખા ગામના સુનીલ સથવારાને બેંગલૂરુ જીએસટી વિભાગ તરફથી મળેલી નોટિસમાં જણાવાયું હતું કે તેના નામે દેશનાં વિવિધ રાજ્યોમાં ૧૧થી વધુ પેઢીઓ ચલાવવામાં આવી રહી છે, જેમાં કરોડોનું ટર્નઓવર નોંધાયું છે. આ નોટીસ મળ્યા બાદ સુનીલ સથવારા અને તેમના પરિવારજનોએ તપાસ કરતાં માલુમ પડ્યું હતું કે, કોઈ વ્યક્તિએ તેમના નામના બનાવટી દસ્તાવોજોનો ઉપયોગ કરીને ઠગાઈ આચરી છે. જેથી તેઓ પાટણ એસપી કચેરીમાં ફરિયાદ કરવા માટે પહોંચ્યા હતાં. આ ઉપરાંત તેમણે ક્રાઈમ બ્રાંચ અને ગૃહ વિભાગમાં પણ ફરિયાદ નોંધાવી હતી.

તેમણે ફરિયાદ બાદ એવી માગ કરી હતી કે, આ પ્રકારની ઠગાઈ કરનારા સામે પગલાં લેવા જોઈએ અને લોકો તેનો ભોગ ના બને તે માટે પગલાં ભરવા જોઈએ. આ અંગે ભોગ બનનાર યુવકે જણાવ્યું હતું કે, તે અમદાવાદમાં સુથારી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. આટલા રૂપિયા મેં જોયા પણ નથી. મજૂરી કરીને જીવન પસાર કરી રહ્યાં છીએ. અમે વકીલની સલાહ લઇને ગૃહ વિભાગ અને સાયબર ક્રાઇમમાં ફરિયાદ કરી છે, જ્યાંથી અમને આશ્વાસન આપવામાં આવ્યું હતું. ■

# વિશ્વમાં કોઈપણ આયોજન મહાકુંભથી વધુ સદ્‌ભાવ અને એકતાનો સંદેશ નથી આપતુંઃ અમિત શાહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે ગુરુવારે અમદાવાદ ખાતે હિન્દુ આધ્યાત્મિક મેળાને ખુલ્લો મુકતા જણાવ્યું હતું કે, વિશ્વમાં કોઈપણ આયોજન મહાકુંભથી વધુ સદ્‌ભાવ અને એકતાનો સંદેશ નથી આપતું. જ્યાં કોઈપણ વ્યક્તિ ઓળખને ધ્યાનમાં લીધા વિના ગંગામાં ડૂબકી લગાવી શકે છે. પ્રયાગરાજ ખાતે મહાકુંભના આયોજનથી સમગ્ર વિશ્વના લોકો આશ્ચર્યચકિત થઈ ગયાં છે.

ભાજપના સિનિયર નેતાઓએ કહ્યું હતું કે, વિવિધ દેશોના રાજદૂતોએ તેમને આમંત્રણ કાર્ડ માટે વિનંતી કરી હતી. અમિત શાહે કહ્યું હતું કે, આ મહા પ્રસંગ માટે કોઈ ઔપચારિક આમંત્રણ નથી. કારણ કે કરોડો લોકો અહીં ગ્રહોની સ્થિતિ અનુસાર એક ખાસ સમયે એકત્રિત થાય છે. તેમણે કહ્યું હતું કે, કોઈપણ આમંત્રણ વિના ૪૦ કરોડો લોકો અહીં ભેગા થયા છે એનો વિશ્વાસ નથી થતો.

અમિત શાહને સવાલ કરાયો હતો કે, આ સમગ્ર બાબતનું આયોજન કોણ કરે છે. તેના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે, ધાર્મિક આગેવાનો, સંતો અને તેમની સંસ્થાઓ ત્યાં જતાં લોકો માટે જે કરે છે તેની સરખામણીમાં સરકાર જે કરે છે તે ખૂબ નાનું છે.

અમિત શાહે કહ્યું હતું કે, મહા કુંભ સૌહાર્દ અને એકતાનો સંદેશ આપે છે કારણ કે કોઈ પૂછતું નથી કે તમે કયા ધર્મ, સંપ્રદાય અથવા જાતિના છો. તમને કોઈપણ ભેદભાવ વિના ભોજન મળશે અને પવિત્ર સ્નાન કર્યા પછી ઘરે પાછા ફરશો. વિશ્વની બીજી કોઈ ઘટના આનાથી વધુ શક્તિશાળી નથી જે મહાકુંભથી વધુ સંવાદિતા અને એકતાનો સંદેશ આપે. તેમણે ઉમેર્યું હતું કે, આટલી મોટી સંખ્યામાં લોકો ભેગા થવા છતાં કોઈ હોટેલમાં નથી રહેતું. કારણ કે દરેકને ગંગા કિનારે તંબુઓમાં રહેવાની સુવિધાઓ મળે છે.

દેશમાં મુઘલ અને બ્રિટિશ શાસન દરમિયાન તેમજ કૉંગ્રેસની સત્તા દરમિયાન પણ આ વ્યવસ્થા હતી અને યુગોથી ચાલી આવી છે. તેમણે ગુજરાતીઓને ખાસ કરીને યુવા પેઢીને મહાકુંભની મુલાકાત લેવા અંગે કહ્યું હતું કે, તેઓ પોતે ૨૭ જાન્યુઆરીએ ગંગામાં પવિત્ર ડૂબકી લગાવવા મહાકુંભની મુલાકાત લેશે. ■

# ગુજરાતમાં ૨૬મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી તાપી ખાતે યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાષ્ટ્રના ૭૬મા પ્રજાસત્તાક પર્વ-૨૬મી જાન્યુઆરી-૨૦૨૫ની રાજ્યકક્ષાની ઉજવણી તાપી ખાતે થશે. તા.૨૬મી જાન્યુઆરીના રોજ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે તેમજ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ધ્વજ વંદન સમારોહ યોજાશે.

આ ઉપરાંત ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને સાબરકાંઠા ખાતે, વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ આહીરના અધ્યક્ષ સ્થાને પંચમહાલ ખાતે તથા રાજ્ય પ્રધાન મંડળના સભ્યો અને જિલ્લા કલેક્ટરોના અધ્યક્ષ સ્થાને વિવિધ જિલ્લા મથકોએ પણ ધ્વજ વંદન સમારોહ યોજાશે. આ ઉપરાંત સુરેન્દ્રનગર, આણંદ, પોરબંદર, અમરેલી, જૂનાગઢ, કચ્છ, વડોદરા, નર્મદા, મહીસાગર, ડાંગ, પાટણ, દેવભૂમિ દ્વારકા, અરવલ્લી અને મોરબી ખાતે સંબંધિત જિલ્લાના કલેક્ટરના હસ્તે ધ્વજ વંદન સમારોહ યોજાશે. ■

# બીઝેડ કૌભાંડ કેસમાં એક કરોડનું કમિશન લેનારા શિક્ષકની સીઆઈડી ક્રાઈમે ધરપકડ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ૬ હજાર કરોડના માનવામાં આવતા બીઝેડ કૌભાંડમાં મુખ્ય આરોપી ભૂપેન્દ્ર ઝાલાની વધુ એક ઠગાઈ કેસમાં ટ્રાન્સફર વોરંટથી ધરપકડ કરવામાં આવી હતી. ત્યાર બાદ આ કેસમાં સીઆઈડી ક્રાઈમ મેઘરજના ભેમાપુર પ્રાથમિક શાળાના શિક્ષક વી. ડી. પટેલને તપાસ માટે શાળામાંથી ઉઠાવીને ગાંધીનગર પૂછપરછ માટે લઈ ગઈ હતી. આ એજન્ટ શિક્ષકે આ કૌભાંડમાં ૧૩૦૦ લોકો પાસે ૭૦ કરોડ રૂપિયાનું રોકાણ કરાવ્યું હતું અને ૧ કરોડથી વધુ કમિશન મેળવ્યું હતું. પોલીસે શિક્ષકની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

આ કેસમાં સીઆઈડી ક્રાઈમે ઘરજની ભેમાપુર પ્રાથમિક શાળાના શિક્ષક વી. ડી. પટેલને ચાલુ ફરજે શાળામાંથી ઊઠાવી લીધો હતો અને ગાંધીનગર લાવીને તેની પૂછપરછ કરાઈ હતી. તેણે પૂછપરછમાં આ કૌભાંડમાં ૧૩૦૦ લોકો પાસેથી ૭૦ કરોડ રૂપિયાનું રોકાણ કરાવ્યું હતું અને ૧ કરોડ રૂપિયાથી વધુનું કમિશન મેળવ્યું હોવાની કબૂલાત કરી હોવાનું જાણવા મળ્યું હતું. આ શિક્ષકે અગાઉ બીઝેડ ગ્રૂપમાં એજન્ટની ભૂમિકા ભજવીને મોંઘીદાટ મર્સીડીઝ બેન્ઝ કાર ગીફ્ટ મેળવી હતી. તેણે અગાઉ ગીફ્ટ લેતા વાયરલ થયેલા વીડિયોને પગલે જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા કારણદર્શક નોટિસ પણ અપાઈ હતી.

સીઆઈડી દ્વારા બીઝેડ કૌભાંડમાં વધુ તપાસ અર્થે જિલ્લાના મેઘરજના ઈસરી ગામના વિનુભાઈ ધર્માભાઈ પટેલની અટકાયતથી આ બીઝેડ ગ્રૂપના અન્ય એજન્ટો જે થોડાક સમયથી બજારોમાં ફરી રહ્યા હતા તે પૈકીના કેટલાક ભૂગર્ભમાં ઉતરી ગયા હોવાની પણ વિગતો પ્રાપ્ત થઈ હતી. આ શિક્ષકે બીઝેડની ટુરમાં વિદેશ પ્રવાસ કર્યો હોવાની પણ ચર્ચાઓએ પણ જોર પકડ્યું હતું. ■

# ૧૩ વર્ષના ભાઈએ એક વર્ષની બહેનની ગળું દબાવીને હત્યા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં એક આંચકાજનક ઘટના બની હતી. શહેરના નાનપુરા વિસ્તારમાં માસીના ઘરે રહેતા ૧૩ વર્ષના કિશોરે સતત રડી રહેલી એક વર્ષની બહેનનું ગળું દબાવી દઈ હત્યા કરતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. પોલીસે ૧૩ વર્ષના કિશોરની અટકાયત કરી તેની સામે સાપરાધ મનુષ્ય વધનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી. તે ઉપરાંત તેનું કાઉન્સેલિંગ કરવાની પ્રક્રિયા પણ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સુરતના નાનપુરા વિસ્તારમાં મૃતક બાળકીના પરિવારમાં તેના પિતાની બહેનનો દીકરો પણ સાથે રહેતો હતો. આ પરિવારના સભ્યો હોસ્પિટલમાં કામ કરીને ગુજરાન ચલાવતા હતાં. તેઓ એક વર્ષની નાની બાળકીને તેના માસીના ૧૩ વર્ષના દીકરાના સહારે મુકીને કામે જતાં હતાં. આ દરમિયાન ૨૧ જાન્યુઆરીએ બાળકી અચાનક બેભાન થઈ જતાં તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડાઈ હતી. જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. તેના મોતનું કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાયું હતું. જેના રીપોર્ટમાં બાળકીનું ગળું દબાવીને હત્યા કરાઈ હોવાનું જણાયું હતું.

પોલીસે તપાસ કરતાં બાળકીના ૧૩ વર્ષના ભાઈની પણ પુછપરછ કરી હતી ત્યારે તેણે પોલીસ સમક્ષ આ હત્યા બાબતે કબૂલાત કરી હતી. આ કિશોરે પોલીસને કહ્યું હતું કે, તેની બહેન સતત રડતી હોવાથી તેને ગુસ્સો આવ્યો હતો અને ઓશિકાથી તેનું મોઢું દબાવ્યું હતું. પોલીસે આ કિશોરની અટકાયત કરી તેની સામે સાપરાધ મનુષ્યવધનો ગુનો દાખલ કર્યો હતો.

આ ઘટના અંગે ડીસીપી વિજયસિંહ ગુર્જરે જણાવ્યું હતું કે, પોલીસે કિશોરની પૂછપરછ કરતા તેણે જણાવ્યું હતું કે, બાળકી રડતી હતી જેથી તેને ચુપ કરાવવા તેના મોઢા ઉપર ઓશીકું મૂકી દીધું હતું. કિશોરને એ માહિતી ન હતી કે તેના મોઢા ઉપર ઓશીકું મુકવાથી બાળકીના શ્વાસ રૂંધાઇ જાય. પોલીસે કિશોરનું કાઉન્સિલ કરવાનું શરૂ કર્યું છે. કિશોર મોબાઈલમાં કોઈ પ્રકારની ઓનલાઈન ગેમ રમતો હતો કે કોઈ વીડિયો ગેમ રમતો હતો અથવા તો સોશિયલ મીડિયામાં એક્ટીવ હતો કેમ તે અંગે પણ તપાસ શરૂ કરી છે. ■

# ગાંધીનગર મહાનગર પાલિકાનું ૧૭૪૪.૨૧ કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ કરાયુંઃ ગત વર્ષની સરખામણીએ ૩૮ ટકા વધુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માટે ૧૭૪૪.૨૧ કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. આ બજેટમાં ગત વર્ષની સરખામાણીએ ૩૮ ટકાનો વધારો કરાયો હતો. મહાનગર પાલિકાના કમિશ્નર જે.એન.વાઘેલાએ વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૨૬ અને ૨૦૨૬ના ઓલિમ્પિકને ધ્યાનમાં રાખીને આ બજેટ તૈયાર કર્યું હતું.

ગાંધીનગર મહાનગર પાલિકા બન્યા બાદ શહેરના વિકાસ માટે અનેક મોટા પ્રોજેક્ટોની જાહેરાત કરવામાં આવી હતી. રાંધેજા વિસ્તારમાં જિલ્લા કક્ષાનું ક્રિકેટ સ્ટેડિયમ, જ્યારે વાવોલમાં ૨૩ કરોડના ખર્ચે ગાર્ડન અને પાંચ આંબા તળાવનું નિર્માણ કરાશે. ત્રણ કરોડના ખર્ચે ફ્લાવર શો યોજાશે અને વિવિધ સ્થળોએ આકર્ષક સર્કલો બનાવવામાં આવશે એવી બજેટમાં જોગવાઈ કરવામાં આવી હતી. તે ઉપરાંત આરોગ્ય સુવિધાઓમાં રાંધેજા, સરગાસણ અને કોટેશ્વર ખાતે નવાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા ત્રણ ઝોનમાં આયુષ સેન્ટર્સ બનાવાશે. શિક્ષણ ક્ષેત્રે રાંધેજા, પેથાપુર, સેક્ટર-૧૫ સહિત અનેક સ્થળોએ નવી શાળાઓ અને આંગણવાડીઓનું નિર્માણ કરવામાં આવશે તેવી પણ જોગવાઈ કરવામાં આવી હતી.

સુરક્ષાને ધ્યાનમાં રાખીને અમિયાપુર, ખોરજ અને વાવોલમાં નવા ફાયર સ્ટેશન બનાવવામાં આવશે, જેના માટે ૮૦ કરોડના ખર્ચે નવાં ફાયર વાહનોની ખરીદી કરાશે. ગ્રામ્ય વિસ્તારોમાં પણ વિકાસ કાર્યો હાથ ધરાશે, જેમાં પેથાપુરમાં સ્વિમિંગ પુલ અને યોગા સેન્ટર, કોલવડામાં સિનિયર સિટીઝન પાર્ક, અને વિવિધ સ્થળોએ કોમ્યુનિટી હોલ અને લાઇબ્રેરીનું નિર્માણ પણ બજેટની જોગવાઈમાં સામેલ કરવામાં આવ્યું હતું. ■

# ગુજરાતમાં ધોરણ ૧૦ના ૮.૯૨ લાખ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૭ ફેબ્રુઆરીથી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષામાં નોંધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યા શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવી હતી.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલા વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે ધોરણ ૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહ તથા વિજ્ઞાન પ્રવાહના મળીને કુલ ૧૪,૨૮,૧૭૫ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જેમાં નિયમિત, રિપીટર, આઇસોલેટેડ, ખાનગી અને ખાનગી રિપીટર વિદ્યાર્થીઓ સામેલ છે.

આ ઉપરાંત બોર્ડની પરીક્ષા માટે વિદ્યાર્થી, વાલી તેમજ સ્કૂલને માર્ગદર્શન તથા જરૂરી મદદ માટે શિક્ષણ બોર્ડ દ્વારા ફ્રી હેલ્પલાઇન નંબર ૧૮૦૦૨૩૩૫૫૦૦ જાહેર કરવામાં આવ્યો હતો. આ નંબર ૨૭ જાન્યુઆરીથી ૧૭ માર્ચ દરમિયાન સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી ચાલુ રહેશે. આ હેલ્પલાઇનમાં એક્સપર્ટ કાઉન્સેલર અને સાયકોલોજિસ્ટ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. ■

# ખ્યાતિ હોસ્પિટલ કાંડના ૧૫ દર્દીઓએ સરકારી સહાય નહીં મળતાં હાઈકોર્ટમાં અરજી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલ કાંડનો માસ્ટરમાઈન્ડ કાર્તિક પટેલને રિમાન્ડ પર ધકેલી દેવામાં આવ્યો હતો. આ ઉપરાંત હોસ્પિટલમાં સારવાર લેનારા ૧૫ દર્દીઓએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. બીજી તરફ હોસ્પિટલમાં એન્જિયોપ્લાસ્ટી થયાના થોડાક જ કલાકોમાં વધુ એક દર્દીનું મોત થતાં અનેક સવાલો ઊભા થયા હતા. પ્રાપ્ત વિગતો ખ્યાતિ હોસ્પિટલમાં સારવાર લેનારા ૧૫ દર્દીઓએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. તેમણે આ અરજીમાં જણાવ્યું હતું કે, હોસ્પિટલની આ ઘટના બાદ સરકારી અધિકારીઓએ અમારો સંપર્ક કર્યો નથી અને અમારાં નિવેદનો પણ લીધાં નથી. તેમજ તેમને કોઈ સરકારી સહાય પણ મળી નહીં હોવાનો અરજીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

બીજી તરફ હોસ્પિટલમાં એન્જિયોપ્લાસ્ટી કરાયાના થોડા કલાકોમાં જ એક દર્દીનું મૃત્યુ નિપજતાં અનેક સવાલો ઊભા થયા હતા. હોસ્પિટલમાં મહેસાણાના બોરીસણા ગામના ૭૨ વર્ષીય દર્દીને દાખલ કરવામાં આવ્યા હતા. ■

# ૨૭ હોટેલના લાઇસન્સ રદ

અમદાવાદઃ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમે અમુક હોટેલોના લાઈસન્સ રદ્દ કરીને તે હોટેલો પર બસોને રોકવાની મનાઈ ફરમાવી હતી. અહેવાલો અનુસાર આ હોટલો અંગે નિગમને ફરિયાદો મળી હતી કે આ હોટેલ હિન્દુ નામની આડમાં મુસ્લિમો દ્વારા ચલાવવામાં આવી રહી છે. વાહન વ્યવહાર નિગમ દ્વારા કાર્યવાહી કરતાં આ તમામ હોટેલ-ઢાબાના લાઇસન્સ રદ કરવામાં આવ્યાં હતાં. ગુજરાત એસટી નિગમ દ્વારા રાજ્યની કુલ ૨૭ જેટલી હોટેલ પર એસટી બસના હોલ્ટના પરવાનાને રદ્દ કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. જેમાં સૌથી વધુ હોટેલ વડોદરા જિલ્લાના કરજણ તાલુકાની છે. હોટેલમાં પારદર્શિતા અને યોગ્ય સંચાલન માટે આ પગલું લેવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું હતું.

ગુજરાત એસટી નિગમ દ્વારા જે ૨૭ જેટલી હોટેલના પરવાના રદ કરવાનો હુકમ કર્યો હતો તે હોટેલમાં વડોદરા ડિવિઝનમાં અમદાવાદ-સુરત રોડ પર સ્થિત સ્વાજી ઇન, હોટેલ વિશાલ, હોટેલ બસેરા અને હોટેલ સતીમાતાનો સમાવેશ થાય છે. ■

# ફરીથી ઓપરેશન ધનુષ્ય-બાણ?

મુંબઈ: ૧૫ દિવસમાં ઠાકરે જૂથના ચાર વિધાનસભ્યો, કૉંગ્રેસના પાંચ અને ઠાકરે જૂથના ત્રણ સાંસદો નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને મળ્યા છે. આ સાથે, ઉદય સામંતે જણાવ્યું હતું કે ઠાકરે જૂથના ૧૦ ભૂતપૂર્વ વિધાનસભ્યો, કેટલાક જિલ્લા પ્રમુખો અને કેટલાક ભૂતપૂર્વ કૉંગ્રેસના વિધાનસભ્યો અને સાંસદો એકનાથ શિંદેના સંપર્કમાં છે અને તે બધા આગામી ત્રણ મહિનામાં શિવસેનામાં જોડાશે. આ પછી શિવસેના શિંદે જૂથના નેતા અને પ્રધાન સંજય શિરસાટે પણ મોટો દાવો કર્યો છે. કાયદાકીય નિષ્ણાતોએ હવે આ અંગે માહિતી આપી છે.

શિવસેનાના બંને જૂથો હિન્દુહૃદયસમ્રાટ બાળ ઠાકરેની જન્મજયંતિ નિમિત્તે રેલીઓ કરી રહ્યા છે. આ પ્રસંગે શિવસેના ઠાકરે જૂથ અને શિંદે જૂથ પોતાની તાકાત બતાવી રહ્યા છે. આ મેળાવડા દરમિયાન અથવા પછી ઓપરેશન ધનુષ્ય-બાણ ફરીથી કરી શકાય છે. રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે ઠાકરે જૂથના કેટલાક સાંસદો અને વિધાનસભ્યો ઉદ્ધવ ઠાકરેને જય મહારાષ્ટ્ર કરીને શિંદે જૂથમાં જોડાઈ શકે છે.

સંજય શિરસાટે કહ્યું હતું કે ઓપરેશન સમયસર કરવામાં આવે છે. જે દિવસે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે ઓપરેશન માટે સૂચના આપશે તે દિવસે અમે ઓપરેશનને સફળ બનાવવા માટે કામ કરીશું.

## જનતાએ અસલી શિવસેનાને જનાદેશ આપ્યો: એકનાથ શિંદે

મુંબઈ: શિવસેના પ્રમુખ બાળાસાહેબ ઠાકરેની જન્મજયંતિ પ્રસંગે શિવસેના (એકનાથ શિંદે) પાર્ટી દ્વારા આજે મુંબઈના બીકેસી ખાતે એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં બોલતા, નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ કહ્યું કે લોકસભા અને વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિનો વિજય બાળાસાહેબના વિચારોને કારણે થયો છે. મહારાષ્ટ્રની જનતાએ વાસ્તવિક શિવસેનાને જનાદેશ આપ્યો છે.

નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું હતું કે, લોકસભાની ચૂંટણી પછી શિવસેનાએ વિધાનસભામાં પણ ઐતિહાસિક જીત મેળવી કારણ કે આપણે બધા શિવસૈનિક છીએ, જે બાળાસાહેબની જ્વલંત પ્રેરણા અને વિચારોમાંથી જન્મ્યા છીએ. કારણ કે અમે બાળાસાહેબના વિચારોને વળગી રહ્યા, અમે એક શાનદાર વિજય મેળવ્યો, અને આજે અમે તે વિજયની ઉજવણી કરી રહ્યા છીએ.

## ઘાયલ વાઘ શું છે દેખાડીશું: અમિત શાહને ઉદ્ધવનો જવાબ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બાળાસાહેબ ઠાકરેની જન્મજયંતિ નિમિત્તે આયોજિત રેલીમાં ઉદ્ધવ ઠાકરેએ અમિત શાહને જવાબ આપતા કહ્યું હતું કે 'ઘાયલ વાઘ શું હોય છે અને તેના પંજા કેવા હોય છે તે તમે ભવિષ્યમાં જોશો.'

ચૂંટણીનાં પરિણામો પછી આપણે પહેલી વાર રૂબરૂ મળી રહ્યા છીએ. આજ સુધી બાળાસાહેબની જન્મજયંતિ (૨૩ જાન્યુઆરી) ષણ્મુખાનંદ હોલમાં ઉજવતા આવ્યા છીએ, પરંતુ બે મહિના પહેલાના ચૂંટણી પરિણામોથી હું સંતુષ્ટ નથી, એમ ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું. ફરીથી અબ્દાલી આવ્યો અને ગયો, તમે જાણો છો કે અમિત શાહ કોણ છે. તેમણે એમ પણ કહ્યું હતું કે મહારાષ્ટ્રમાં વિજય ઉદ્ધવ ઠાકરેનું સ્થાન બતાવશે.

શિવસેનાના વડા કહેતા હતા કે જ્યાં સુધી તમે શિવસૈનિક છો, ત્યાં સુધી હું શિવસેનાનો વડો છું અને જ્યાં સુધી તમે છો, ત્યાં સુધી હું એ જ વાત કહું છું, હું તમારા પક્ષનો વડો છું. જો ગદ્દારો હુમલો કરશે તો પણ આ ઉદ્ધવ ઠાકરેનો અંત નહીં આવે એમ ઉદ્ધવે કહ્યું હતું.

## બાળ ઠાકરેને ભારતરત્ન આપવાની માગણી કરાઈ

મુંબઈ: શિવસેના (યુબીટી)એ ગુરુવારે શિવસેનાના સ્થાપક સ્વ. બાળ ઠાકરે માટે ભારત રત્નની માગણી કરી હતી.

સ્વર્ગસ્થ નેતાની ૯૯મી જન્મજયંતિ નિમિત્તે બોલતાં, શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે કહ્યું કે ભાજપની આગેવાની હેઠળની સરકારે છેલ્લા દસ વર્ષમાં કેટલાક એવા લોકોને દેશનું સર્વોચ્ચ નાગરી સન્માન આપ્યું છે જે તેના લાયક નહોતા, પરંતુ જે માણસે ખરેખર દેશમાં હિન્દુત્વના બીજ વાવ્યા છે તેને પણ ભારતરત્ન આપવું જોઈએ. તેમને ભારત રત્ન કેમ આપવામાં આવ્યું નથી? 'હિન્દુહૃદયસમ્રાટ' બાળ ઠાકરેને જન્મ શતાબ્દી પહેલાં આ પુરસ્કારથી સન્માનિત કરવા જોઈએ. એવી શિવસેના (યુબીટી)ની માગણી છે,' એમ તેમણે કહ્યું હતું. રાઉતે નોંધ્યું હતું કે ઠાકરેની જન્મશતાબ્દી ફક્ત એક વર્ષ દૂર છે.

'શતાબ્દી શરૂ થાય તે પહેલાં, તેમને ભારતરત્ન મળવું જરૂરી છે. તમે વીર સાવરકરને ભારત રત્ન ન આપી શકો. જો તમે બાળ ઠાકરેને ભારત રત્ન આપો છો, તો તે વીર સાવરકર માટે પણ સન્માન હશે,' એમ રાજ્યસભાના સભ્યે વધુમાં કહ્યું હતું.

તેમના પક્ષના સાથી અને મુંબઈ દક્ષિણના સાંસદ અરવિંદ સાવંતે પણ આ જ માગણી કરી હતી.

## ચમત્કાર: અંબરનાથમાં દારૂડિયા ડ્રાઈવરે કન્ટેનર ૫૦થી વધુ વાહન સાથે અથડાવ્યું છતાં જાનહાનિ નહીં





અંબરનાથમાં બનેલી આંચકાજનક ઘટનામાં માથાફરેલ ડ્રાઈવરે દારૂના નશામાં કન્ટેનર ચલાવી આડેધડ વાહનોને અડફેટે લીધાં હતાં. ડ્રાઈવરના આ આતંકથી રોષે ભરાયેલા લોકોએ કન્ટેનર પર પથ્થરમારો કર્યો હતો. આ ઘટનામાં પોલીસ વૅન સહિત ૫૦થી વધુ વાહનને નુકસાન થયું હતું. જોકે સદ્નસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી, પરંતુ ત્રણ જણને ઇજા થઈ હોવાનું જાણવા મળ્યું હતું. સમગ્ર ઘટનાનો વીડિયો બાદમાં સોશિયલ મીડિયા પર ખાસ્સો વાયરલ થયો હતો. મળતી માહિતી અનુસાર ઘટના ગુરુવારની બપોરે અંબરનાથ નજીક બની હતી. બદલાપુર પાઈપલાઈન રોડ પરથી વિરુદ્ધ દિશામાં કન્ટેનર ચલાવી ડ્રાઈવરે વાહનોને અડફેટે લેવાનું શરૂ કર્યું હતું. સૌપ્રથમ નેવલકર નાકા પાસે એક વાહનને ટક્કર માર્યા પછી કન્ટેનર પાલેગાંવ, અંબરનાથ આનંદ નગર પોલીસ ચોકી, વૈભવ હૉટેલ ચોક અને સુદામા હૉટેલ ચોક સુધી વાહનો સાથે ભટકાયું હતું.

## પશ્ચિમ રેલવેમાં આજે અને આવતી કાલે જમ્બો નાઈટ બ્લોક

### માત્ર લોકલ ટ્રેનો જ નહીં પણ લાંબા અંતરની ટ્રેન સેવા પર પણ અસર થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આ અઠવાડિયાના અંતમાં પશ્ચિમ રેલવેમાં વિશેષ બ્લોકને કારણે લોકલ ટ્રેન સહિત લાંબા અંતરની મેલ-એક્સપ્રેસ ટ્રેનસેવાને અસર થશે. પશ્ચિમ રેલવેમાં માહિમ અને બાંદ્રા સ્ટેશનના પુલ નંબર ૨૦ કામને કારણે મેજર બ્લોકને લોકલ ટ્રેનો સહિત લાંબા અંતરની અમુક ટ્રેનો રદ રાખવામાં આવી છે, જ્યારે અમુક ટ્રેનોને શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી છે.

પશ્ચિમ રેલવે દ્વારા માહિમ અને બાંદ્રા સ્ટેશનની વચ્ચે બ્રિજના મહત્ત્વનાં કામકાજને ધ્યાનમાં રાખીને આજે રાતના ૧૧.૦૦ વાગ્યાથી સવારના ૮.૩૦ વાગ્યા સુધી અપ એન્ડ ડાઉન સ્લો લાઈન તથા રાતના ૧૨.૩૦ વાગ્યાથી સવારના ૬.૩૦ વાગ્યા સુધી ડાઉન ફાસ્ટ લાઈનમાં બ્લોક રહેશે. આ ઉપરાંત, અપ એન્ડ ડાઉન સ્લો લાઈનમાં શનિવારના રાતના ૧૧.૦૦ વાગ્યાથી સવારના સાડા આઠ વાગ્યા સુધી અપ એન્ડ ડાઉન સ્લો લાઈન તથા અપ ફાસ્ટ લાઈનમાં રાતના અગિયાર વાગ્યાથી સવારના સાડા સાત વાગ્યા સુધી બ્લોક રહેશે. પશ્ચિમ રેલવે દ્વારા હાથ ધરવામાં આવનારા બ્લોકને કારણે ૨૫૦થી વધુ ટ્રેન રદ્દ રહેશે, જ્યારે ૧૫૦થી વધુ લોકલ આંશિક રીતે રદ રહેવાથી વીકએન્ડમાં ટ્રાવેલ કરવાનું પ્રવાસીઓ માટે મુશ્કેલ બની શકે છે. બ્લોકને કારણે પ્રવાસીઓ નિયત શેડ્યૂલને ધ્યાનમાં રાખીને પ્રવાસ કરવાનું ફાયદાકારક બની શકે છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

**૨૭૫થી વધુ લોકલ રદ રહેશે**

- આજે રાતના ચર્ચગેટથી વિરાર જનારી લાસ્ટ લોકલ રાતના ૧૧.૫૮ વાગ્યાની રહેશે
- આજે રાતના અગિયાર વાગ્યા પછી ચર્ચગેટથી રવાના થનારી તમામ સ્લો ટ્રેન મુંબઈ સેન્ટ્રલ અને સાંતાક્રુઝ વચ્ચે ફાસ્ટ લાઈનમાં દોડાવવામાં આવશે, જેથી મહાલક્ષ્મી, લોઅર પરેલ, માટુંગા રોડ અને ખાર સ્ટેશન પર હોલ્ટ રહેશે નહીં.
- એ જ રીતે આજે રાતના અગિયાર વાગ્યા પછી વિરાર, ભાયંદર અને બોરીવલીથી ચર્ચગેટની ટ્રેનોને સ્લો કોરિડોરમાં સાંતાક્રુઝ અને મુંબઈ સેન્ટ્રલ વચ્ચે ફાસ્ટ લાઈનમાં દોડાવાશે, જેથી ખાર રોડ, માહિમ, માટુંગા રોડ, પ્રભાદેવી, લોઅર પરેલ અને મહાલક્ષ્મી સ્ટેશનમાં હોલ્ટ મળશે નહીં.
- બ્લોક વખતે ગોરેગાંવ અને બાંદ્રાથી મધ્ય રેલવેમાં હાર્બર લાઈનની ટ્રેનની સર્વિસ ઉપલબ્ધ રહેશે. ૨૫ જાન્યુઆરીના શનિવારે સવારના વિરાર, નાલાસોપારા, વસઈ રોડ, ભાયંદર અને બોરીવલીની સ્લો અને ફાસ્ટ ટ્રેન અંધેરી સુધી દોડાવવામાં આવશે.
- બ્લોક પછી ચર્ચગેટ માટેની પહેલી ફાસ્ટ ટ્રેનની સર્વિસ વિરારથી સવારના ૫.૪૭ વાગ્યે રવાના થશે, જે ૭.૦૫ વાગ્યે ચર્ચગેટ પહોંચશે.
- બ્લોક પછી પહેલી ડાઉન ફાસ્ટ લાઈનની ટ્રેન ચર્ચગેટથી સવારના ૬.૧૪ વાગ્યે રવાના થશે.
- બ્લોક પછી પહેલી ડાઉન સ્લો લાઈનની ટ્રેન ચર્ચગેટથી ૮.૦૩ વાગ્યે ટ્રેન રવાના કરશે.
- આજે રાતથી શનિવાર સવાર સુધીમાં ૧૨૭ લોકલ અને ૬૦ ટ્રેન પૂર્ણ અંતર નહીં દોડે.

**ટ્રેનસેવાને થશે અસર**

- બ્લોકની કામગીરી પછી ચર્ચગેટ અને દાદર વચ્ચે ફાસ્ટ લાઈનમાં દોડાવાશે
- શનિવારના રાતથી રવિવારની સવાર સુધી વિરાર, નાલાસોપારા, વસઈ રોડ, ભાયંદર અને બોરીવલીની સ્લો અને ફાસ્ટ લોકલ અંધેરી સુધી દોડાવાશે
- ગોરેગાંવ અને બાંદ્રા સ્ટેશનની વચ્ચે પશ્ચિમ રેલવે અને મધ્ય રેલવેની અમુક ટ્રેનો હાર્બર લાઈનમાં દોડાવાશે.
- અપ ફાસ્ટ લાઈનમાં લાસ્ટ લોકલ વિરારથી ચર્ચગેટની રાતના ૧૦.૦૭ વાગ્યે રહેશે, જ્યારે અપ સ્લો લાઈનમાં બોરીવલી-ચર્ચગેટની બોરીવલીથી રાતના ૧૦.૨૨ વાગ્યાની રહેશે.
- ડાઉન ફાસ્ટ લાઈનમાં લાસ્ટ લોકલ ચર્ચગેટથી બોરીવલીની રાતના ૧૦.૩૩ વાગ્યાની રહેશે, જ્યારે ડાઉન સ્લો લાઈનમાં લાસ્ટ લોકલ ચર્ચગેટથી ભાયદર માટે ૧૦.૨૬ વાગ્યની રહેશે.
- શનિવાર રાતના બ્લોકને કારણે ૧૫૦ ટ્રેન રદ રહેશે, જ્યારે ૯૦ ટ્રેન નિર્ધારિત પૂર્ણ અંતર નહીં દોડે.

**રદ થનારી મેલ-એક્સપ્રેસ ટ્રેન**

- ૨૫મી ટ્રેન નંબર ૧૨૨૬૭ મુંબઈ સેન્ટ્રલ - હાપા દુરંતો એક્સપ્રેસ રદ રહેશે.
- ૨૬મી ટ્રેન નંબર ૧૨૨૬૮ હાપા-મુંબઈ સેન્ટ્રલ દુરંતો એક્સપ્રેસ રદ રહેશે.
- ૨૫-૨૬ જાન્યુઆરીના મુંબઈ-ઈન્દોર, ઈન્દોર-મુંબઈ દુરંતો એક્સપ્રેસ રદ રહેશે

**શોર્ટ ટર્મિનેટ થનારી ટ્રેનની યાદી**

- ૨૫મીની ટ્રેન નંબર ૧૨૯૦૨ અમદાવાદ-દાદર ગુજરાત મેલ પાલઘર ખાતે શોર્ટ ટર્મિનેટ થશે અને પાલઘર અને દાદર વચ્ચે પૂર્ણ અંતર નહીં દોડે.
- આજે ટ્રેન નંબર ૧૯૦૧૬ પોરબંદર-દાદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ બોરીવલી ખાતે શોર્ટ ટર્મિનેટ થશે અને બોરીવલી અને દાદર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

**શોર્ટ ઓરિજિનેટ થનારી ટ્રેન**

- ૨૬મીની ટ્રેન નંબર ૧૯૦૧૫ દાદર-પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ બોરીવલીથી શોર્ટ ઓરિજિનેટ થશે અને દાદર અને બોરીવલી વચ્ચે આંશિક રીતે રદ રહેશે.
- ૨૫મીની ટ્રેન નંબર ૨૨૯૪૬ ઓખા-મુંબઈ સેન્ટ્રલ સૌરાષ્ટ્ર મેલ બોરીવલીથી શોર્ટ ટર્મિનેટ થશે અને બોરીવલી અને મુંબઈ સેન્ટ્રલ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

**આટલી ટ્રેન રીશેડ્યૂલ/રેગ્યુલેટ થશે**

- ૨૫મીની ટ્રેન ૨૦૯૦૧ મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ રીશિડ્યૂલ કરવામાં આવશે અને આ ટ્રેન મુંબઈ સેન્ટ્રલથી ૦૬:૧૫ વાગ્યે ઉપડશે.
- ૨૬મીની ટ્રેન ૨૦૯૦૧ મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ રીશિડ્યૂલ કરવામાં આવશે અને આ ટ્રેન મુંબઈ સેન્ટ્રલથી સવારે ૦૮:૧૫ વાગ્યે ઉપડશે.
- ૨૫મીની ટ્રેન ૨૨૯૫૩ મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ ગુજરાત સુપરફાસ્ટ એક્સપ્રેસનું રીશિડ્યૂલ કરવામાં આવશે અને આ ટ્રેન મુંબઈ સેન્ટ્રલથી સવારે ૦૬:૪૦ વાગ્યે ઉપડશે.
- ૨૬મીની જાન્યુઆરીની ટ્રેન ૨૨૯૫૩ મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ ગુજરાત સુપરફાસ્ટ એક્સપ્રેસનું રીશિડ્યૂલ કરવામાં આવશે અને આ ટ્રેન મુંબઈ સેન્ટ્રલથી સવારે ૦૮:૧૫ વાગ્યે ઉપડશે.
- ૨૫મી જાન્યુઆરીની ટ્રેન ૧૨૨૬૮ હાપા-મુંબઈ સેન્ટ્રલ દુરંતો એક્સપ્રેસ ૪૫-૫૦ મિનિટ રેગ્યુલેટ થશે.

## કેનેડા જવા માગતા વિદ્યાર્થીઓ માટે નિ:શુલ્ક માર્ગદર્શન સેમિનાર

મુંબઈ: મહર્ષિ દયાનંદ ફાઉન્ડેશન આઈએએસ અકાદમી લાઈબ્રેરી અને કેનેડિયન ફોર ઇન્ડિયન્સના સહકારથી કેનેડા ઉચ્ચ અભ્યાસ માટે જવા માગતા વિદ્યાર્થીઓ માટે શનિવારે ૨૫મી જાન્યુઆરીએ સાંજે ચાર વાગ્યે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. ભારતમાંથી બારમું ધોરણ પાસ કર્યા પછી કોઈપણ ક્ષેત્રમાં આગળ ઉચ્ચ અભ્યાસ કરવા માટે કેનેડા જવા માગતા કે મેડિકલ, એન્જિનિયરિંગ, કે કેનેડામાં માસ્ટર્સ ડિગ્રીનો ઉચ્ચ અભ્યાસ કરવા જવું હોય, તો તે વિદ્યાર્થીઓને માર્ગદર્શન કેનેડાના ફિરોઝ ભાઈ ખાન આપશે. સ્થળ:- મહર્ષિ દયાનંદ ફાઉન્ડેશન આઈએએસ લાયબ્રેરી, પામ વ્યુ બિલ્ડિંગ, સ્વામી નારાયણ મંદિરની પાસે, દાદર ઇસ્ટ.

## હિન્દુ મરણ

**શ્રીમાળી બ્રાહ્મણ**

કચ્છ અંજાર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. રાજેન્દ્ર મનહરલાલ દવેના ધર્મપત્ની કલ્પનાબેન (ઉં. વ. ૬૪) તે ઉજ્જવલ તથા સ્વ. દિશાના માતુશ્રી તા.૨૩/૧/૨૦૨૫ અવસાન થયેલ છે. સદ્‌ગતની લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કોળી પટેલ**

ખરસાડના ધીરજભાઈ રતિલાલ પટેલ (ઉં. વ. ૮૯) તા. ૨૨/૧/૨૫ના બુધવારે દેવલોક પામ્યા છે. તે કમુબેનના પતિ. ચંદુભાઈ, સ્વ.જીવણભાઈના ભાઈ. દમુબેન, નયનાબેન, ભરતભાઈ, મંજુબેનના પિતા. સ્વ.નગીનદાસ, સ્વ.બિપીનભાઈ (શંકરભાઈ), અંજુબેન, પ્રવિણભાઈના સસરા. મહેક, દર્શના દાદા. બેસણું તા.૨૪/૧/૨૫ના શુક્રવારે અને બારમું રવિવારે તા. ૨/૨/૨૫ રથી ૫ ખરસાડમાં રાખી છે. કોદગરા ફળિયું, ગામ ખરસાડ, અમલસાડ.

**મુંબઈ વિસા નાગર વણિક**

ગોરેગામ નિવાસી જગદીશભાઈ પરીખ (ઉં. વ. ૬૨) તે સ્વ.નર્મદાબેન અરવિંદભાઈ પરીખના પુત્ર. વર્ષાબેનના પતિ. ભરતભાઈ, ભગવતીભાઈ, હર્ષદાબેનના ભાઈ. જનીત, સ્તુતિના પિતા. સ્વ.અરુણાબેન, સ્વ.કનૈયાલાલ શાહના જમાઈ તા.૨૩/૧/૨૦૨૫ના મુંબઈ શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે. બી/૧૭, સાઈબાબા એનકલેવ ટાવર, બિલ્ડીંગ નં. ૩, ઑફ. એસ. વી. રોડ, સિટી સેંટર મોલની પાછળ, ગોરેગામ પશ્ચિમ.

**ઘોઘારી મોઢ વણિક**

નટવરલાલ ગુલાબચંદ પારેખ (ઉં. વ. ૯૨) ગામ બોટાદ હાલ મુલુંડ તે સ્વ. અ. સૌ. હર્ષદાબેનના પતિ. તા. ૨૨-૧-૨૫ના બુધવારે શ્રીજીચરણ પામેલ છે. અતુલ, કેતન, બિંદુના પિતા. કુનાલ, જયના દાદા. સ્વ. ભાવના, અ. સૌ. ચેતના, મુકેશકુમારના સસરા. આસ્થા, મધુના મોટા સસરા. સ્વ. હિંમતલાલ પરીખના જમાઇ. પ્રાર્થનાસભા તેમ જ લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ.દામજી (દામોદર) નેણશી ચંદારાણાના ધર્મપત્ની કચ્છ ગામ માંડવી હાલે મુલુંડ સ્વ ભવાનજી વેલજી મડિયાર કચ્છ ગામ નલિયાના સુપુત્રી ગં.સ્વ કસ્તુરબેન ચંદારાણા (ઉં. વર્ષ ૮૪) તા-૨૨-૦૧-૨૦૨૫ના રામશરણ થયેલ છે. તે નરેશ, મહેશના માતુશ્રી તથા શોભનાબેન અને સ્મિતાબેનના સાસુ. તેજસના દાદીમા. તે જાનકીબેન મધુસુદનભાઈ ચંદારાણા, આશાબેન મહેન્દ્રભાઈ ચંદારાણાના જેઠાણી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા ૨૪-૦૧-૨૦૨૫, શુક્રવારના ૫.૩૦ થી ૭. ઠે. પેલેસ બેન્ક્વેન્ટ એન.એસ રોડ વિકાસ સેન્ટર પહેલે માળે મુલુંડ વેસ્ટ સ્ટેશનની બાજુમાં. (લૌકિક વહેવાર બંધ છે).

**કચ્છી લોહાણા**

સ્વ. મંજુલાબેન શંકરલાલ બારૂના મોટા પુત્ર જગદીશ (ઉં. વ. ૫૨) કચ્છ ગામ નરા હાલ મુલુંડ તા ૨૧-૧-૨૫ના રામશરણ પામેલ છે. તે હંસાબેનના પતિ. તે મહેન્દ્રભાઇના મોટા ભાઇ. તે કૌશિક, યશ, સપના, કિરણ કતીરાના પિતાશ્રી. તે ગં. સ્વ. મંજુલાબેન મધુકાંત ગણાત્રાના જમાઇ. તે સ્વ. લક્ષ્મીબેન સુંદરજી કતીરાના દોહિત્ર. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૪-૧-૨૫ શુક્રવારના ૫થી ૬.૩૦. ઠે. કચ્છી લોહાણા મહાજનવાડી, પવાણી હોલ, આર. આર. ટી. રોડ, મુલુંડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. કાશીબેન નરસિંહરામ માણેક ગામ અંજારવાળાના મોટા પુત્ર હાલ મુલુંડ તે સ્વ. મંજુલાબેન (કમળાબેન)ના પતિ મનહરલાલ (ઉં. વ. ૯૪) તા. ૨૩-૧-૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ. હૃદયેશભાઇ, હિતેશભાઇ, અ. સૌ. પ્રજ્ઞાબેન રાજેશભાઇ પંડિતપૌત્રા, અ. સૌ. ઇલાબેન જગદીશભાઇ વાઘાણીના પિતા. સ્વ. જયંતીલાલ, નરેન્દ્રભાઇ, સ્વ. શાંતાબેન રામજી સોમેશ્વર, સ્વ. હેમલતાબેન હીરાલાલ જોબનપુત્રા તથા અ. સૌ. ચંદુબેન ભીખુભાઇ પટેલના મોટાભાઇ. તે સ્વ. મુલજી શામજી આડઠક્કરના જમાઇ. ગં. સ્વ. ઇલા તથા સ્વ. પ્રીતીના સસરા. પ્રાર્થનાસભા તા. ૨૫-૧-૨૫ના સાંજે ૫.૩૦થી ૭. ઠે. સારસ્વતવાડી, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

નેવીલ કેકી સુમારીવાલા તે મરહુમો કેકી ને મેહેરૂ સુમારીવાલાના દીકરા. તે ફરીદા દારા એન્જિનિયર ને બેહેરોઝ કેરસી નાઝેરના ભાઇ. તે અનાહીતા, અરનાવાઝ ને વીલરૂઝાના મામા. તે ડેલઝાદના મામા. તે હોરમઝદ, સોરાબ, હનોઝ ને નેકઝાદના મોટા મામા. (ઉં. વ. ૭૦) રે. ઠે. ફલેટ નં-૨, બીજો માળ, બાઇ મહલ બિલ્ડિંગ, નં-૯, વાડીયા સ્ટ્રીટ, તારદેવ-મુંબઇ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયા: તા. ૨૪-૧-૨૫ના રોજ બપોરે ૩.૪૫ કલાકે બાટલીવાળા અગિયારી તારદેવ.

**કચ્છી ભાટિયા**

અ. સૌ. મંજુલા કાલિદાસ લીલાણી (ઉં. વ. ૮૨) તે કાલિદાસ ચત્રભુજ લીલાણીના ધર્મપત્ની. રાજેશ, હેમંત, દિલીપના માતા. અ. સૌ. નીલા, અ. સૌ. કલ્પના તથા અ. સૌ. નેહાના સાસુ. સ્વ. મોતીબાઇ હરિદાસ સંપટના સુપુત્રી. કીર્તિકુમાર, હંસરાજ, સ્વ. સુશીલા, અ. સૌ. નીરંજના, સુધા તથા રેખાના ભાભી. તે રણધીર, સ્વ. પીલુબેન, સ્વ. રજનીબેન, સ્વ. સ્નેહલતા, સ્વ.જ્યોતિ, અ. સૌ. દર્શના તથા છાયાના બહેન. અ. સૌ. કુંજલ મિહિર આશર, અ. સૌ. પૂનમ લવેશ ભાવનાની, અ. સૌ. મિનાળ ભાવિક લાયજાવાળા, રોહન, ભાવિક, હેતાના દાદી. તા. ૨૨-૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૪-૧-૨૫ના ૪.૩૦થી ૬. ઠે. સ્વામિનારાયણ મંદિર, બીએપીએસ, ૯૦ ફૂટ રોડ, ઘાટકોપર (પૂ). પ્રાર્થનાસભા પછી લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી લોહાણા**

મૂળગામ બાઢડા સાવરકુંડલા નિવાસી હાલ નેરુલ વ્રજલાલ વલ્લભદાસ માધવાણી (ઉં. વ. ૯૯) તે સ્વ.શારદાબેનના પતિ. સ્વ.અમૃતલાલ ભાણજી સેજપાલના જમાઈ. સ્વ. રાજેશ-રેખાબેન, સ્વ.મહેશ, કિરણબેન સુરેશકુમાર જીમૂલીયા, ઉષાબેન નંદકિશોરભાઈ કક્કડના પિતા. ગં. સ્વ. સવિતાબેન ગુણવંતલાલ ઠક્કર, સ્વ.મુક્તાબેન શાંતિલાલ કારિયા, સ્વ. ગુણવંતીબેન નટવરલાલ વડેરા, સ્વ.બાલુભાઇ, સ્વ.શાંતિલાલના ભાઈ. ચાર્મી નીતિન મહાજનના દાદા.તા.૨૨/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**લુહાર સુથાર**

ગામ મોણપરવાળા સુનિલભાઈ કાનજીભાઈ પરમાર (ઉં. વ. ૫૬) તે સ્વ. લલીતાબેન કાનજીભાઈના પુત્ર. પ્રીતિબેનના પતિ. અનિલભાઈ તથા નીતાબેન અશ્વિનભાઇ પરમારના ભાઈ. વંશ તથા યશના પિતા. નિશા અનિલભાઈ પરમારના દિયર, સ્વ. પ્રફુલભાઇ ભગવાનભાઇ રાઠોડના જમાઈ ૨૧/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૪/૧/૨૫ના ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ દ્વારકા નિવાસી હાલ બોરીવલી રાકેશ મોદી (ઉં. વ. ૪૫)તે હેમલતા તથા અરુણકુમાર જમનાદાસ મોદીના દીકરા. મેહુલના ભાઈ. ફૂલ મેહુલ મોદીના જેઠ તા.૨૨/૧/૨૫ના બોરીવલી શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઔદીચ્ય સહસ્ત્ર બસિયા બ્રાહ્મણ**

ચોઇલાના હિરેનભાઈ (ઉં. વ. ૪૦) તે લતાબેન મુકુંદકુમાર હરીશંકર (બાબુલાલ)ગોરના પુત્ર. સંજોલીના પતિ. સોનલબેન ભાવેશકુમાર જોશીના ભાઈ. તારાબેન રમેશભાઈ કુંભારના જમાઈ. સ્વ.વાસુદેવ ડાહ્યાલાલ ભટ્ટના દોહિત્ર. ૨૨મીએ અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા રાખી નથી. ઉત્તરક્રિયા ડોમ્બિવલી મુકામે રાખી છે.

**લેઉવા પાટીદાર**

શરદચંદ્ર લલ્લુભાઈ પટેલ ગામ રુવા ભોરંપર હાલ મલાડ તા. ૨૩/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે જતીન, સ્વાતિ રાજુભાઇ પટેલ, સ્વ.કૌશિકા અને નીના હિમાંશુભાઈ પટેલના પિતાશ્રી. શૈલેજાના સસરા. માનુશી અને ક્રિષ્નાના દાદા. કિરણભાઈ, વસુબેનના ભાઈ. તેમની અંતિમ યાત્રા અસ્પી હાઉસ, અસ્પી એનકલેવ, મારવે રોડ, તા.૨૪/૧/૨૫ રોજ સવારેના ૧૧ કલાકે નીકળશે.

## વધુ એક બ્લોક

મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનના વાણગાંવ અને દહાણુ રોડ સ્ટેશનો વચ્ચે રોડ ઓવર બ્રિજના બાંધકામ માટે કમ્પોઝિટ ગર્ડર બેસાડવા માટે શનિવાર, ૨૫મી અને રવિવાર ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ બ્લોક લેવામાં આવશે.

૨૫મી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ૧૦.૩૦ કલાકથી ૧૧.૩૦ સુધી અને ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ૦૯.૫૦ કલાકથી ૧૦.૫૦ કલાક સુધીનો એક કલાકનો બ્લોક અપ અને ડાઉન મેઈન લાઈન પર લેવામાં આવશે, જેના કારણે પશ્ચિમ રેલ્વેની કેટલીક ટ્રેનોને અસર થશે.

**શનિવારની અસરગ્રસ્ત ટ્રેનો**

૧. ટ્રેન નંબર ૯૩૦૧૩ વિરાર દહાણુ રોડ પેસેન્જર વાણગાંવ ખાતે ટુંકાવવામાં આવશે અને વાણગાંવ અને દહાણુ રોડ વચ્ચે પૂર્ણ અંતર નહીં દોડે.

૨. ટ્રેન નંબર ૯૩૦૧૫ ચર્ચગેટ - દહાણુ રોડ પેસેન્જર વાણગાંવ ખાતે ટુંકાવવામાં આવશે અને વાણગાંવ અને દહાણુ રોડ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

**રવિવારની અસરગ્રસ્ત ટ્રેનો**

૧. ટ્રેન નંબર ૯૩૦૧૧ ચર્ચગેટ દહાણુ રોડ પેસેન્જર વાણગાંવ ખાતે ટુંકાવવામાં આવશે અને વાણગાંવ અને દહાણુ રોડ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૨. ટ્રેન નં. ૯૩૦૧૩ વિરાર દહાણુ રોડ પેસેન્જર બોઈસર ખાતે ટુંકાવવામાં આવશે અને બોઈસર અને દહાણુ રોડ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

*૨૫મી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ટ્રેનનું રેગ્યુલેશન/ રીશેડ્યુલિંગ*

૧. ટ્રેન નં.૧૨૯૯૦ અજમેર-દાદર એક્સપ્રેસ ૩૫ મિનિટ મોડી પડશે

૨. ટ્રેન નંબર ૧૨૯૮૦ જયપુર - બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ ૨૫ મિનિટ મોડી પડશે

૩. ટ્રેન નંબર ૧૨૯૩૨ અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ ડબલ ડેકર એક્સપ્રેસ ૨૦ મિનિટ મોડી પડશે

૪. ટ્રેન નંબર ૮૨૯૦૨ અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ તેજસ એક્સપ્રેસ ૨૦ મિનિટ મોડી પડશે

*૨૬મી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ટ્રેનનું રેગ્યુલેશન/ રીશેડ્યુલિંગ*

૧. ટ્રેન નંબર ૧૨૯૩૪ અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ કર્ણાવતી એક્સપ્રેસ ૩૫ મિનિટ મોડી પડશે

૨. ટ્રેન નંબર ૦૯૬૫૩ અજમેર - બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ ૦૧ કલાક મોડી પડશે

૩. ટ્રેન નંબર ૦૯૩૦૨ ડો. આંબેડકર નગર બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ ૦૧ કલાક મોડી પડશે.

## જૈન મરણ

**હરસોલ સત્તાવીસ વિશા શ્રીમાળી જ્ઞાતિ જૈન**

બેરણા નિવાસી હાલ મલાડ ચંપાબેન વાડીલાલ શાહના પુત્ર સુભાષચંદ્ર (ઉં. વ. ૭૯) સોમવાર, તા. ૨૦-૧-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. જે હેમલતાબેનના પતિ. દિપેશ-સોનલ, પુનીતા-સંજયકુમાર, જલ્પાબેન-દક્ષેશકુમાર, વિરલ-સ્મીતાના પિતાશ્રી. પ્રભાબેન-રતીલાલ શાહના ભાઇ. યોગેશ-પ્રિતીના મામા. શ્વસુર પક્ષે મોઢુકા નિવાસી દેવચંદ જેઠાલાલ સંઘવી પરિવારના સુરેશભાઇ - જયોત્સના, સરસ્વતીબેન-પ્રફુલ્લકુમાર, જીતુભાઇ-શર્મિષ્ઠાબેન, જયાબેન-પ્રદીપકુમાર, અતુલ-ભારતીબેન, ઇલા-પ્રફુલકુમાર, પલ્લવી-ધીરેનકુમારના બનેવી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૪-૧-૨૫ના સાંજે ૭થી ૯. ઠે. સ્વામીનારાયણ હોલ, દત્ત મંદિર રોડ, મલાડ (પૂર્વ).

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ચારણીયા નિવાસી દામોદરભાઇ અભેચંદભાઇના પુત્રવધૂ પ્રમિલાબેન રવીન્દ્રકુમાર કામદાર તે હિમાંશુભાઇ તથા પલ્લવીબેન જીતેશકુમાર સંઘરાજકા તથા સ્વ. કૌશલનાં માતુશ્રી. મીનાબેન હિમાંશુ કામદારના સાસુ. કરણ, કુશલનાં દાદી. રાયપુર નિવાસી દિલીપભાઇ જયસુખલાલ દોશી તથા હૈદરાબાદ નિવાસી સ્વ. હેમંતભાઇ જયસુખલાલ દોશીનાં મોટાબહેન. તા. ૨૩-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. ઉઠમણું તા. ૨૪-૧-૨૫ના શાલિભદ્ર સરદાર નગર, ઉપાશ્રયે, સાંજે ૪-૦૦.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ લાકડીયાના સ્વ. કાનજીભાઇ ગાલા (ઉં. વ. ૯૨) મંગળવાર તા. ૨૧-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. માતુશ્રી નામાબેન શંભુલાલ લાલજીના સુપુત્ર. સ્વ. ગોમતીબેનના પતિ. સ્વ. દામજી, ચિમન, હરીશ, નરેન્દ્ર, નવીન, જવેરના પિતા. વનલતા, શર્મિલા, જયોતી, જયશ્રી, સંગીતા, પદમશીના સસરા. દિપીતા-ઋષભ, કૃતિકા-રિષી, પર્વ, ભાવિકા-બંકીમ, કિંજલ, કમલેશ, કનિષા, દિવ્યેશ, મિતાલી, કરણ, આશી, પ્રિશાના દાદા. લાકડીયાના સ્વ. હિમાબેન ડુંગરશી હરગણ ગડાના જમાઇ. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૪-૧-૨૫ના બપોરે ૩.૩૦થી ૫. ઠે. યોગી સભાગૃહ, દાદર.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાજકોટ નિવાસી હાલ અંધેરી સ્વ. દિનેશભાઈ છગનલાલ દોશીના ધર્મપત્ની, હંસાબેન દોશી (ઉં. વ. ૮૯) બુધવાર, ૨૨-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તેઓ હિતેષભાઈ અને અમિતભાઈના માતુશ્રી. રૂપાબેન અને અંજલીબેનના સાસુ. પૂજલ, સલોની, ખુશાલી, નિયતિ, અચિરા હર્ષ મહેતાના દાદી. સ્વ. કાંતાબેન રાયચંદભાઈ શેઠના પુત્રી. સ્વ. પુષ્પાબેન પ્રવીણભાઈ, સ્વ. સરોજબેન નવીનચંદ્ર શાહ તથા સર્યુબેન હર્ષદભાઈના ભાભી ૨૫-૧-૨૫, શનિવારના ૫ થી ૬.૩૦. પ્રાર્થનાસભા રાખેલ છે. સંન્યાસ આશ્રમ વિલે પાર્લે (૫.).

**ઝાલાવાડ. દશા શ્રી. શ્વે.મૂ. પૂ. જૈન.**

મૂળી નિવાસી હાલ બોરીવલી સ્વ.ધરમચંદ છોટાલાલ શાહના ધર્મપત્ની ચંદ્રાબેન શાહ (ઉં. વ. ૯૦) તા.૨૨/૦૧/૨૦૨૫ બુધવાર અરિહંતશરણ પામેલ છે. તે અશ્વિન, ભાવેશ, જીગ્નેશના માતુશ્રી. છાયા, સ્વ.ભાવીની, અલ્કાના સાસુજી. આકાશ- બીજલ, ધ્વનિ-પ્રતીક, પાર્શ્વ, દિશાના દાદીજી. સ્વ.શારદાબેન કપાસી, સ્વ. ગુણવતલાલ, સ્વ. ડૉ. વિપિનભાઈના ભાઈના પત્ની. પિયરપક્ષે ધાંગધ્રા નિવાસી સ્વ. સુરજબેન ગાંડાલાલ કપાસીના દીકરી. ભાવયાત્રા શનિવાર, તા.૨૫.૧.૨૫ના ૧૦થી ૧૨. પાવન ધામ, મહાવીર નગર, કાંદિવલી વેસ્ટ.

**ઘોઘારી દશા શ્રીમાળી જૈન**

પાલીતાણા નિવાસી હાલ બોરીવલી સ્વ.વસંતલાલ કાનજીભાઈ મહેતાના ધર્મપત્ની ગં.સ્વ. વિમળાબેન (ઉં. વ. ૯૦) બિપીન, નયના, અલકાના માતુશ્રી. હંસા તથા દ્રષ્ટિના સાસુ. ભાવિકા, નિકુંજ, પ્રથમ, દિવ્યેશ, કૃપા, જીતેન, પાર્થના બા. રજનીભાઇ તથા જયેશભાઇ બાપાલાલ મહેતાના કાકી. પિયરપક્ષે મહુવા નિવાસી સ્વ.નંદલાલ રઘુભાઇ દાણીના દીકરી. ૨૨/૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કુંદરોડીના હિતેશ ભવાનજી છેડા (ઉં. વ. ૫૮) તા. ૨૨-૧ના અવસાન પામેલ છે. અંજુના પતિ. અંકિતના પિતા. શાંતાબેન ભવાનજીના પુત્ર. વિજય, સ્વ. કુસુમ (વાસંતી), અલ્કાના ભાઈ. દમયંતી જખુભાઈના જમાઈ. ભાવયાત્રા : અચલગચ્છ ઉપાશ્રય, મલાડ શોપિંગ સેંટર, બીજે માળે, મલાડ (વે) ટા. ૨ થી ૩.૩૦. નિ. અંજુ હિતેશ છેડા, ૧૧, ભરત નિવાસ, લિબર્ટી ગાર્ડન ક્રોસ રોડ ૩, મલાડ (વે) મું. ૬૪.

બિદડા (ગે.ફ.) પાનબાઈ જાદવજી કુરિયા (ઉં. વ. ૮૫) તા. ૨૨-૧-૨૫ના અવસાન પામેલ છે. રતનબેન વીરજી કેશવજીના પુત્રવધૂ. અરૂણા, નરેન્દ્ર, સગુણા, યોગેશના માતુશ્રી. ડેપા કુંવરબાઈ ગાંગજી સાવલાની પુત્રી. લખમશી, શામજી, રતીલાલ, જશવંત, દેશલપુર લીલાવંતી વશનજી, નાના ભાડીયા ભાનુ ભવાનજીના બેન. પ્રા. શ્રી વ.સ્થા. જૈન.શ્રા. સંઘ સં. કરસન લઘુ નિસર હોલ, દાદર. ટા. ૨ થી ૩.૩૦. ઠે. નરેન્દ્ર શાહ, ૨૫/૫, શાંતીનગર, સાત રસ્તા, મું. ૧૧.

ગેલડાના ભાવેશ સૈયા (ઉં. વ. ૫૬) ૧૯-૧-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી જીવીબેન રવજી માલશીના સુપુત્ર. સંગીતાના પતિ. સીએ ચિરાગ, અક્ષિતાના પિતા. ડેપા જસવંતિબેન અશોકભાઈના જમાઈ. સ્વ. હેમકુંવર, જાદવજી, સ્વ. દેવચંદ, ધીરજ, સ્વ. હેમલતા, મનીષના ભાઈ. પ્રા. યોગી સભાગૃહ, દાદર (ઈ). ટા. ૩ થી ૪.૩૦. ઠે. ભાવેશ સૈયા, ૩૦૪, ઐશ્વર્યા લક્ષ્મી, મહર્ષિ કર્વે રોડ, નામદેવ વાડી સામે, થાણા (વે)-૬૦૨.

હમલા મંજલના કસ્તુરીબેન મણશી પાલણ દેઢિયા (ઉં. વ. ૫૯) તા. ૨૦-૧-૨૫ના અવસાન પામ્યા છે. લક્ષ્મીબેન પાલણ ઉમરશીના પૌત્રી. મંજલ રેલડીયાના તારઈબાઈ દેવશી ખેતશી વોરાના દોહીત્રી. માતુશ્રી મેઘબાઈ મણશીના સુપુત્રી. શાંતાબેન, સ્વ. પ્રેમજી, સ્વ. મોહન, સ્વ. મનીષા, સ્વ. દેવચંદ, વસંત, કલ્પનાના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ફોન સંપર્ક આવકાર્ય. નિ. કલ્પના ગાંગજી નિસર : એ-૫૦૩/૫૦૪, પૂનમ એવરેસ્ટ, શ્રીપ્રસ્થા રોડ, ફનફિયેસ્ટાની સામે, નાલાસોપારા (વેસ્ટ)-૪૦૧૨૦૩.

બિદડાના મીનાબેન નાગજી જે. એમ. શાહ (ઉં. વ. ૮૦) ૨૧-૧-૨૫ના અરિહંત શરણ પામ્યા છે. નેણબાઈ જેઠાલાલ મેઘજીના પુત્રવધૂ. નાગજીભાઈના ધર્મપત્ની. હર્ષા, પરેશા, ડિમ્પલના માતુશ્રી. બિદડાના રાજબાઈ આસુ (કાકુશા) ઉમરશીના સુપુત્રી. શાંતિલાલ, રામજી, કોડાયના લક્ષ્મીબેન પોપટલાલ લખમશીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ડિમ્પલ નિલેશ ગાલા, એ/૧૦૧, પ્રેસીડેન્ટ પાર્ક, સે-૨૯, વાશી-૪૦૦૭૦૩.

# ચેક બાઉન્સ કેસમાં રામ ગોપાલ વર્માને જેલ

મુંબઈઃ મુંબઈની અદાલતે ફિલ્મ નિર્માતા રામ ગોપાલ વર્માને ચેક બાઉન્સ કેસમાં ત્રણ મહિનાની કેદની સજા ફટકારી છે અને તેમની વિરુદ્ધ બિનજામીનપાત્ર ધરપકડ વોરંટ જારી કર્યું છે. અંધેરીમાં જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (ફર્સ્ટક્લાસ) વાય. પી. પૂજારીએ મંગળવારે નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની જોગવાઈઓ હેઠળ વર્માને સજાને પાત્ર ગુના માટે દોષી ઠેરવ્યા હતા.

અદાલતે ફિલ્મ નિર્માતાને આદેશની તારીખથી ત્રણ મહિનાની અંદર ૩,૭૨,૨૧૯ રૂપિયાનું વળતર ફરિયાદીને ચૂકવવાનો પણ નિર્દેશ આપ્યો છે.વિગતવાર આદેશ હજી સુધી ઉપલબ્ધ નથી થયો.

આદેશ આપવામાં આવ્યો ત્યારે વર્મા કોર્ટ સમક્ષ હાજર ન હોવાથી અદાલતે કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર (સીઆરપીસી) મુજબ સજાના અમલ માટે તેમની ધરપકડ માટે બિન-જામીનપાત્ર વોરંટ જારી કર્યું હતું.વર્માની કંપની સામે ૨૦૧૮માં એક કંપનીએ ચેક બાઉન્સની ફરિયાદ કરી હતી. અદાલતે વર્માને એપ્રિલ ૨૦૨૨માં પાંચ હજાર રૂપિયાની રોકડ સુરક્ષા પર જામીન આપ્યા હતા. (પીટીઆઈ) ■



**તૈયારી પરેડનીઃ** રવિવારના પ્રજાસત્તાક દિનની પરેડ માટે શિવાજી પાર્કમાં રિહર્સલ કરી રહેલી મુંબઈ પોલીસ. (જયપ્રકાશ કેળકર)

# વધતું પ્રદૂષણઃ મુંબઈમાં પેટ્રોલ અને ડીઝલ વાહનો પર બંધી?

મુંબઈ : મુંબઈમાં વધતી જતી ટ્રાફિકની ભીડ અને પ્રદૂષણની જનજીવન પર ઘણી ખરાબ અસર પડી રહી છે. આ અસરને નિયંત્રિત કરવા માટે સરકાર હવે જાગૃત થઈ છે. સરકારે પેટ્રોલ અને ડીઝલ પર ચાલતા વાહનો પર પ્રતિબંધ મૂકવાનો અને મુંબઈ મેટ્રોપોલિટન રીજન (એમએમઆર)માં માત્ર સીએનજી અને ઇલેક્ટ્રિક વાહનોને જ મંજૂરી આપવાની શક્યતાનો અભ્યાસ કરવા માટે નિષ્ણાંતોની એક સમિતિની રચના કરી છે. પૂર્વ આઈએએસ ઓફિસર સુધીરકુમાર શ્રીવાસ્તવની આગેવાની હેઠળની આ સમિતિ ત્રણ મહિનામાં તેનો રિપોર્ટ સરકારને સબમિટ કરશે.

નોંધનીય છે કે મુંબઈ શહેરમાં ટ્રાફિકની ભીડ અને વધતા જતા પ્રદૂષણ અંગે દાખલ કરવામાં આવેલી સુઓ મોટો અરજી પર બોમ્બે હાઈ કોર્ટે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે મુંબઈમાં વાહનોની વધતી જતી સંખ્યા અને પ્રદૂષણને અંકુશમાં લેવા માટે લાગુ કરવામાં આવેલા વર્તમાન પગલાંઓ અપૂરતા સાબિત થઈ રહ્યા છે, જેનાથી જીવનની ગુણવત્તા, પર્યાવરણ તેમજ નાગરિકોની કાર્યક્ષમતા પર પણ નકારાત્મક અસર પડી રહી છે. રાજ્ય સરકારે હવે કોર્ટના આ આદેશની નોંધ લીધી છે અને નિષ્ણાતોની સમિતિની રચના કરી છે.

આ સમિતિમાં રાજ્યના પરિવહન કમિશનર, પરિવહન વિભાગના જોઈન્ટ કમિશનર, મહાનગર ગેસના મેનેજિંગ ડિરેક્ટર, મહાવિતરણના પ્રોજેક્ટ ડિરેક્ટર, સોસાયટી ઓફ ઇન્ડિયન ઓટોમોબાઇલ મેન્યુફેક્ચરર્સના પ્રમુખને સામેલ કરવામાં આવ્યા છે. ■

# ફ્લેટના સ્કેવર ફૂટને આધારે સોસાયટી મેઈન્ટેનન્સ વસૂલી ન શકે

મુંબઈઃ એક સ્થાનિક કોર્ટે તાજેતરમાં આદેશમાં લોઅર પરેલમાં કોઓપરેટિવ હાઉસિંગ સોસાયટીને તેના સભ્યો પાસેથી તેમના ઘરના સ્કેવર ફૂટને આધારે મેઈન્ટેનન્સ વસૂલવાની મૂક્યો હતો અને કહ્યું હતું કે તે બોમ્બે હાઈ કોર્ટના આદેશનું આ ઉલ્લંઘન છે અને મહારાષ્ટ્ર સરકાર દ્વારા ૨૦૦૦માં બહાર પાડવામાં આવેલા વૈધાનિક આદેશનું ઉલ્લંઘન કરે છે.

વકીલ આભા સિંહ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી બાદ કો-ઓપરેટિવ કોર્ટે ટ્રેડર વર્લ્ડ પ્રિમાઈસીસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીને આદેશ આપ્યો હતો. અરજીમાં એવી દલીલ કરવામાં આવી હતી કે મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ સોસાયટી એક્ટ હેઠળ રાજ્ય સરકારના ૨૦૦૦માં બહાર પાડવામાં આવેલા વૈધાનિક આદેશ અનુસાર હાઉસિંગ સોસાયટીઓ પ્રતિ સ્કેવર ફૂટના આધારે નહીં, પણ પ્રતિ યુનિટ/ફ્લેટના ધોરણે જાળવણી ફી વસૂલવા બંધાયેલી છે એમ એક રાષ્ટ્રીય દૈનિકમાં પ્રસિદ્ધ અહેવાલમાં જણાવાયું હતું.

આ કેસ સોસાયટી દ્વારા ૨૦૨૩માં સિંહને તેમની ઓફિસના વિસ્તાર માટે પ્રતિ ચોરસ ફૂટના ધોરણે ૧૦,૭૭,૪૪૦ના મેઈન્ટેનન્સ ચાર્જ સાથે સંબંધિત છે. દરેક મહિનાના બિલમાં પણ અલગ અલગ રકમ હતી. સિંહે ફેબ્રુઆરી, ૨૦૨૩માં સોસાયટીને ઈ-મેઈલ કરીને બિલમાં સુધારો કરવાની વિનંતી કરી હતી અને કહ્યું હતું કે તે પ્રતિ ચોરસ ફૂટના ધોરણે ચાર્જ ચૂકવવા માટે જવાબદાર નથી. જોકે સોસાયટીએ તેને સાત દિવસમાં બાકીની રકમ ક્લિયર કરવાનો નિર્દેશ કર્યો હતો, એ સમયે સિંહે આ મામલાને કોર્ટમાં લઇ જવાનું નક્કી કર્યું હતું.

સિંહે એવી દલીલ કરી હતી કે સોસાયટીની બિલિંગ પ્રેક્ટિસ બોમ્બે હાઈ કોર્ટના આદેશનું ઉલ્લંઘન કરે છે જેમાં જણાવ્યું હતું કે સોસાયટી દ્વારા ફ્લેટના કદ પ્રમાણે જાળવણીનો ચાર્જ લેવાનો કોઇ તર્કસંગત આધાર નથી. તેણે એ બાબતને પણ હાઈલાઈટ કરી હતી કે તે બાકીના સભ્યોની જેમ સમાન સુવિધાઓનો ઉપયોગ કરી રહી છે. આથી પ્રતિ સ્કેવર ફૂટના આધારે ચાર્જ ચૂકવવા માટે તે જવાબદાર નથી. સમાજની આવી ભેદભાવપૂર્ણ પ્રથાની ટીકા કરીને તેણે સમાન રીતે ચાર્જ કરવા પર ભાર મૂક્યો હતો.

દસ્તાવેજોને તપાસ્યા પછી ન્યાયાધીશ એસ.કે. દેવકરની અધ્યક્ષતાવાળી કો-ઓપરેટિવ કોર્ટની બેંચે નોંધ્યું હતું કે સિંહ દ્વારા રજૂ કરાયેલા ૧૩ જાળવણી બિલમાં કોઇ પણ કારણનો ઉલ્લેખ કર્યા વિના દર મહિને અલગ અલગ રકમ હતી. તેમાં જણાવાયું હતું કે પ્રતિ ચોરસ ફૂટના ધોરણે મેઈન્ટેનન્સ ચાર્જ વસૂલતી સોસાયટી ગેરકાયદે છે. સોસાયટી યુનિટ/ફ્લેટદીઠ બિલ આપી શકે છે અને ભેગો પણ કરી શકે છે, એવો ચુકાદો કોર્ટે આપ્યો હતો.

# લાડકી બહેનનો લાભ લેતી બાંગ્લાદેશી મહિલા પકડાઇ

મુંબઈઃ મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે શહેરમાં ગેરકાયદે વસવાટ કરતા પાંચ બાંગ્લાદેશીને પકડી પાડ્યાં હતાં, જ્યારે તેમને આશ્રય આપવાના આરોપસર ભારતીય નાગરિક મહાદેવ યાદવની ધરપકડ કરવામાં આવી હતી. તપાસમાં જાણવા મળ્યું હતું કે પકડોલા બાંગ્લાદેશીઓમાંની એક મહિલા તો સરકારી યોજના મુખ્યમંત્રી ‘માઝી લાડકી બહિણ યોજના’ની લાભાર્થી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ધરપકડ કરાયેલા બાંગ્લાદેશીઓની ઓળખ બિસ્તી જલાલ ફકીર સંકુલ શેખ, અલીમ અખ્તર ગુલામ રસુલ અલી, ઉર્મિલા અખ્તર મુલ્લા ખાતુન, મોહંમદ મુસ્તફા મુન્સી અને મોહંમદ ઓસિકુર રહેમાન તરીકે થઇ હતી.

પોલીસે ૨૦ જાન્યુઆરીએ કામાઠીપુરા ખાતે ડિમટિમકર રોડ પર ૯મી ગલીમાંથી બાંગ્લાદેશીઓને તાબામાં લીધા હતા અને નાગપાડા પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, એમ અધિકારીએ કહ્યું હતું. દરમિયાન ઉર્મિલા ખાતુનના વકીલે જણાવ્યું હતું કે તેની અસીલ ભારતીય છે અને એ સાબિત કરવા તેની પાસે બધા દસ્તાવેજો છે. વકીલે ઉમેર્યું હતું કે લાડકી બહેનના બે હપ્તા પણ તેના અસીલના ખાતામાં જમા થયા હતા. જોકે પોલીસે દાવો કર્યો હતો કે મહાદેવ યાદવ સિવાય બાકીના પાંચેય જણ બાંગ્લાદેશી છે.■

# કપિલ શર્માને કોણે ધમકાવ્યો?

## આ ઉપરાંત રાજપાલ યાદવ અને રેમો ડી’સોઝાને પણ ધમકી

મુંબઈઃ કોમેડિયન કપિલ શર્મા, અભિનેતા રાજપાલ યાદવ અને કોરિયોગ્રાફર રેમો ડી’સોઝા સહિત ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા અમુક લોકોને ધમકીભર્યા ઈ-મેઈલ મળતાં મુંબઈ પોલીસે ગુનો નોંધ્યો હતો. મેઈલ પાકિસ્તાનથી મોકલવામાં આવી હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં જણાયું હતું.

પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ ૧૪ ડિસેમ્બરે અભિનેતા રાજપાલ યાદવને ‘વિષ્ણુ’નામની વ્યક્તિએ મેઈલ મોકલાવ્યા બાદ અંબોલી પોલીસે એફઆઈઆર નોંધ્યો હતો. મેઈલમાં રાજપાલ યાદવ, તેના પરિવાર અને કોમેડિયન કપિલ શર્માને નુકસાન પહોંચાડવાની ધમકી આપવામાં આવી હતી.

‘તારી તાજેતરની બધી પ્રવૃત્તિ પર અમારી નજર છે. આમાંની કેટલીક સંવેદનશીલ બાબતો તમારા ધ્યાનમાં લાવવાનું અનિવાર્ય હોવાનું અમને લાગે છે. આ કોઈ પ્રસિદ્ધિ માટેનો સ્ટન્ટ નથી કે નથી તને હેરાન કરવાનો કોઈ પ્રયાસ,’ એવું જણાવીને મેઈલમાં ચેતવણી અપાઈ હતી કે આ સંદેશાની ગંભીરતા અને ગુપ્તતા બન્ને સમજજે.

પોલીસની પ્રાથમિક તપાસમાં જણાયું હતું કે આ મેઈલ જે ઈ-મેઈલ આઈડી પરથી આવી હતી તે પાકિસ્તાનની છે. પાકિસ્તાનથી કોઈએ મેઈલ કર્યો હોવાનું જણાઈ રહ્યું છે. આ મામલે પોલીસ વધુ તપાસ કરી રહી છે. દરમિયાન કોરિયોગ્રાફર રેમો ડી’સોઝા સાથે સિંગર અને કોમેડિયન સુગંધા મિશ્રાએ પણ આવા જ પ્રકારની ફરિયાદ સાથે ઓશિવરા પોલીસનો સંપર્ક સાધ્યો હતો. (પીટીઆઈ) ■

# હોટેલિયર પાસે અઢી કરોડની ખંડણી માગનાર ગેન્ગસ્ટર ડી.કે. રાવ પકડાયો

મુંબઈઃ ૭૪ વર્ષના હોટેલિયરને જાનથી મારી નાખવાની ધમકી આપી અઢી કરોડ રૂપિયાની ખંડણી માગવાના આરોપસર ખંડણી વિરોધી શાખાએ ગેન્ગસ્ટર ડી. કે. રાવ સહિત સાત જણની ધરપકડ કરી હતી. આરોપીઓએ હોટેલિયરને છેતરીને તેની હોટલ હડપ કરવાના ઇરાદે બનાવટી દસ્તાવેજો બનાવ્યા હોવાનો આરોપ ફરિયાદમાં કરાયો હતો. છોટા રાજનના સાગરીત ડી. કે. રાવ સામે ૪૧ ગુના દાખલ હોવાનું પોલીસે જણાવ્યું હતું.



ખંડણી વિરોધી શાખાએ ધરપકડ કરેલા આરોપીઓમાં રવીન્દ્ર મલ્લેશ બોરા ઉર્ફે ડી. કે. રાવ સહિત અબુબકર અબ્દુલ્લા સિદ્દીકી, ઇમરાન કલીમ શેખ, રિયાઝ કલીમ શેખ, આસિફ સત્તન ખાન ઉર્ફે આસિફ દરબાર, જાવેદ જલાલુદ્દીન ખાન અને હનીફ ઇસ્માઇલ નાઇકનો સમાવેશ થાય છે. આરોપી ડી. કે. રાવ, આસિફ ખાન અને હનીફ નાઇક વતી એડવોકેટ આલોક સિંહ, કિરણ જાધવ, સુમિત્રા ભોસલે, જ્યારે આરોપી અબુબકર સિદ્દીકી વતી એડવોકેટ કામિની જાધવ હાજર રહ્યાં હતાં અને તેમણે દલીલ કરી હતી. બંને પક્ષની દલીલ સાંભળ્યા બાદ કોર્ટે આરોપીઓને ૩૦ જાન્યુઆરી સુધી પોલીસ કસ્ટડી ફટકારી હતી.

આ કેસના ફરિયાદીની માલિકીની અંધેરી પૂર્વમાં કંપની હતી, જ્યાં હોટેલ શરૂ કરવાની તેમને સલાહ આપવામાં આવી હતી, જે અબુબકર સિદ્દીકી અને તેના પિતાએ ચલાવવા લીધી હતી. ફેબ્રુઆરી, ૨૦૨૧માં લોકડાઉન વખતે ફરિયાદીની પત્નીને ભાડું લેવા માટે બાંદ્રા બોલાવાઇ હતી, જ્યાં રેન્ટ એગ્રીમેન્ટ પર તેની સહી અને અંગૂઠાના નિશાન લેવાયા હતા. બાદમાં ફરિયાદીને અબુબકર અને તેના પિતા ભાડું આપવા માટે ટાળાટાળ કરવા લાગ્યા હતા અને હોટેલમાં ન આવવા માટે ધમકી આપી હતી. ત્યાર બાદ સમયાંતરે તેઓ ફરિયાદીને વારંવાર ધમકી આપતા હતા અને હોટેલ પચાવી પાડવાનો પ્રયાસ કરતા હતા, એવો ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો.

દરમિયાન સપ્ટેમ્બર, ૨૦૨૪માં હોટેલ સંદર્ભે સેટલમેન્ટ કરવા માટે ફરિયાદીને વિલે પાર્લેની હોટેલમાં બોલાવવામાં આવ્યો હતો. જોકે ફરિયાદીની તબિયત નાદુરસ્ત હોવાથી તેમણે સાક્ષીદારને મોકલ્યો હતો. એ હોટેલમાં ડી. કે. રાવ તથા અન્ય લોકો હાજર હતા. એ સમયે ડી. કે. રાવે સાક્ષીદાર તથા ફરિયાદીને ધમકી આપીને અઢી કરોડ રૂપિયાની ખંડણી માગી હતી. આ પ્રકરણે એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાતાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને કેસની તપાસ બાદમાં ખંડણી વિરોધી શાખાને સોંપવામાં આવી હતી. ■

# જોગેશ્વરી, નવી મુંબઈની સ્કૂલોને બૉમ્બથી ઊડાડવાની ધમકી

મુંબઈઃ મુંબઈમાં જોગેશ્વરી અને નવી મુંબઈની બે સ્કૂલમાં બોમ્બની ધમકીભર્યા ઈ-મેલને કારણે પોલીસ પ્રશાસન ફરી દોડતું થઈ ગયું હતું. પોલીસ અને બોમ્બ સ્કવોડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી હતી. સમગ્ર સ્કૂલના વિસ્તારને સીલ કરવામાં આવ્યા પછી પોલીસ સઘન તપાસ કરી છે. જોકે, બોમ્બના ઈ-મેલને કારણે સમગ્ર સ્કૂલના પરિસરમાં ડરના માહોલનું નિર્માણ થયું હતું.

જોગેશ્વરી અને ઓશિવરા વિસ્તારની એક સ્કૂલમાં બોમ્બની ધમકીભર્યો ઈમેલ મળતા ખળભળાટ મચી ગયો છે. ધમકી મળ્યા પછી મુંબઈ પોલીસ અને બોમ્બ સ્ક્વોડની ટીમ સ્કૂલ પરિસરમાં પહોંચી હતી અને તપાસ હાથ ધરી છે. આ ઈ-મેલમાં અફઝલ ગેંગ તરફથી બોમ્બ રાખવામાં આવ્યો હોવાનો દાવો કર્યો હતો. પોલીસે સમગ્ર વિસ્તારને સીલ કર્યા પછી શંકાસ્પદ ગતિવિધિ પર તપાસ હાથ ધરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

દરમિયાન નવી મુંબઈની એક ખાનગી સ્કૂલમાં પણ ધમકીભર્યો ઈ-મેલ મળી હતી. આ ઈ-મેલ સવારે સ્કૂલ પ્રશાસનને મળ્યો હતો, ત્યાર બાદ નવી મુંબઈ પોલીસ અને બોમ્બ સ્કવોડની ટીમ ઘટનાસ્થળે રવાના થઈ હતી. પોલીસ પ્રશાસનની ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. ■

# મહારાષ્ટ્રે ૬૧ એમઓયુ પર હસ્તાક્ષર કર્યા, ૧૫.૭૦ લાખ કરોડ રૂપિયાનું રોકાણ, ૧૬ લાખ નોકરીઓઃ ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે જણાવ્યું હતું કે દાવોસમાં વર્લ્ડ ઇકોનોમિક ફોરમની તેમની મુલાકાત દરમિયાન ૧૫.૭૦ લાખ કરોડ રૂપિયાના રોકાણ અને રાજ્યમાં ૧૬ લાખ નોકરીઓ પૂરી પાડવાની ક્ષમતા ધરાવતા ૬૧ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. ૨૦ જાન્યુઆરીથી સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં ડબ્લ્યુઈએફની વાર્ષિક પાંચ દિવસની બેઠક ચાલી રહી છે. મુખ્ય પ્રધાન ફડણવીસ રાજ્યના પ્રતિનિધિમંડળ સાથે બેઠકમાં હાજરી આપી રહ્યા છે. દાવોસથી ઝૂમ લિંક દ્વારા કેટલાક પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું કે આમાંથી સાત એમઓયુ રોકાણ નહીં પણ ગતિશીલતા અને શિક્ષણમાં જ્ઞાન માટે વ્યૂહાત્મક ભાગીદારી માટેના છે. તેમણે જણાવ્યું હતું કે તમામ એમઓયુમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ગ્રીન એનર્જી, ઇલેક્ટ્રોનિક્સ, આઇટી, સ્ટીલ, સંરક્ષણ, કાપડ, સૌર, બાયોટેકનોલોજી, ફાર્મા વગેરે ક્ષેત્રોમાં ૯૮ ટકા એફડીઆઈ ઘટક છે.

મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર) અને પુણે માટે છ લાખ કરોડ રૂપિયાના સમજૂતી કરાર, પાંચ લાખ રૂપિયા વિદર્ભ માટે, ૩૦,૦૦૦ કરોડ રૂપિયા ઉત્તર મહારાષ્ટ્ર માટે અને ૨૦,૦૦૦-૨૫,૦૦૦ કરોડ રૂપિયા મરાઠવાડા માટે આવ્યા છે, એમ ફડણવીસે જણાવ્યું હતું. આ સમજૂતી કરારોનો અમલ દર ૬૫-૭૦ ટકા છે, એમ તેમણે જણાવ્યું હતું. મોટાભાગના સમજૂતીના કરાર ટકાઉપણું, ગ્રીન હાઇડ્રોજન અને સ્વચ્છ બળતણ સાથે જોડાયેલા છે, એમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. આ વર્ષના ડબ્લ્યુઈએફની થીમ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) છે, એમ તેમણે કહ્યું હતું.

‘એઆઈએ ઉદ્યોગ અને રોજગાર બજાર બદલી નાખ્યું છે અને આપણે ટેકનોલોજીને સ્વીકારવી પડશે, એમ ફડણવીસે કહ્યું હતું. ■

## દાવોસમાં એમઓયુ જેની સાથે કરાયા એ ૧૫ કંપની તો મુંબઈની જઃ આદિત્ય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરેએ ગુરુવારે દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ હેઠળની મહારાષ્ટ્ર સરકાર પર નિશાન સાધતા કહ્યું હતું કે દાવોસમાં વર્લ્ડ ઇકોનોમિક ફોરમ (ડબ્લ્યુઈએફ)માં હસ્તાક્ષર કરાયેલા ૨૯ રોકાણના એમઓયુમાંથી ફક્ત એક જ કંપની ભારતની બહારની છે. ૨૦ જાન્યુઆરીથી સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં ડબ્લ્યુઈએફની વાર્ષિક પાંચ દિવસની બેઠક ચાલી રહી છે. મુખ્ય પ્રધાન ફડણવીસના નેતૃત્વ હેઠળ રાજ્યનું પ્રતિનિધિમંડળ સાથે બેઠકમાં હાજરી આપી રહ્યું છે.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં, ઠાકરેએ એવો આરોપ લગાવ્યો હતો કે મુખ્ય પ્રધાન ફડણવીસનો દાવોસ પ્રવાસ તેમના કાર્યાલય દ્વારા ‘સંપૂર્ણપણે ખોટી રીતે ગોઠવાયેલો’ હોય તેવું લાગે છે.

‘૨૯ કંપનીઓ સાથે હસ્તાક્ષર કરાયેલા પ્રસ્તાવિત રોકાણ માટેના એમઓયુમાંથી ફક્ત એક ભારતની બહારની છે. બાકીના બધા ભારતીય છે અથવા ભારતમાં મુખ્ય મથક/બેઝ ધરાવે છે,’ એમ તેમણે કહ્યું હતું.

‘૨૯ કંપનીઓમાંથી ૨૦ કંપનીઓ મહારાષ્ટ્રમાં આવેલી છે, જેમાંથી ૧૫ કંપનીઓ મુંબઈમાં છે જ્યાં મુખ્ય પ્રધાનનું કાર્યાલય આવેલું છે,’ એમ મુંબઈના વરલી વિસ્તારના વિધાનસભ્યે કહ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું કે દાવોસ એક રાજ્ય માટે વૈશ્વિક સંબંધો બનાવવા માટેનું સૌથી અદ્‌ભૂત સ્થળ છે, જ્યાં ઘણા બધા અદ્‌ભૂત પ્રતિભાશાળી વ્યક્તિઓ અને સંગઠનો એક સાથે આવે છે. ■

# સૈફ પર ખરેખર હુમલો થયો હતો કે તે ઍક્ટિંગ કરી રહ્યો છે?

## શિંદે-સેના પછી ભાજપના પ્રધાને કર્યો સવાલ

મુંબઈઃ અભિનેતા સૈફ અલી ખાનને ૨૧ જાન્યુઆરીએ હોસ્પિટલમાંથી રજા મળી હતી અને તેઓ તેમના ઘરે પરત ફર્યા છે. ૧૬ જાન્યુઆરીએ રાત્રે થયેલા હુમલામાં તેમને ગંભીર ઈજા થઈ હતી. તેમની સર્જરી કરવામાં આવી હતી. જોકે, તે આટલા જલદી સાજા થઈ ગયા અને હોસ્પિટલમાંથી રજા મળી ગઈ તે લોકોને સમજમાં આવી નથી રહ્યું. અગાઉ શિંદે સેનાના સંજય નિરુપમ અને હવે ભાજપના નિતેશ રાણેએ પણ આ અંગે સવાલ ઉઠાવ્યા છે.

પુણે ખાતે એક સભામાં ભાજપના નેતા નિતેશ રાણેએ સવાલ કર્યો હતો કે શું સેફ અલી ખાન પર ખરેખર છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો કે તે માત્ર એક્ટિંગ જ કરી રહ્યો હતો. પોતાના નિવેદનમાં કહ્યું હતું કે એક બાંગ્લાદેશી સેફ અલી ખાનના ઘરમાં ઘૂસ્યો હતો. આ બાંગ્લાદેશી ઘૂસણખોરો મુંબઈમાં શું કરી રહ્યા છે અને તેમની હિંમત જુઓ. પહેલા તેઓ સડકો પર રહેતા હતા, પરંતુ હવે તેઓ સૈફના ઘરમાં ઘૂસ્યા હતા. કદાચ તેઓ સૈફને લેવા આવ્યા હતા. એ સારી વાત છે. કચરો તો નીકળી જ જવો જોઇએ.

નિતેશ રાણેએ એમ પણ જણાવ્યું હતું કે, સૈફ અલી ખાનને જોઈને મને શંકા થાય છે કે તેને ખરેખર છરો મારવામાં આવ્યો હતો કે તે માત્ર એક્ટિંગ જ કરી રહ્યો હતો. જિતેન્દ્ર આવ્હાડ અને સુપ્રિયા સુળેને હિન્દુ કલાકારોની પરવા નથી તેઓ માત્ર ખાન કલાકારની જ ચિંતા કરતા હોય છે. જ્યારે સુશાંત સિંહ રાજપૂતનું મૃત્યુ થયું ત્યારે સુપ્રિયા કે જિતેન્દ્ર કંઇ બોલવા આગળ નહોતા આવ્યા, પરંતુ તેમને સેફ અલી ખાનની ચિંતા છે.

નોંધનીય છે કે આ અગાઉ શિંદેની શિવસેનાના નેતા સંજય નિરુપમે પણ સોશિયલ મીડિયા ઉપર સૈફ અલી ખાનના હુમલા અંગે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું અને સવાલ કર્યો હતો કે સૈફ અલી ખાન માત્ર પાંચ દિવસમાં હોસ્પિટલમાંથી કેવી રીતે બહાર આવી ગયો. સેફની પીઠમાં અઢી ઇંચની છરી ઘૂસી ગઈ હતી અને તેને કાઢવા માટે છ કલાક લાંબું ઓપરેશન થયું હતું. ને આટલી મોટી સર્જરી થઇ હોવા છતાં પણ માત્ર પાંચ દિવસમાં સૈફ અલી ખાન કેવી રીતે ફિટ થઈ ગયો છે એવા તેમણે સવાલ ઉઠાવ્યા હતા. ■

## સૈફને પોલીસ સુરક્ષા આપવામાં આવી

મુંબઈઃ અભિનેતા સૈફ અલી ખાન પર તેના જ ફ્લૅટમાં ઘૂસી હુમલો કરવામાં આવ્યાની ઘટના બાદ પોલીસે તેને સુરક્ષા પૂરી હતી. બન્ને શિફ્ટમાં બે-બે કોન્સ્ટેબલ હવેથી સૈફની ઈમારત બહાર સતત પહેરો ભરશે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

બાન્દ્રા પશ્ચિમમાં સતગુરુ શરણ ઈમારતમાં આવેલા સૈફના ઘરમાં ઘૂસી આરોપી શરીફુલ ફકીરે (૩૦) ચાકુથી હુમલો કર્યાની ઘટનાથી બોલીવૂડ હચમચી ઊઠ્યું હતું. સૈફની સુરક્ષાને લઈ સવાલો કરવામાં આવ્યા હતા. વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ સૈફ અલી ખાન રહે છે એ ઈમારત બહાર હાલપૂરતી પોલીસ સુરક્ષા ગોઠવી દેવામાં આવી છે. બાન્દ્રા પોલીસ સ્ટેશનના બે કોન્સ્ટેબલ બે શિફ્ટમાં સુરક્ષા માટે તહેનાત રહેશે. સીસીટીવી કૅમેરા અને બારીની ગ્રિલ્સ પણ સુરક્ષાનાં કારણોસર લગાવી દેવામાં આવી છે. (પીટીઆઈ) ■

## સૈફના હુમલામાં વપરાયેલા ચાકુનું હૅન્ડલ બાંદ્રા તળાવ પાસેથી મળ્યું

મુંબઈઃ એક તરફ સૈફ પરના હુમલા અને તેના સંદર્ભમાં પકડાયેલા હુમલાખોર મામલે જાતજાતની તર્કવિર્તક થઈ રહ્યા છે ત્યારે બીજી બાજુ પોલીસ પોતાનું કામ કરી રહી છે. પોલીસે ચાકુનો વધુ એક ભાગ બાંદ્રા તળાવ પાસેથી મેળવવામાં સફળતા મળી છે. હુમલો કર્યા બાદ આરોપી શહેજાદે રેલવે સ્ટેશન જતી વખતે તળાવ પાસે છરીનું હેન્ડલ ફેંકી દીધું હતું. બુધવારે પોલીસે આ છરીનું હેન્ડલ જપ્ત કર્યું હતું.

સૈફ અલી ખાન કેસમાં પોલીસે અત્યાર સુધી ઘણા પુરાવા ભેગા કર્યા છે. કેસની તપાસ વખતે આરોપીના ફિંગર પ્રિન્ટ, આરોપીની કેપ, લોહીના ધબ્બાવાળા કપડાં, એક મોબાઈલ ફોન, ઈયરફોન અને છરીના બે ભાગ ભેગા કરવામાં આવ્યા છે. હવે પોલીસને છરીનો ત્રીજો ભાગ પણ મળી ગયો છે. ■

# કુસ્તી અને સૈફના હુમલાખોરને દૂર દૂર સુધી કોઈ સંબંધ નથી

## આવો દાવો ખુદ શરીફુલના પિતાએ કર્યોઃ બાંગ્લાદેશમાં બાઈક ચલાવનારા શરીફુલનું લાઈસન્સ પોલીસને હાથ લાગ્યું

મુંબઈઃ બોલીવૂડના અભિનેતા સૈફ અલી ખાન પર છરીથી હુમલો કરવાના કેસમાં ધરપકડ કરાયેલો આરોપી શરીફુલ ફકીર (૩૦) પહેલવાન હતો અને કુસ્તી માટે અખાડામાં ઊતરતો હતો, એવા અહેવાલને રદિયો આપતાં તેના પિતા રુહુલ અમીન ફકીરે દાવો કર્યો હતો કે શરીફુલ ક્યારેય કુસ્તી રમ્યો નથી. બીજી બાજુ, બાંગ્લાદેશમાં બાઈક ચલાવનારા શરીફુલનું લાઈસન્સ પોલીસને હાથ લાગ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.મુંબઈ પોલીસે ૧૬ જાન્યુઆરીના મળસકે ચોરીને ઇરાદે ફ્લૅટમાં ઘૂસી સૈફ પર છરીથી હુમલો કરવાના કેસમાં શનિવારની મધરાતે શરીફુલ ફકીરને ઘોડબંદર રોડ પરના મૅન્ગ્રોવ્ઝમાંથી પકડી પાડ્યો હતો. શરીફુલ બાંગ્લાદેશી નાગરિક હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. તેનો પરિવાર બાંગ્લાદેશમાં રહે છે. શરીફુલના ભાઈએ મોકલાવેલું સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ પણ શરીફુલના મોબાઈલ ફોનમાંથી મળી આવ્યું હતું. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મોબાઈલમાંથી મળેલું એલસી શરીફુલ બાંગ્લાદેશી હોવાનો પુરાવો છે. હવે પોલીસને તેનું બાંગ્લાદેશનું બાઈક ચલાવવાનું લાઈસન્સ પણ મળી આવ્યું છે. શરીફુલ બાંગ્લાદેશી હોવાનો આ વધુ એક પુરાવો હાથ લાગ્યો હોવાનું પોલીસનું કહેવું છે.

રુહુલે જણાવ્યું હતું કે ગામમાં તેમના પરિવાર પર ઘણા અત્યાચાર થયા હતા. રહેવું મુશ્કેલ થતાં કોઈ પણ દસ્તાવેજો વિના માર્ચ, ૨૦૨૪માં શરીફુલ ગેરકાયદે માર્ગે ભારતમાં ઘૂસ્યો હતો. બાંગ્લાદેશમાં તે પેસેન્જરો માટેની બાઈક ચલાવતો હતો. અમારા ગામના ઘણાખરા લોકો આ કામ કરે છે. ■




પ્રકરણ: ૨૧

# ચહેરા મોહરા

**તુલસીરામ બાપુનું વ્યક્તિત્વ ચુંબકીય હતું. કોઈ પણ માણસ એક વાર બાપુને મળે અને તેમની પ્રતિભાથી ન અંજાય તેવું ભાગ્યે જ બનતું હશે. બાપુ આંખ ખોલે તેની સોહમ આતુરતાથી રાહ જોઈ રહ્યો...**

પ્રફુલ્લ કાનાબાર





ત્યારે જ અચાનક મોટો ધડાકો થતાં સોહમ ચમકી ગયો. એનું હૃદય જાણે કે એકાદ થડકારો ચૂકી ગયું.

સોહમે બારીમાંથી ડોકું બહાર કાઢીને ઉપર જોયું. અચાનક આશ્રમની કમ્પાઉંડ વોલ કૂદીને

ગાડીના છાપરા પર થઈને એક વાંદરો સામેના ઝાડ પર ચડી ગયો હતો. સોહમે ગાડીમાં બેઠા બેઠા જ નજર દોડાવી. સૂર્યાસ્ત થવાને હજુ ખાસ્સી વાર હતી. આશ્રમનું બેઠા ઘાટનું મોટું મકાન હતું. આજુબાજુમાં અઢળક વૃક્ષો હતાં. એ વિવિધ વૃક્ષોને કારણે મકાન અડધું ઢંકાઈ જતું હતું. મેદાનમાં નીરવ શાંતિ પથરાયેલી હતી. પક્ષીઓના કલરવનો અવાજ સ્પષ્ટ સંભળાઈ રહ્યો હતો. થોડે દૂર ચબૂતરામાં કબૂતરો ચણી રહ્યા હતા. સોહમે બેઠા બેઠા જ પાછા વળીને જોયું. જે દરવાજામાંથી ગાડી પ્રવેશી હતી તેની ડાબી બાજુએ એક નાનકડું શિવજીનું મંદિર હતું. બાજુમાં જ બીલીપત્રનું ઝાડ હતું. મેદાનની મધ્યમાં એક ફુવારો પણ હતો, જેની ચારે બાજુએ લેન્ડસ્કેપ કરેલી લોન હતી. વિશાળ મેદાનમાં થોડે દૂર એક મોંઘી કાર પણ પાર્ક થયેલી હતી.

સોહમ વિચારી રહ્યો.. એ કાર કદાચ તુલસીદાસ બાપુની તહેનાતમાં જ રહેતી હોવી જોઈએ. સોહમ સારી રીતે જાણતો હતો કે સાધુઓના ત્રણ ચાર એકરની વિશાળ જગ્યામાં પથરાયેલા આશ્રમની આપણા દેશમાં નવાઈ જેવું નથી. મહિના પહેલાં જે તુલસીરામ બાપુએ જેલમાં કેદીઓને સુધારવા માટે પ્રવચન આપ્યું હતું એ જ બાપુના આશ્રમમાં આજે સોહમ તેમને મળવા માટે ઉત્સુક હતો! શું આ શતરંજનો ખેલ છે કે નિયતિનો?

સોહમ મનમાં જ મલક્યો. જીવનમાં કાંઈ ન કરી શક્યાનો રંજ ન રહેવો જોઈએ...આખરે જીવન પણ એક બાજી જ છે !

ખાસ્સી વાર બાદ પ્રભાસ પરત આવ્યો. તેણે સોહમની બાજુનો દરવાજો ખોલીને કહ્યું 'ચાલો' સોહમે પાછળની સીટમાં રાખેલી એટેચી હાથમાં લઇ લીધી. પ્રભાસ મોટા ડગલાં ભરતો આશ્રમના બિલ્ડિંગ તરફ આગળ વધ્યો. સોહમ તેની પાછળ યંત્રવત દોરવાયો. આશ્રમનું બિલ્ડિંગ માત્ર બે જ માળનું હતું પણ ખાસ્સું લાંબું હતું. બિલ્ડિંગને ફરતી વ્યવસ્થિત રીતે લેન્ડસ્કેપ કરેલી લોન અને તેની વચ્ચે બનાવવામાં આવેલી પગદંડી જાણે કે ભક્તોને મોક્ષના માર્ગે જ લઇ જશે તેવી આભા ઊભી કરી રહી હતી! એ પગદંડી પર પ્રભાસના પગલે જ ચાલી રહેલો સોહમ ચારે બાજુ નિરીક્ષણ કરી રહ્યો હતો.

અચાનક પ્રભાસે પાછળ ફરીને સોહમને કહ્યું બાપુ પાસે જતા પહેલાં તમારી બેગ મૂકવાની વ્યવસ્થા કરવી પડશે. 'જેમ તમને યોગ્ય લાગે તેમ' સોહમે ધીમેથી જવાબ આપ્યો. આશ્રમના માહોલમાં એટલી બધી શાંતિ પ્રસરી રહી હતી કે માણસનો અવાજ ગળામાંથી ધીમો જ બહાર નીકળે. બંને બિલ્ડિંગની અંદર પ્રવેશ્યા.

સોહમે જોયું કે નીચે જ એક વિશાળ હોલ પણ હતો. હોલની બાજુમાં જ દાદરો હતો. દાદરના પગથિયાની નીચે ખાલી પડતી જગ્યામાં એક બંધ ખાનું હતું. પ્રભાસે એનો પ્લાયવૂડનો દરવાજો ખોલીને કહ્યું અત્યારે અહીં બેગ મૂકી દો. રૂમ એલોટ કરવામાં આવે ત્યારે ત્યાં સાથે લઇ જજો. સોહમે તરત હાથમાં રાખેલી એટેચી વોર્ડરોબના ખાના જેવી એ જગ્યામાં મૂકી દીધી. એ જ ખાનામાં પ્રભાસે પોતાનો ફોન મૂકતાં કહ્યું : 'ઉપર ફોન લઇ જવાની પરવાનગી નથી.'

સોહમે ત્વરિત શર્ટના ઉપલા ખિસ્સામાંથી પોતાનો સેલફોન કાઢીને ત્યાં જ મૂકી દીધો. પ્રભાસે તરત ઓટોલોકવાળું ખાનું બંધ કરી દીધું. પ્રભાસ ઝડપથી પગથિયા ચડવા લાગ્યો. સોહમ પણ તેની પાછળ પાછળ પહેલા માળે પહોંચ્યો. એક પછી એક ખંડ વટાવતાં વટાવતાં એક વાતાનુકૂલિત ખંડ પાસે આવીને પ્રભાસે પોતાના ચપ્પલ કાઢી નાખ્યા. સોહમે પણ તેનું અનુકરણ કર્યું. ધીમેથી કાચનો દરવાજો ખોલીને બંને ખંડમાં પ્રવેશ્યા. હા એ તુલસીરામ બાપુનો જ સભાખંડ હતો.

સોહમે અંદર પ્રવેશતાં જ એસીની ઠંડક અનુભવી. હોલની અંદર પીનડ્રોપ સાયલેન્સ પથરાયેલું હતું. સામે જ ગાદી પર તુલસીરામ બાપુ બિરાજમાન હતા. તેમની પાછળ બેકગ્રાઉન્ડની દીવાલ પર એવી રીતે ઓઈલ પેન્ટ વડે ઓમકાર લખવામાં આવ્યો હતો કે તેની સામે એક નજરે જોનારને એવો અહેસાસ થાય કે ગોળાકાર ભાગ જાણે કે વ્યક્તિને દૂર દૂર સુધી અંદર લઇ જઈ રહ્યો છે! આખી દીવાલ પર અદ્ભુત રીતે દોરાયેલ ઓમકાર ખરેખર તો કલાકારની જ કમાલ હતી!

તુલસીરામ બાપુએ ભગવા વસ્ત્રો અને ગળામાં રુદ્રાક્ષની માળા ધારણ કરી હતી. તેમના ગોરા અને તેજસ્વી ચહેરા પર અકળ સ્મિત રમી રહ્યું હતું. ખંડ ગુલાબની સુવાસથી મહેકી રહ્યો હતો. સોહમે ચારે બાજૂ નજર કરી. ગુલાબના ફૂલ કે હાર ક્યાંય દેખાયા નહી. ઇવન આજુબાજુમાં ક્યાંય અગરબત્તી પણ નહોતી. સોહમને લાગ્યું કે કદાચ એ પરફ્યુમની અથવા એર ફ્રેશનરની સુવાસ હતી. પ્રભાસની સાથે અજાણ્યા યુવાનને આવેલો જોઇને બાપુની સામે બેઠેલા તેમના લગભગ બે ડઝન જેટલા યુવાન શિષ્યો એક પછી એક ઊભા થઈને બાપુના ચરણોને સ્પર્શ કરીને શિસ્તબદ્ધ રીતે ખંડની બહાર જવા લાગ્યા.સોહમને લાગ્યું કે કદાચ બાપુનો શિષ્યો સાથેનો વાર્તાલાપ થોડીક ક્ષણો પહેલાં જ પૂરો થયો હોવો જોઈએ.

સોહમને એ વાતનો તો અંદાજ હતો જ કે પ્રભાસે પહેલાં એકલા અહીં આવીને બાપુને તેના આગમનની જાણ કરી હતી. પ્રભાસને નીચે પરત આવતાં ખાસ્સી વાર લાગી હતી. કદાચ બાપુએ જ પ્રભાસને વીસેક મિનિટ બાદ સોહમને તેમની પાસે લાવવાની સૂચના આપી હોવી જોઈએ. શિષ્યોની પાછળ પ્રભાસ પણ ખંડની બહાર નીકળી ગયો.


હવે ખંડમાં તુલસીરામ બાપુ અને સોહમ બંને એકલાં જ હતા.બાપુએ બંને આંખો બંધ કરીને મોટેથી હરિ ઓમનો ઉચ્ચાર કર્યો. સોહમને યાદ આવી ગયું કે એ દિવસે ગોહિલ સાહેબની કેબિનમાં પણ તેમણે વાતની શરૂઆત કરતા પહેલાં આમ જ કર્યું હતું. લગભગ બે મિનિટ સુધી બાપુએ આંખો ખોલી નહી. સોહમ તેમને તાકી રહ્યો હતો. સોહમે નોંધ્યું કે તુલસીરામ બાપુનું વ્યક્તિત્વ ચુંબકીય હતું. કોઈ પણ માણસ એક વાર બાપુને મળે અને તેમની પ્રતિભાથી ન અંજાય તેવું ભાગ્યે જ બનતું હશે. બાપુ આંખ ખોલે તેની સોહમ આતુરતાથી રાહ જોઈ રહ્યો. સાથોસાથ સોહમે મનોમન એ પણ નક્કી કરી લીધું કે બાપુ પૂછે તેના સાચા જ જવાબો આપવા છે. આમ પણ સોહમના સ્વભાવમાં ખાસ કારણ વગર ખોટું બોલવાનું આવતું જ નહોતું. જોકે બાપુ હવે કેટલા પાના ઊતરે છે અને કેટલા હાથમાં પકડી રાખે છે તે જોવાની સોહમના મનમાં ઉત્કંઠા જરૂર હતી. આખરે સોહમની આતુરતાનો અંત આવ્યો. તુલસીરામ બાપુએ આંખો ખોલીઃ વત્સ, રસ્તામાં કોઈ તકલીફ તો નથી પડી ને?

'ના બાપુ, બિલકુલ નહીં.મારી ટિકિટ તો વાપીની હતી પણ રસ્તામાં નંદગીરી મહારાજનો ફોન આવ્યો કે મારે વલસાડ જ ઊતરી જવાનું છે.'

વાપીથી આશ્રમ દૂર પડે. વલસાડથી જ નજીક થાય, બાપુએ મંદ મંદ સ્મિત સાથે કહ્યું. 'તો પછી વાપીની ટિકિટ શા માટે ?' સોહમના મનમાં તરત સવાલ થયો, પણ તેણે પૂછવાનું ટાળ્યું. સોહમને અંદાજ તો આવી જ ગયો હતો કે સવારે એ ટ્રેનમાં બેઠો ત્યાં સુધી આ લોકો સસ્પેન્સ રાખવા માગતા હતા. હવે તેમના જ મોઢે એ કબૂલાત કરાવવાનો કોઈ મતલબ પણ ક્યાં હતો? જયારે કોઈ પણ વાત નજર સામે દીવા જેવી સાફ દેખાતી હોય ત્યારે એની સ્પષ્ટતા કરવાનું સોહમને પહેલેથી જ પસંદ નહોતું. કેટલાંક માણસોની અડધી જિંદગી બિનજરૂરી સ્પષ્ટતા કરવામાં જ વીતી જતી હોય છે! સોહમ તેમાંનો નહોતો. સોહમે મનોમન ધીરજ ધરવાનું નક્કી કરી જ રાખ્યું હતું. તુલસીરામ બાપુ શું કહે છે એ ધ્યાનથી સાંભળી લેવું પછી જરૂર લાગે તો જ સવાલ કરવા..

ઊંડો શ્વાસ લઈ બાપુએ સોહમની ધારણા બહારની વાત કરી :

'વત્સ, હું તારો સંપૂર્ણ ભૂતકાળ જાણવા માગું છું.' (ક્રમશઃ)■



---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| संकर | સંગ્રહ |
| संक्रामक | ભેળસેળ |
| संग्राम | સંદેહ |
| संचय | લડાઈ |
| संदिग्ध | ચેપી |

### ઓળખાણ પડી?



શમ્મી કપૂર સાથે હિરોઈન તરીકે પ્રથમ હિટ ફિલ્મ કરનારી અભિનેત્રીની ઓળખાણ પડી? વિજય ભટ્ટની હિરોઈન તરીકે પણ ચમકી હતી.

અ) સાધના
બ) ગીતા બાલી
ક) અમિતા
ડ) કલ્પના કાર્તિક

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ નિ | ૨ રી | ૩ ક્ષ | ણ | | ૪ હુ | ૫ મ | ૬ લા | ખો | ૭ ર |
| ૮ ર | મ | ણ | | ૯ આ | મ | જ | ન | | હી |
| ક્ષ | | ૧૦ ભં | ગ | | ૧૧ લો | હ | ત | ત્વ | |
| ર | | ગુ | | ૧૨ ન | | બ | | | ૧૩ ટ |
| | ૧૪ સ | ર | | ૧૫ જ | રા | | ૧૬ આ | ૧૭ રો | પ |
| ૧૮ નિ | ત્ય | | ૧૯ ખા | ર | | ૨૦ આ | વે | ગ | |
| ષ્કા | | ૨૧ ના | ર | | ૨૨ ભા | ર | | | ૨૩ સં |
| ૨૪ મ | જા | | ૨૫ વ | ૨૬ હે | ણ | | ૨૭ તા | | વે |
| ભા | | ૨૮ જા | ણ | વા | | ૨૯ અ | વ | સા | દ |
| ૩૦ વ | ખા | ણ | | ૩૧ લ | જા | મ | ણી | | ન |

### શબ્દલાલિત્ય
સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | | ૪ | | |
| | | | | ૫ | | | | | ૬ |
| ૭ | ૮ | | | | | ૯ | | | |
| | | | ૧૦ | | ૧૧ | | | | |
| ૧૨ | | | | ૧૩ | | ૧૪ | | ૧૫ | |
| ૧૬ | | | ૧૭ | | | | | | |
| ૧૮ | | ૧૯ | | | ૨૦ | | ૨૧ | | ૨૧અ |
| | | ૨૨ | | ૨૩ | | | ૨૪ | ૨૫ | |
| | ૨૬ | | | ૨૭ | | | | ૨૮ | |
| ૨૯ | | | | | | | ૩૦ | | |

**આડી ચાવી**

૧. દેવોના ગુરુ (૪)
૩. દાનવોના ગુરુ (૪)
૫. આકાશ (૨)
૭. કાબેલિયત (૩)
૯. પતિ (૪)
૧૦. હમણાં ને હમણાં, તાત્કાલિક (૩)
૧૨. મરાઠી ભજનનો પ્રકાર (૩)
૧૩. કાયદેસર - અંગ્રેજીમાં (૩)
૧૫. ઘાસનો જથ્થો (૨)
૧૬. (લગ્નવિષયક) માગણી (જો.છૂ.) (૨)
૧૭. સોળે ---, વીસે વાન (૨)
૧૮. બહાદુર પુરુષ (૪)
૨૦. જેવાં જેના ---, એવું ફળ (૩)
૨૨. આજકાલ દરેક વસ્તુ પર --- હોય (૪)
૨૪. એક ફૂલ (૩)
૨૬. કાકા ચાલે --- ગુ.સિરિયલ (૨)
૨૭. કવિ-લેખકનું સર્જન (૩)
૨૮. વૃક્ષ (૨)
૨૯. અસર કરે એવું (૬)
૩૦. ભલમનસાઈ (૩)

**ઊભી ચાવી**

૧. મોટું (૩)
૨. ખુલાસો, ચોખવટ (૩)
૩. મંગલ (૨)
૪. નોકરડી, ગુલામ સ્ત્રી (૪)
૫. કટોકટીના સમયનું (૫)
૬. પીળાં ફૂલોનું વૃક્ષ (૪)
૮. ક્ષણિક, નાશવંત (૫)
૧૧. સુધી (૨)
૧૨. થાપણ (૪)
૧૪. થોડુંક (૩)
૧૫. સારાં કામ કરો તો --- મળે (૨)
૧૭. આકારવાળું, મૂર્તરૂપવાળું (૩)
૧૯. જળ --- એટલે પાણીમાં ડૂબી ગયેલું (૪)
૨૦. આખ્યાનમાં પ્રકરણ, કડવું (૪)
૨૧. જલસો, મોજ (૨)
૨૧અ. તદાકાર (૪)
૨૩. --- વરણો તડકો શિયાળામાં ભાવે (૩)
૨૫. કપાસમાંથી ---નું કાપડ બને (૩)
૨૬. સાત-આઠ હાથ જેટલું માપ (૨)

### ગુજરાત મોરી મોરી રે

રામાનંદ સાગર નિર્મિત કઈ ગુજરાતી ફિલ્મમાં ઉપેન્દ્ર ત્રિવેદી સાથે 'ગબ્બર સિંહ' અમજદ ખાને કામ કર્યું હતું એ જણાવો.

અ) વેરની વસૂલાત
બ) વીર માંગડાવાળો
ક) ગરવો ગરાસિયો
ડ) ભવ ભવના ભેરુ

### જાણવા જેવું

એ. આર. કારદારની 'દાસ્તાન' ફિલ્મની નાનકડી ભૂમિકાથી જાણીતી બનેલી અભિનેત્રી શકીલાની સફળ ફિલ્મોની શરૂઆત થઈ 'આરપાર' અને 'સીઆઇડી' ફિલ્મોથી. અભિનયમાં પારંગત નહોતી, પણ એની મોટાભાગની ફિલ્મોનું સંગીત હિટ હતું.

### ચતુર આપો જવાબ માથું ખંજવાળો

લતા મંગેશકર અને આશા ભોસલેએ કઈ ફિલ્મમાં યુગલ ગીત - ડ્યુએટ સોન્ગ ગાયું છે એ વિકલ્પમાંથી શોધી કહી શકશો?

અ) અનાડી
બ) નયા દૌર
ક) બંદિની
ડ) પ્રોફેસર

### નોંધી રાખો

જીવનમાં એક વાત ખાસ ગોખી રાખજો કે આળસથી કટાઈ જવા કરતાં મહેનતથી ઘસાઈ જવું ઘણું સારું છે.

### માઈન્ડ ગેમ

કિશોર કુમાર અને અશોક કુમાર એક જ ફિલ્મમાં પડદા પર સાથે નજરે પડ્યા હોય એ ફિલ્મનું નામ શોધી કાઢો.

અ) કિસ્મત
બ) દિલ્હી કા ઠગ
ક) રાગિણી
ડ) કરોડપતિ

### સુડોકુ-૭૦૯૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૩ | | | | |
| ૪ | | | ૮ | | ૫ | | | ૬ |
| | ૫ | ૮ | | | | ૪ | ૧ | |
| ૫ | ૮ | | ૬ | | ૯ | | ૪ | ૧ |
| ૯ | | | | ૫ | | | | ૨ |
| ૧ | ૨ | | ૩ | | ૭ | | ૬ | ૯ |
| | ૭ | ૨ | | | | ૩ | ૫ | |
| ૩ | | | ૭ | | ૨ | | | ૮ |
| | | | | ૪ | | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૯૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૧ | ૨ | ૬ | ૭ | ૫ | ૪ | ૯ | ૩ |
| ૬ | ૭ | ૯ | ૪ | ૨ | ૩ | ૧ | ૫ | ૮ |
| ૪ | ૫ | ૩ | ૧ | ૮ | ૯ | ૨ | ૭ | ૬ |
| ૩ | ૨ | ૭ | ૯ | ૫ | ૮ | ૬ | ૧ | ૪ |
| ૧ | ૯ | ૬ | ૩ | ૪ | ૭ | ૫ | ૮ | ૨ |
| ૫ | ૮ | ૪ | ૨ | ૧ | ૬ | ૯ | ૩ | ૭ |
| ૨ | ૬ | ૫ | ૭ | ૩ | ૧ | ૮ | ૪ | ૯ |
| ૭ | ૪ | ૮ | ૫ | ૯ | ૨ | ૩ | ૬ | ૧ |
| ૯ | ૩ | ૧ | ૮ | ૬ | ૪ | ૭ | ૨ | ૫ |

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| झिझकना | ખચકાવું |
| खुरदरा | ખરબચડું |
| दवात | ખડિયો |
| मसौदा | ખરડો |
| लागत | ખરચ |

ઓળખાણ પડી? રીમા લાગુ

માઈન્ડ ગેમ જેમિની ગણેશન

ગુજરાત મોરી મોરી રે મેહુલ કુમાર

ચતુર આપો જવાબ માથું ખંજવાળો શર્વરી વાઘ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ડો. પ્રકાશ કટકિયા (૪) ભારતી પ્રકાશ કટકિયા (૫) ધીરેન્દ્ર ઉદેશી (૬) ગીતા ઉદેશી (૭) પ્રતિમા પમાણી (૮) નિતીન બજરિયા (૯) ભારતી બુચ (૧૦) વિભા મહેશ્વરી (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) પુષ્પા પટેલ (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) સુભાષ મોમાયા (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) મહેશ દોશી (૧૯) નુતન વિપીન (૨૦) તાહેર ઔરંગાબાદવાલા (૨૧) શીરીન ઔરંગાબાદવાલા (૨૨) મીનળ કાપડિયા (૨૩) રમેશ દલાલ (૨૪) હિના દલાલ (૨૫) ઈનાક્ષી દલાલ (૨૬) જ્યોત્સના ગાંધી (૨૭) મહેન્દ્ર લોઢાવિયા (૨૮) અશોક સંઘવી (૨૯) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૦) કલ્પના આશર (૩૧) અરવિંદ કામદાર (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) નીતા દેસાઈ (૩૪) વિણા સંપટ (૩૫) જયવંત પદમશી ચિખલ (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) ભાવના કર્વે (૩૮) જગદીશ ઠક્કર (૩૯) અંજુ ટોલિયા (૪૦) પ્રવીણ વોરા (૪૧) સુરેખા દેસાઈ (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ (અ)** ૧) કાજોલ ૨) સિમી ગરેવાલ ૩) પ્રિયંકા ચોપરા ૪) તબ્બુ ૫) કરિના કપૂર ૬) ઐશ્વર્યા રાય ૭) ઉર્મિલા માતોડકર

**ક્વિઝ (બ)** ૧) સી.આઈ. ડી ૨) થોડી સી બેવફાઈ ૩) હમ દિલ દે ચુકે સનમ ૪) ગુલામ ૫) નૌ દો ગ્યારાહ ૬) દૂસરા આદમી ૭) ટક્કર

# મેટિની



# અભિનયની પાઠશાળામાં અક્ષય

**લગાતાર ફ્લોપ ફિલ્મો આપનાર આ એક્ટર ફિલ્મોની નિષ્ફળતા માટે ઓટીટી પ્લેટફોર્મને જવાબદાર ગણે છે!**

**કવર સ્ટોરી**
હેમા શાસ્ત્રી

**અક્ષય કુમારની** ફિલ્મ કારકિર્દીમાં વિવિધ શૈલીની ફિલ્મો જોવા મળી છે. કોઈ ઢાંચામાં ફિટ નથી રહ્યો. એક્શન, ડ્રામા, રોમેન્સ, કોમેડી, બાયોપિક અને હા, દેશભક્તિ ફિલ્મો. ‘સોલ્જર’, ‘હોલીડે’, ‘કેસરી’, ‘એરલિફ્ટ’, ‘મિશન મંગલ’, ‘બેબી’, ‘ગોલ્ડ’, ‘અબ તુમ્હારે હવાલે વતન સાથિયો’ વગેરે અને હવે એમાં ‘સ્કાયફોર્સ’નો ઉમેરો થયો છે.

આ બધા વચ્ચે, છેલ્લાં કેટલાક સમયથી અક્ષય પર ટીકાઓનો વરસાદ વરસી રહ્યો છે અને એમાંની એક ટીકા છે દેશભક્તિ ફિલ્મોના રોલ સ્વીકારવાનો. અક્ષય આ ટીકા સાથે જરાય સહમત નથી. એ જણાવે છે કે ‘હું બહુ જ નસીબદાર છું, ઈશ્વરની મારા પર અસીમ કૃપા રહી છે કે મને ભગવાન શ્રીકૃષ્ણ અને શંકર ભગવાનને રૂપેરી પડદા પર સાકાર કરવાનો મોકો મળ્યો છે. બીજું શું જોઈએ? લોકો તો બોલ્યા કરે કે ‘આપ દેશભક્તિ કી ફિલ્મ ક્યોં કરતે હો?’ આવું પૂછનારને હું સામો સવાલ કરું છું કે કેમ ન કરું?’ વાત સાચી છે, કારણ કે અક્ષયની આ અવતારની ફિલ્મોને દર્શકોએ સારો આવકાર આપ્યો છે.

દેશભક્તિ ફિલ્મો સાથે અક્ષયનો નાતો બાળપણમાં જ જોડાઈ ગયો હતો. ૧૯૭૧ના ભારત - પાકિસ્તાન યુદ્ધ વખતે અક્ષય ફક્ત ચાર વર્ષનો હતો. બાળપણના દિવસોનું સ્મરણ કરી એક્ટર જણાવે છે કે ‘સાયરન વાગતી એ મને બરાબર યાદ રહી ગયું છે. આકાશમાં વિમાનોની ઘરઘરાટી સંભળાય અને સાયરન વાગે એટલે અમને ટેબલ નીચે કે પલંગ નીચે સંતાઈ જવા માટે કહેવામાં આવતું.’

આમ નાની ઉંમરમાં જ યુદ્ધનો રોમાંચ બાળક અક્ષયે અનુભવ્યો અને એટલે જ જ્યારે દેશભક્તિની ફિલ્મોમાં મોકો મળ્યો ત્યારે એનો ઉત્સાહ અનેકગણો વધી ગયો. અક્ષયને દેશભક્તિની ફિલ્મો જોવામાં આનંદ આવતો અને એ ગર્વ પણ અનુભવતો હતો.

‘તારી ફેવરિટ દેશભક્તિની ફિલ્મ કઈ?’ એવો સવાલ કરવામાં આવતા એણે ચેતન આનંદ દિગ્દર્શિત ૧૯૭૩ની ‘હિન્દુસ્તાન કી કસમ’નો ઉલ્લેખ કર્યો હતો. ફિલ્મમાં એક બહુ જ પ્યારભર્યું ગીત (હર તરફ અબ યહી અફસાને હૈં) હતું એ પણ અક્ષયને બરાબર યાદ રહી ગયું છે.

સફળતા સતત હાથતાળી આપી રહી હોવા છતાં અક્ષય કુમાર નિરાશ નથી થયો- હતાશા એને નથી ઘેરી વળી. દરેક ફિલ્મ શિસ્તબદ્ધ રીતે નિષ્ઠા અને એકાગ્રતાથી કરવી એ એનો કાર્યમંત્ર છે. લગાતાર ફ્લોપ ફિલ્મો પછી પણ ૫૭ વર્ષના અક્ષયને સાઈન કરવા ફિલ્મ મેકરો ઉત્સુક છે એના પરથી એના પરફોર્મન્સમાં રહેલી શ્રદ્ધા નથી ડગમગી એમ કહી શકાય. ટૂંકમાં ફિલ્મો ફ્લોપ જવા પાછળ અક્ષય જવાબદાર નથી એવું તારણ નીકળે છે. ફિલ્મના વિષયની પસંદગીમાં, એની માવજતમાં કે પછી અન્ય કોઈ કારણ નિષ્ફળતા માટે હોવાનું માનવામાં આવે છે.

એમાં વળી ફિલ્મો ફ્લોપ થવા માટે અક્ષયે એકદમ અલાયદું કારણ આપ્યું છે. આના માટે એક્ટર ઓટીટી પ્લેટફોર્મને જવાબદાર માને છે. આ દલીલના સમર્થનમાં અક્ષય કહે છે કે ‘હું ફિલ્મ ઈન્ડસ્ટ્રી સિવાયના લોકો સાથે પણ સંપર્કમાં રહું છું. મારી ફિલ્મો વિશે તેમજ એકંદરે ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે એમનો અભિપ્રાય જાણવાની, એને સમજવાની કોશિશ કરતો રહું છું. રિલીઝ થાય ત્યારે અમુક ફિલ્મ કે તમુક ફિલ્મ તમે જોઈ કે નહીં એવા મારા પ્રશ્નનો અનેક લોકોએ ઉત્તર આપ્યો કે અમે ઓટીટી પર આવશે ત્યારે જોઈ લેશું. તો વાત એમ છે કે ફિલ્મો ફ્લોપ થવા માટે ઓટીટી પ્લેટફોર્મ જવાબદાર છે. આપણે એ વાત સ્વીકારી લેવી જોઈએ કે કોવિડ મહામારી પછી મનોરંજન મેળવવા માટેના દર્શકના અભિગમમાં બદલાવ આવ્યો છે. લોકોને ઓટીટી પ્લેટફોર્મ પર ફિલ્મો અને વેબ સિરીઝ જોવાની આદત પડી ગઈ છે અને હજી સુધી છૂટી નથી.’

અક્ષય કુમારની દલીલ સાથે કોઈ સહમત થશે તો કોઈ અસહમત, પણ આ દલીલની અવગણના કરી શકાય એમ નથી. અક્ષય માટે એક સારી વાત એ બની છે કે એના પ્રિય દિગ્દર્શક પ્રિયદર્શન સાથે એ ૧૪ વર્ષ પછી કામ કરી રહ્યો છે. બંનેની છેલ્લી સંયુક્ત ફિલ્મ હતી ‘ખટ્ટા મીઠા’ જે ૨૦૧૦માં આવી હતી. એથીય વધુ મહત્ત્વની વાત એ છે કે એક્શન હીરોનો સ્ટેમ્પ ધરાવતો અક્ષય કુમાર કોમેડી ફિલ્મમાં પણ દીપી ઊઠે એ પ્રિયદર્શનની ‘હેરાફેરી’ (૨૦૦૦)થી સિદ્ધ થયું. આમ અક્ષય પ્રિયન સરનો ઋણી છે. એમની સાથેની નવી ફિલ્મ ‘ભૂત બંગલા’ આ વર્ષે રિલીઝ થવાની ગણતરી છે અને દેખીતું છે કે અક્ષય આશા - અપેક્ષાનો મહેલ બાંધીને બેઠો હોય. પ્રિયદર્શન સાથે પુનર્મિલનની વાત નીકળતા અક્ષયનું મોં મલકાઈ ઊઠે છે. ‘પ્રિયદર્શન સાથે કામ કરવું એટલે અભિનયની પાઠશાળામાં ફરીથી શીખવા બેસી જવું એવી વાત છે. એમની પાસેથી તો કોમેડી ફિલ્મોમાં કામ કરતા શીખ્યો છું.’ અને હા, વચ્ચેના સમયગાળામાં સોશિયલ સેટઅપની ફિલ્મોને પ્રાધાન્ય આપનારો એક્ટર આજની તારીખમાં ત્રણ કોમેડી ફિલ્મ કરી રહ્યો છે: ‘ભૂત બંગલા’, ‘વેલકમ ટુ જંગલ’ અને ‘હાઉસફુલ ૫’.

ફિલ્મોની વાત નીકળે ત્યારે મોકળા મને વાત કરવા માટે જાણીતા અક્ષય કુમારએ ‘હેરાફેરી ૩’ અને ‘ભૂલભૂલૈયા’ ફ્રેન્ચાઈઝીની બે ફિલ્મ વિશે પણ પ્રતિભાવ આપ્યો. ‘હેરા ફેરી’ અને ‘ફિર હેરા ફેરી’ પછી બે દાયકા બાદ ત્રીજી ફિલ્મની સત્તાવાર જાહેરાત થઈ છે. ‘હેરાફેરી ૩’ પાસે પણ અક્ષયને ખૂબ અપેક્ષા છે, જે સ્વાભાવિક છે. જોકે, પહેલી બે ફિલ્મનું દિગ્દર્શન અનુક્રમે પ્રિયદર્શન અને નીરજ વોરાએ કર્યું હતું. ત્રીજી ફિલ્મમાં સુકાન ફરહાદ સામજી સંભાળી રહ્યા છે. એનું શૂટિંગ પણ શરૂ થઈ ગયું છે. ‘ભૂલભૂલૈયા’ સિરીઝ સાથે અક્ષયનું નામ ફક્ત પહેલી ફિલ્મ સાથે જ જોડાયેલું રહ્યું છે. ૨૦૦૭માં આવેલી પ્રિયદર્શન દિગ્દર્શિત ‘ભૂલભૂલૈયા’માં અક્ષય હતો, પણ પછી બીજી અને ત્રીજીમાં એના બદલે કાર્તિક આર્યનની હાજરી હતી.

‘આ બંને ફિલ્મમાં કેમ જોવા ન મળ્યો?’ એવા સવાલના જવાબમાં અક્ષયએ નિખાલસપણે હસતા હસતા કહ્યું હતું કે ‘મને ફિલ્મમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો. વાત આટલી જ છે.’

ફિલ્મોની પસંદગીમાં અક્ષયનો માપદંડ બદલાયો છે. ‘હવે દર્શકો કઈ ફિલ્મ જોવી ને કઈ નહીં એ વિશે વધુ સજાગ થયા છે એટલે દર્શકોને પૂર્ણ મનોરંજનની સાથે પડદા પર કશુંક અલાયદું, કશુંક હેરત પમાડે એવું જોવા મળે એ પ્રકારની ફિલ્મો સાઈન કરવાને હવે હું પ્રાધાન્ય આપું છે. વર્તમાન સમય અને આજની વિચારસરણી જેવી વાતોનું ફિલ્મોમાં પ્રતિબિંબ પડે એ જરૂરી છે’, અક્ષય કુમાર ઉમેરે છે. ■

**સ્ટાર-ચાર-કલાકાર**
સંજય છેલ

# ફિલ્મી સ્માઈલઃ તુમ ઈતના ક્યું મુસ્કુરા રહે હો?

હમણાં હુમલા બાદ સૈફ અલી ખાન, જ્યારે હસતા હસતા ઘરે પાછો ફર્યો ત્યારે અનેક સવાલ ઉઠ્યા કે કરોડરજ્જુમાં ચાકુનાં તીક્ષ્ણ ઘા પછી પણ કોઈ કઈ રીતે પાંચ જ દિવસમાં ઘરે સ્માઇલ સાથે પાછો ફરી શકે? શું આ મેડિકલી શક્ય છે? આ આખી ફિલ્મી ઘટનામાં ખબર પડતી નથી, પણ સૈફ કે એના જેવા સ્ટારનું સ્માઇલ કે સ્મિત, એ ફિલ્મ માટે બહુ મોટું હથિયાર છે.

એકવાર હોલિવૂડના એક જાણીતા નિર્દેશકને પૂછવામાં આવ્યું કે કોઇ સ્ટારની સફળતામાં સૌથી અગત્યનું શું તત્ત્વ છે? એમણે માત્ર એટલું જ કહ્યું: કલાકારની આંખો અને એનું સ્માઇલ સ્મિત. ચહેરાનાં હાવભાવ સિનેમાનાં મોટા પડદા પર એક મેજિકની જેમ કામ કરે છે, કારણ કે સામાન્ય રીતે માણસના છ-આઠ ઇંચનાં ચહેરાને તમે સિનેમાના પડદા પર ૬૦-૭૦ ઇંચનો બનતો જોઇ શકો છો. એક એક રેખા, એક એક હાવભાવ બધું જ ૧૦૦ ગણું થઇને વિશાળકાય દેખાય છે. પુસ્તકમાં ચહેરાનું વર્ણન કરવા લેખકે પાનાં ને પાનાંઓ ઘસડવા પડે છે, પણ સિનેમામાં હીરો-હીરોઇનનો એક ‘ક્લોઝ-અપ’ એ જ કામ ૩-૪ સેકંડમાં કરી આપે છે! મેર્લિન મનરો, નૂતન, મુમતાઝ, મધુબાલા, માધુરી કે ચાર્લી ચેપ્લિન, કિશોર કુમાર, મહેમૂદ, શાહરૂખ, દેવ આનંદ, રાજેશ ખન્ના, આમિર ખાન કે રણબીર કપૂરના એક સ્મિતથી જે કામ થઇ જાય છે એ નસીરૂદ્દીન શાહ કે નવાઝુદ્દીન જેવા સારાં કલાકારો નથી કરી શકતાં , કારણ કે એ બધાં જ એરંડિયું પીધેલ ચીર-ચિંતિત ચહેરા સાથે જનમ્યા છે. સોરી, પણ એ ગ્લેમર જગતનું સત્ય છે. સ્મિતા પાટિલ કે શબાના આઝમી કે આજની રાધિકા આપ્ટે કે આલિયા ભટ્ટ માટે એ લાગુ નથી પડતું, કારણકે એમનામાં જરાંતરાં તો સારું હાસ્ય છે, જેમાં એક વખત તો દિલને ટચ કરી જતી સચ્ચાઇ દેખાય છે.

કેટલાક માણસોનું હાસ્ય જ કોનસ્ટિપેટેડ કે કબજિયાતવાળું હોય છે, જેમ કે- સોનમ કપૂર, કે. કે. મેનન કે નસીરૂદ્દીન શાહ કે નવાઝુદ્દીન. કેટલાક કલાકારો હસતા હોય ત્યારે ખાંસી ખાતા હોય એવું લાગે, જેમકે- નાના પાટેકર. મોટાભાગના સુપરસ્ટાર્સ એમના સ્મિતના લીધે પ્રખ્યાત હોય. શ્રેષ્ઠ ઉદાહરણ: દેવ આનંદ, રાજેશ ખન્ના, શાહરૂખ, આમિર, રણબીર. કેટલાક હીરોનું હાસ્ય ગરીબડું હોય, જેમ કે રાજ કપૂર, અમોલ પાલેકર.

દેવ આનંદ જ્યારે પડદા પર રડતા ત્યારે લોકો હસી પડતા અને નિર્માતાને રડવાનો વારો આવતો એટલે દેવ હંમેશાં મોં છુપાવીને રડવાનો અભિનય કરતા! જ્યારે ટ્રેજેડી કિંગ દિલીપ કુમાર રડતા ત્યારે નિર્માતા ખુશ થઇને હસતાં હસતાં બેંક ભણી પૈસા જમા કરાવવા જતાં, કારણકે દિલીપ કુમારના રડવાથી ફિલ્મ હિટ જ જતી! જ્યારે રાજેંદ્રકુમાર નાચે તો મડદાં પણ હસવા માંડે! પણ હેમા માલિની કે મુમતાઝના એક સ્મિત પર અનેક ગીતો પર પૈસા ફેંકાતા. કહેવાય છે કે મેર્લીન મનરો, કેટ વિન્સલેટ, મેડોના જેવી સ્ટાર પર્સનાલિટીના સ્માઇલનો અબજોનો વીમો ઊતરાવવામાં આવતો.

કેટલાક વિલન કલાકારોનું હાસ્ય જ ખતરનાક હોય છે, જેમ કે પ્રેમ ચોપરા કે અમરીશ પુરી (‘મિ. ઇંડિયા’માં, વિલન મોગેમ્બો ખુશ થાય ત્યારે આપણને દુ:ખ થાય!) કેટલાક રોતલ કલાકારો ભાગ્યે જ હસતા હોય. નાઝીર હુસૈન નામના ચરિત્ર અભિનેતા હંમેશાં દુ:ખી બાપનો રોલ કરતો અને બંગલાના પગથિયા પર એને કાયમ હાર્ટ એટેક આવતો! પછી તો એને પગથિયાં ચડતાં જોઇને જ લોકો તાળી પાડતાં કે આ તો ગયો! નયા દૌર, ગુમરાહ, નિકાહ, ટી.વી. સિરિયલ મહાભારતના નિર્માતા નિર્દેશક બી. આર. ચોપરાને જ્યારે કોઈ ફિલ્મ દેખાડવા બોલાવતાં ત્યારે એવું કહેવાતું કે જો ચોપડા સાહેબ હસતા હસતા બહાર આવે તો એનો અર્થ કે ફિલ્મ ફ્લોપ થશે અને જો ગંભીર ચેહરે બહાર આવે તો જરૂર હિટ થશે.

કેટલાક કલાકારો માત્ર એન્ટ્રી કરે અને લોકોને હસવું આવતું હોય છે. મરાઠી નાટકમાં બબન પ્રભુ નામનો એક્ટર સ્ટેજ પર આવતાં વેંત જ અવાજ વિના હસીને ઠેકડો મારતો અને કારણ વિના લોકો હસી પડતાં. એ જ રીતે ગુજરાતી અભિનેત્રી કલ્પના દીવાન એક પણ અક્ષર બોલ્યા વિના હસાવી શકતાં . એવું જ હાસ્ય વેરી શકતા ગુજરાતી ફિલ્મોના રમેશ મહેતા....‘દો બીઘા ઝમીન’ જેવી સિરિયસ ફિલ્મમાં ગરીબોની બસ્તીમાં અદ્ભુત હાસ્ય અભિનેતા મેહમૂદ, ‘ચીકીવાલા’ ‘ચીકીવાલા’ એમ માત્ર એક જ શબ્દ અલગ અલગ રીતે પુકારે છે અને છેવટે એક બારીમાં એક છોકરીને જોઇને શરમાઇને મેહમૂદ સોફ્ટલી ‘ચીકીવાલા’ બોલીને શરમાય છે એ દૃશ્ય દર્શકોને અચાનક ખડખડાટ હસાવી નાખે છે! કહે છે કે બાળકો દિવસમાં ૯૦-૧૦૦ વાર હસે છે અને મોટાઓ ૧૨ થી ૧૫ વાર, કારણકે બાળકો દિલથી જીવે છે અને મોટાઓ દિમાગથી!

ગુરુદત્તની ક્લાસિક ફિલ્મ ‘પ્યાસા’નાં શૂટિંગનાં પહેલે જ દિવસે દિલીપકુમારે અચાનક ફિલ્મ છોડી દીધેલી પછી કારણ આપતાં કહ્યું કે ‘પ્યાસા’ પણ ‘દેવદાસ’ જેવી ઉદાસ ફિલ્મ છે. આવી ૩-૪ કરૂણ ફિલ્મ કરીને ટ્રેજેડી કિંગ દિલીપસાબ પોતાનું સ્માઇલ ખોઇ બેઠેલા ને એ જમાનામાં છેક લંડન જઇને માનસિક સારવાર કરાવવી પડેલી. ત્યારે મનોચિકિત્સકે એમને કહેલું: ‘હવે કરૂણ ફિલ્મો કરવાનું બંધ કરો. એ તમારા તન-મન પર, મૂડ પર, સ્માઇલ પર અસર કરે છે!’


ફિલ્મસ્ટાર્સના સ્માઇલ પર તો પી.એચડી. થઇ શકે એટલી ખૂબીઓ જોવા મળે છે. દેવ આનંદ જ્યારે કોઇ એન.આર.આઇ. ચાહકને ત્યાં મહેમાન બનીને ડિનર લેવા જતાં ત્યારે સૌ સમજી લેતા કે દેવ, માત્ર પોતાનાં એક સ્માઇલથી આગામી ફિલ્મ માટે કરોડો રૂપિયાનું ફાઇનાન્સ વિના શરતે ઢસડી લાવશે! જગતભરનાં ફિલ્મ સ્ટાર્સની સફળતામાં સ્માઇલનો બહુ મોટો ભાગ હોય છે. ‘શાઇનિંગ’ જેવી હોરર ફિલ્મમાં જેક નિકલસનનું શરારતી સ્માઇલ ધ્રૂજાવી નાખે છે તો ‘માસ્ક’ ફિલ્મમાં જીમ કેરીનું મજાકિયું સ્માઇલ મોટા પડદા પર એક મેજિકની જેમ કામ કરે છે. ■


દેવ આનંદ


મધુબાલા


રાજેશ ખન્ના


માધુરી દીક્ષિત


નસીરુદ્દીન શાહ

# વર્તમાનમાં જેટલી નિષ્ઠા, ભવિષ્યમાં એટલી જ પ્રતિષ્ઠા!



**સાત્વિકમ્ શિવમ્**
અરવિંદ વેકરિયા

**સંક્રાંતનું** પર્વ વીત્યું, હવે બે દિવસ પછી પ્રજાસત્તાક દિવસ ૨૬ જાન્યુઆરીના દિવસે ઉજવાશે. મકર સંક્રાંતિએ કઈ-કેટલાં નવા- અવનવાં પતંગો લોકોએ ચગાવ્યાં. ગુજરાતમાં તો આખું આકાશ પતંગોથી છવાયેલું રહ્યું. ધરતી પરથી લોકોએ પતંગો ચગાવી આકાશને માલામાલ કરી આનંદ લૂંટ્યો. પતંગ એ બીજું કઈ નથી, ધરતીએ આકાશને લખેલો પ્રેમપત્ર જ છે ને!

હું પણ ‘હરણફાળ’ નાટકની રજૂઆત માટે જાણે આકાશમાં જ ઊડી રહ્યો હતો. ફાઈનલ જી.આર. નો દિવસ થોડો કટોકટીભર્યો હતો.

નાટકમાં એક સીન આવતો હતો, જેમાં શેતલ રાજડાને અજિત વાચ્છાની બંદૂકની ગોળી મારી હત્યા કરે છે. આજનાં જેટલી ટેકનિકલ સુવિધા એ સમયે તો નહોતી જ. (સંગીત સંચાલન પણ ‘સ્પુલ’ કેસેટથી નિયંત્રિત થતું હતું.). ફિલ્મી સ્ટંટમેન ફારૂકભાઈનો સંપર્ક કર્યો. શેતલને ગોળી વાગે અને લોહીનો ફુવારો ઊડે એવી ઈફેક્ટ જોઈતી હતી.. ફારૂકભાઈનાં કહેવા મુજબ ફુગ્ગામાં લાલચોળ પાણી ભરવાનું, એમાં વાયર સાથે કનેક્ટ કરી એક સ્વીચ બનાવી શેતલે પહેરેલ ડ્રેસના ખિસ્સામાં રાખવાની. નક્કી કરેલા સંવાદ સાથે અજિત બંદૂકનું ટ્રીગર દબાવે કે નેપથ્યમાંથી ભ.જો. હથોડી સાથે ફીટ કરેલ ચાંદલિયાની ડબ્બી ફોડે એ સાથે જ શેતલે ખિસ્સામાં રાખેલ સ્વીચ દબાવવાની કે તરત બનાવટી લોહી ભરેલો ફુગ્ગો ફાટે અને લોહીનો ફુવારો છૂટે..... આખા નાટકના જી.આર. કરતાં આ સીનમાં વધુ સમય લાગ્યો. આવામાં ડર લાગવો સ્વાભાવિક છે. ફારૂકભાઈ સમજાવી-સમજાવીને થાકી ગયા કે ‘કુછ નહી હોગા’, પણ જેણે કરવાનું હોય એને ડર તો લાગવાનો જ ને. બે-ત્રણ વાર અજિતે ટ્રીગર દબાવ્યું પણ ડરના માર્યા શેતલ સ્વીચ જ દબાવી ન શકી.

બીજી તરફ, મને વિશ્વાસ હતો કે આ સીન નાટક માટે અગત્યનો પુરવાર થશે. મેં શેતલને સમજાવી, ‘આરામથી, હિમ્મતથી પણ આ કરવું તો પડશે. તમે સફળતા ત્યાં સુધી નથી મેળવી શકતાં જ્યાં સુધી તમારામાં અસફળ થવાનું સાહસ ન હોય. તું એક-બે વાર હિંમત કરી સ્વીચ દબાવી દે પછી તો બીક પોતે ડરીને નીકળી જશે...’

એમાં શેતાલનો દીકરો માલવ રાજડા. એ શેતલ સાથે રિહર્સલમાં આવતો અને ખુબ તોફાન કરતો. શેતલના સીનમાં એ શેતલને જોઈ સ્ટેજ ઉપર ધસી ન જાય એનું ખાસ ધ્યાન રાખવું પડતું. આ ‘તોફાની ટપુડો’, મોટો થઈને ઠરેલ થયો. લોકપ્રિય સિરિયલ ‘તારક મેહતા કા ઉલ્ટા ચશ્માં’ ની ડિરેક્ટર્સ પેનલમાં રહી વર્ષો સુધી એનું સફળતાપૂર્વક દિગ્દર્શન કર્યું. . કહે છે ને કે વર્તમાનમાં જેટલી નિષ્ઠા, ભવિષ્યમાં એટલી જ પ્રતિષ્ઠા.. માલવ એનું જીવતું જાગતું ઉદાહરણ...

અંતે લોહીનો ફુવારો ઉડાડવા શેતલે હિંમત કેળવી લીધી. જી.આર. હેમખેમ પૂરા કર્યા. શનિવારે માત્ર રીડિંગનો સમય નક્કી કર્યો. નક્કી એવું થયું કે જી.આર. વખતે થયેલી ભૂલોનું વિશ્લેષણ કરી એક ‘ચકરી’ રીડિંગ કરી લેવું, જેથી શોમાં આત્મવિશ્વાસ ટકી રહે. આ બાજુ, તારકનાથ ગાંધીએ કરેલી જા.ખ. ની કમાલથી બંને શોનું બુકિંગ ઘણું સારું થયું હતું.

‘હરણફાળ’ નાટક વખતે હું નાલાસોપારા રહેતો. શનિવારે ભૂલો સુધારી ‘ચકરી’ રીડિંગ પૂરું કરી બધાને બપોરે શોના સમયે પાટકર હોલ પર આવી જવા જણાવી દીધું. હું અને તન્મય (જે ‘હરણફાળ’ નાટકમાં રોલ કરતો હતો.) બપોરે ૧૧.૩૦ વાગે નાલાસોપારા સ્ટેશને પહોંચ્યા તો ખબર પડી ટ્રેઈન બધી મોડી દોડી રહી હતી. મને તો કીડીઓ ચડવા માંડી. ટેન્શન વધવા માંડ્યું. કોઈનો પણ કોન્ટેક્ટ થવો શક્ય નહોતો. હવે કરવું શું? નિર્માતા રમણિક ગોહિલ કદાચ ભાયંદરથી એમની કારમાં નીકળ્યા હોય પણ સંપર્ક શક્ય નહોતો. મેં બધાને ૨ વાગે પાટકર હોલ ઉપર બોલાવ્યા અને હું જ અટવાઈ ગયો હતો. મને થયું કે શું પ્રથમ ગ્રાશે જ મક્ષિકા થશે? વાંક નિયતિનો હતો. ટ્રેન તો મળી પણ ગોકળગાયની ગતિએ ચાલતી હતી. હું મનોમન ગણતરી માંડતો હતો. ત્યાં ભરત જોશી પણ મારો સંપર્ક કરી શકે એમ નહોતો. શો ‘હાઉસ ફૂલ’ થઇ ગયો હતો. લગભગ ૩.૧૦ સુધી મારી રાહ બધાએ જોઈ. એમને ખબર પડી ગઈ હતી કે પ્રોબ્લેમ ટ્રેનનો છે. અંતે ભ,.જો.એ સિનિયર્સ સાથે ડિસ્કસ કરી શો રદ કરવાનો ભારે મને નિર્ણય લીધો. ભ.જો. બહાર બુકિંગ કાઉન્ટર પર જઈ ફાઈનલ નિર્ણય જાહેર કરે અને અમલ થાય એ પહેલાં અમે દાખલ થયા. બધાનાં મનમાં હાશકારો થયો. ચિંતાનું સ્થાન હળવાશે લઈ લીધું. હું તરત મેક-અપ કરાવવા બેઠો. પહેલી ઘંટડી વાગી ગઈ. નાટક ૧૦ મિનિટ મોડું શરૂ કર્યું. સંતોષ એ વાતનો હતો કે શો રદ ન કરવો પડ્યો.

નાટકની શરૂઆતથી જ પ્રેક્ષકોનો જબ્બર પ્રતિસાદ મળતો ગયો. પહેલો અંક સડસડાટ ક્યાં પૂરો થઈ ગયો એની ખબર જ ન પડી. ત્યારે અમુક પ્રેક્ષકો ફિક્સ રહેતાં. રસિક વકીલ, નરોત્તમભાઈ મીનાવાલા વગેર.. પ્રથમ અંક પૂરો થતાં અભિનંદનનો વરસાદ....ત્યારે ત્રિ-અંકી નાટકો બનતાં. બાકીના બે અંક પણ આવા જ રિસ્પોન્સ સાથે પૂરા થાય તો લાગે છે ‘વાત મધરાત પછીની’ જેવું ‘હરણફાળ’ પણ હીટ થઈ જશે. મને તો સફળતા દેખાતી હતી, બાકી ભગવાન પર છોડી દીધું.

પછી તો બે અંક પૂરા થતાની સાથે ખાતરી થઈ ગઈ કે નાટક ‘સુપર હીટ’ છે. દિલ દરિયા જેવું રાખો, નદીઓ સામેથી મળવા આવશે. નિષ્ઠા પૂરી રાખી એટલે જ સફળતા મળવા આવી ગઈ.... ■



**ડબ્બલ રિચાર્જ**


પુરુષના હૃદયમાં બીજી મહિલા માટે અને મહિલાના કબાટમાં બીજા ડ્રેસ માટે હંમેશાં જગ્યા હોય છે.

હેન્રી શાસ્ત્રી

**ફ્લેશ બેક**

# બાપ આખિર બાપ હોતા હૈ !

## ગીતના સંદર્ભમાં કરેલા સવાલનો લતા મંગેશકરે આપેલો જવાબ સાંભળી જાવેદ અખ્તર કેમ ખડખડાટ હસી પડ્યા?!



યશ ચોપડા દિગ્દર્શિત 'દીવાર' અને રમેશ સિપ્પીની 'શોલે'ની ગોલ્ડન જ્યુબિલી વર્ષ ચાલી રહ્યું છે. આ બંને ફિલ્મને સાંકળતો મુખ્ય તંતુ બેશક અમિતાભ બચ્ચન છે, પણ એ ઉપરાંત લેખક જોડી સલીમ - જાવેદનો કરિશ્મા પણ આ બેઉ ફિલ્મમાં છવાયો હતો. જાવેદ અખ્તરએ એક અલાયદા ગીતકાર સ્વરૂપે પણ લોકપ્રિયતા મેળવી છે. ફિલ્મ માટે એમણે લખેલા પહેલા ગીત 'દેખા એક ખ્વાબ તો યે સિલસિલે હુએ'ને ૪૫ વર્ષ પૂરા થયા છે. ગીતકાર જાવેદ અખ્તરની કારકિર્દીના કેટલાક પ્રસંગો આજે માણવાની મજા લઈએ.

ગીતકાર જાવેદ અખ્તરની શરૂઆત થઈ યશ ચોપડાની ફિલ્મ 'સિલસિલા'થી. 'ટોકિંગ સોંગ્સ' નામના પુસ્તકમાં જાવેદ સાબે ગીતકાર તરીકે સફરની શરૂઆત કઈ રીતે કરી એની વાત કરી છે. રમેશ સિપ્પીની 'અંદાજ' ફિલ્મથી પહેલીવાર પટકથા - સંવાદ લેખક તરીકે પડદા પર નામ ચમક્યા બાદ સલીમ - જાવેદ એક કામિયાબ જોડી તરીકે પ્રખ્યાત થઈ. જોકે, 'પ્રોગ્રેસિવ રાઈટર્સ મુવમેન્ટ' સાથે સંકળાયેલા અને ઉર્દૂમાં ગઝલો લખી કીર્તિ મેળવનારા જાં નિસાર અખ્તરના પુત્ર જાવેદ અખ્તર ગઝલ - નઝમથી વિમુખ રહે એ તો કેમ બને?

૧૯૭૦ના દાયકાના ઉત્તરાર્ધમાં જાવેદ સાબે કવિતા લખવાની આદત પાડી હતી. જોકે, એમની આ આવડત, ખાસિયતની જાણ નિકટના લોકો સુધી સીમિત હતી. યશ ચોપડા 'સિલસિલા' બનાવી રહ્યા હતા ત્યારે એક રોમેન્ટિક ગીત માટે ગીતકારનું નામ સૂચવવા યશજીએ લતા મંગેશકરને વિનંતી કરી ત્યારે દીદીએ જાવેદ અખ્તરનું નામ સૂચવ્યું અને 'દેખા એક ખ્વાબ તો યે સિલસિલે હુએ' ગીતનો અને ફિલ્મોના ગીતકાર જાવેદ સાબનો જન્મ થયો.

ગીતકાર તરીકે શરૂઆત ખૂબ જ રોમેન્ટિક ગીતથી થઈ અને જાવેદ સાબની કલમ પર ગુલાબ અને રંગબેરંગી પતંગિયા ચકરાવો લેતા થઈ ગયા. એક જાહેર કાર્યક્રમમાં એમના સર્જનની વાત નીકળી ત્યારે શબાના આઝમીએ કહેલો એક પ્રસંગ અને કવિરાજે એનો આપેલો ઉત્તર રોમેન્સમાં પણ એમની સેન્સ ઓફ હ્યુમર કેવી ખીલી ઉઠે છે એનો સાક્ષાત પુરાવો છે.

શબાનાજીના શબ્દો હતા કે 'પ્રસંગોપાત મને મળવા, મારી સાથે ગુફતગુ કરવા યંગ ગર્લ્સ આવતી હોય છે. એક દિવસ એમાંથી એક જણે અન્યોનું પ્રતિનિધિત્વ કરી મને કહ્યું કે 'તમે કેટલા નસીબદાર છો કે તમારા પતિ કેવા કેવા રોમેન્ટિક સોન્ગ લખતા હોય છે. તમારા પર પણ શેર લખ્યા હશે, ગઝલ બનાવી હશે ને. એમાંથી એકાદ સંભળાવશો? '

યુવતીઓનો ઉત્સાહ, એમની આંખોમાં ડોકિયાં કરતું કુતૂહલ અને એમના ગુલાબી થઈ ગયેલા ગાલ જોઈ મેં એમને એટલું જ કહ્યું કે એમનામાં રોમેન્સનો એક છાંટો સુધ્ધાં નથી. હું જ્યારે પણ આ ફરિયાદ એમની સમક્ષ કરું છું ત્યારે એ શું જવાબ આપે છે એ જાણો છો?'

બાજુમાં ઊભેલા જાવેદ અખ્તર ગંભીર મોઢું રાખી આગળ આવે છે પણ ઠાવકું મોઢું રાખી કહે છે કે 'આનો જવાબ બહુ સિમ્પલ છે. સરકસમાં ટ્રેપિઝ (ઊંચાઈ પર ક્યારેક ઊંધા લટકી તો ક્યારેક ગુલાંટ મારી દિલધડક સ્ટન્ટ કરતા કલાકારો)માં કામ કરતા કલાકારો શું ઘરમાં ઊંધા લટકી રહેતા હોય છે?' ટૂંકમાં રોમેન્ટિક ગીત લખવા એ વ્યવસાય છે, જેની હાજરી અંગત જીવનમાં નથી હોતી.

જાવેદ અખ્તરનો આ કિસ્સો સંગીતકાર ખય્યામ સાહેબે એક ઈન્ટરવ્યૂમાં કહ્યો હતો. ખય્યામજીના શબ્દો હતા : 'લતા મંગેશકરનો બર્થ- ડે હતો અને અનેક નામવંત કલાકારોએ દીદીને શુભેચ્છાઓ આપી અને ગીત - સંગીતની ગુફતેગુ એમની વચ્ચે ચાલી. સંગીત ક્ષેત્ર ઉપરાંત ઘણા એક્ટર્સ પણ હાજર હતા, જેમાં આમિર ખાનની પણ ઉપસ્થિતિ હતી. આમિરે દીદીને સવાલ કર્યો કે 'તમે તો હજારો ગીત ગાયા છે. કોઈ એવું ગીત છે જે રેકોર્ડ કરી લીધા પછી અનેક વર્ષો વીતી ગયા બાદ પણ તમારા દિલ - દિમાગ પર છવાયેલું રહેતું હોય. તમારા મનનો કબજો જમાવી લીધો હોય.? ' થોડી ક્ષણ પછી લતાજી બોલ્યાં : 'હા, એક ગીત છે. ફિલ્મ રઝિયા સુલતાનનું 'અય દિલ - એ - નાદાન'. જવાબ સાંભળી અનેક ચહેરા મલકાયા, કેટલાકના મોઢા પર આશ્ચર્યના ભાવ હતા તો અમુકના મનમાં સવાલ ઘુમરાઈ રહ્યો હતો. જાવેદ અખ્તરે તો મનમાં ઘોળાતી વાત પૂછી નાખી કે 'લતાજી, આપને તો હમારે ભી ગાને ગાએ હૈં ઔર ઉસમે સે કઈ હિટ ભી હુએ હૈં.' આ વાત સાંભળી લતાજીએ માર્મિક સ્મિત કર્યું અને એટલું જ બોલ્યા કે 'બાપ આખિર બાપ હોતા હૈ.' જવાબ સાંભળી જાવેદ અખ્તર ખડખડાટ હસી પડ્યા. વાત એમ હતી કે 'રઝિયા સુલતાન'નું એ ગીત જાવેદ અખ્તરના પિતાશ્રી જાંનિસાર અખ્તર સાહેબએ લખ્યું છે !

ગીતકાર જાવેદ અખ્તરને કયા ગીતકાર માટે આદર છે? નસરીન મુન્ની કબીરને આપેલા ઈન્ટરવ્યૂમાં જાવેદ સાબે આ વિશે વિગતે વાત કરી છે, જે એમના જ શબ્દોમાં પેશ છે:

'સાહિર લુધિયાનવી અને શૈલેન્દ્રએ ફિલ્મો માટે લખેલાં ગીતો વિશે કહીએ એટલું ઓછું છે. સાહિત્યિક રચના જેટલી જ ચીવટ અને ગંભીરતા એમણે લખેલા ફિલ્મનાં ગીતોમાં જોવા મળે છે. એમના સાહિત્યિક લખાણ અને ફિલ્મો માટે કરેલા લખાણમાં ઘણું સામ્ય છે. સાહિર ફિલ્મનાં ગીતોને એ નવી ઊંચાઈ પર લઈ ગયા એમ બેશક કહી શકાય. સાહિરની તુલનામાં શૈલેન્દ્રની ભાષા સરળ હતી. ઊંડાણભરી વાત સામાન્ય શબ્દોમાં કહેવાની આવડત શૈલેન્દ્ર પાસે હતી. બીજી એક વાત પણ મારે કહેવી છે. રાજીન્દર કૃષ્ણ અને રાજા મેંહદી અલી ખાં એવા ગીતકાર છે, જેમણે અદભુત ગીતો લખ્યાં છે, પણ આજે ભાગ્યે જ કોઈ એમને યાદ કરે છે. એમનાં ગીતો લોકો હોંશે હોંશે સાંભળે છે, ગણગણે છે, પણ આ બંને ગીતકારનું સ્મરણ નથી થતું. ક્રિકેટમાં દિલીપ વેંગસરકર સાથે થયું એવું જ આ બંને ગીતકાર સાથે થયું એવું મારું માનવું છે. વેંગસરકર ઉત્તમ દરજ્જાના બેટ્સમેન હતા, પણ એનાથી ઓછી પ્રતિભા ધરાવતા બેટ્સમેનોને યાદ કરે છે એમ ક્રિકેટ પ્રેમીઓ વેંગસરકરને યાદ નથી કરતા એ હકીકત છે.' ■




મહેશ નાણાવટી

# ગાયન રહ્યું... ગાયક બદલાયા!



મુકેશ



મહેન્દ્ર કપૂર



મન્ના ડે



મહમ્મદ રફી



કમલ બારોટ

ફિલ્મ 'ગજિની'નું એક ગીત છેઃ 'તૂ મેરી અધૂરી પ્યાસ પ્યાસ, તુ આ ગઈ દિલ કો રાસ રાસ, હે ગુઝારિશ...'

આ ગીતની શરૂઆતમાં સોનુ નિગમના અવાજમાં એક સુંદર આલાપ છે, પરંતુ આખું ગીત તો શાદ અલીના અવાજમાં છે. ફિલ્મમાં 'પરદા ઉપર પણ માત્ર આમિર ખાન જ છે તો બે ગાયકોના અવાજ શા માટે?'

એ આર રહેમાનને કોઈએ આ સવાલ પૂછ્યો ત્યારે રહેમાને રહસ્ય ખોલ્યું. વાત એમ હતી કે એ ગીત અગાઉ આખેઆખું સોનુ નિગમના જ અવાજમાં રેકોર્ડ થયું હતું, પરંતુ એ આર રહેમાનને એની ધૂનમાં ખાસ મજા આવી નહોતી. એમણે ધૂનમાં સ્હેજ ફેરફાર કર્યો. ('પ્યાસ' શબ્દ એક વાર હતો તેના બદલે બે વાર આવ્યો.) હવે રેકોર્ડિંગ કરવાની તૈયારી થઈ તે દરમિયાન સોનુ નિગમ વિદેશ પ્રવાસે નીકળી ગયો હતો. તેથી રહેમાને ગાયન તો શાદ અલીના અવાજમાં રેકોર્ડ કર્યું, પણ આગળનો આલાપ સોનુ નિગમના અવાજમાં જેમ હતો તેમ રહેવા દીધો!

મજાની વાત એ છે કે જાહેર કોન્સર્ટમાં સોનુ નિગમને એના ચાહકો એ નાનકડો આલાપ ગાઈ બતાડવાની ફરમાઈશ કરે છે! જોકે આખેઆખું ગાયન રેકોર્ડ થઈ ગયા પછી બીજા જ ગાયક પાસે ગવડાવ્યુ હોય એવા અન્ય કિસ્સાઓ પણ છે, જેમકે...

ફિલ્મ 'આદમી'નું ગીત છે 'કૈસી હસીન આજ બહારોં કી રાત હૈ, ઈક ચાંદ આસમાં પે હૈ, ઈક મેરે સાથ હૈ...' આ ગીત મહંમદ રફી અને તલત મહેમૂદના અવાજમાં રેકોર્ડ થઈ ગયું હતું. પરદા ઉપર એ ગીત દિલીપ કુમાર અને મનોજ કુમાર પર પિક્ચરાઈઝ થવાનું હતું. સંગીતકાર નૌશાદે બહુ વરસો પછી તલત મહેમૂદને આ ગીતમાં લીધા હતા કેમકે તલતના અવાજમાં એક ખાસ ઉદાસી હોય છે. (ખુશનુમા ગાયન હોય તો પણ!) પરંતુ 'આદમી' ફિલ્મ બની રહી હતી ત્યાં સુધીમાં તલત મહેમૂદનો જમાનો વીતી ચૂક્યો હતો.

આ બાજુ મનોજ કુમારને ખબર પડી કે તલત મહેમૂદ સાહેબ મારે 'ગળે પડ્યા' છે એટલે એમણે જીદ કરી કે બીજા કોઈ ગાયક પાસે ગવડાવો પણ તલત મહેમૂદ તો નહીં જ! છેવટે તલત મહેમૂદને બદલે મહેન્દ્ર કપૂરને લઈને એ ગાયન ફરી રેકોર્ડ કરવામાં આવ્યું.

આવી ઘટના મન્ના ડે સાથે પણ બની ચૂકી છે. ફિલ્મ 'જાગતે રહો' માટે સલીલ ચૌધરીએ 'જિંદગી ખ્વાબ હૈ...' ગાયન પહેલાં મન્ના ડે પાસે જ ગવડાવ્યું હતું. ફિલ્મના પ્રોડ્યુસર હતા રાજ કપૂર. ફિલ્મના હીરો પણ પોતે જ હતા. પરંતુ સ્ટોરી જ એવી હતી કે રાજ કપૂરનું પાત્ર ગીત ગાય એવી કોઈ સિચ્યુએશન જ નહોતી! છતાં રાજ કપૂરની ફિલ્મ હોય અને મુકેશનું ગાયન ન હોય એ કેમ ચાલે?

પ્રોડ્યુસર તરીકે રાજ કપૂરના મનમાં થોડી કોમર્શિયલ ગણતરી પણ હશે, કેમકે એ જમાનામાં ફિલ્મો રિલીઝ થાય એ પહેલાં ગાયનો રેડિયોમાં વાગવા લાગતાં હતાં. આથી પરદા ઉપર મોતીલાલ નામના ફેમશ કલાકાર હોવા છતાં રાજ કપૂરે એ જ ગીત ફરી મુકેશના અવાજમાં રેકોર્ડ કરાવ્યું.

(સ...બ સચ હૈ!)

'આદમી' ફિલ્મમાં બીજી એક 'હેરાફેરી' પણ થઈ હતી. તલત મહેમૂદની જગ્યાએ મહેન્દ્ર કપૂરની એન્ટ્રી થઈ એ તો ખરું, પણ શું તમને ખબર છે કે એ જ ફિલ્મનું બીજું એક ગાયન 'ન આદમી કા કોઈ ભરોસા...' અગાઉ મહેન્દ્ર કપૂરના અવાજમાં હતું? જે પાછળથી મહંમદ રફીના ફાળે આવી ગયું હતું? જી હા, યુટ્યુબ ઉપર આ ગાયન છે!

અહીં મામલો એવો હતો કે શકીલ બદાયુનીએ લખેલું આ ગીત નૌશાદ સાહેબે જે ફિલ્મ માટે રેકોર્ડ કરેલું તે ફિલ્મ જ ડબ્બામાં બંધ થઈ ગઈ! ત્યારબાદ જ્યારે 'આદમી' માટે ગીત બનાવવાનો સમય આવ્યો ત્યારે એ જ ટ્યુનમાં થોડો ફેરફાર કરીને નૌશાદ સાહેબે જૂનો માલ રિ-સાઈકલ કર્યો અને શકીલ સાહેબે નવેસરથી શબ્દો લખ્યા. ગીત મહંમદ રફીના અવાજમાં રેકોર્ડ પણ થઈ ગયું!

જોકે, દિલીપ કુમારના દિમાગમાં આ ગીતના નવા શબ્દો કંઈ જામતા નહોતા. એમણે નૌશાદને કહ્યું 'પેલું જે ગીત હતું એના જ શબ્દો રાખો ને? ' આમ શબ્દો એ જ રહ્યા, ગીતકાર પણ એ જ રહ્યા, ધૂન સહેજ બદલાઈ ગઈ અને ગાયક આખેઆખા 'રિપ્લેસ' થઈ ગયા! કેવું કહેવાય, નહીં?

અચ્છા, 'જ્વેલ થિફ'નું મશહૂર ગાયન 'યે દિલ, ના હોતા બેચારા..' તો યાદ છે ને? એની સ્ટોરી પણ અજબ છે. એમાં તો ગાયક પણ બદલાઈ ગયા, આખેઆખી ફિલ્મ બદલાઈ ગઈ. ગીતના શબ્દો બદલાઈ ગયા... માત્ર ના બદલાયા તે સંગીતકાર!

વાત એમ હતી કે 'બહારે ફિર ભી આયેગી' માટે સચિન દેવ બર્મન સંગીતકાર તરીકે નક્કી થયા હતા. એક ગાયન પણ રેકોર્ડ થઈ ગયું હતું, પરંતુ એ દરમિયાન સચિનદાને હાર્ટ એટેક આવ્યો. સંગીતનું કામ ખોરંભે ચડ્યું. આથી પ્રોડ્યુસર ગુરુદત્તે સચિનદેવને બદલે ઓપી નૈયરને લઈ લીધા. આમ પેલું ગાયન 'ડબ્બા'માં જતું રહ્યું. વરસો પછી જ્યારે 'જ્વેલ થિફ' બની રહી હતી ત્યારે સચિન દેવે એ ધૂન પટારામાંથી બહાર કાઢી અને નવેસરથી ગીતના શબ્દો લખાવ્યા. જૂના શબ્દો કંઈક આવા હતાઃ 'કોઈ ન તેરા સાથી હો, ડગર કહીં ભી જાતી હો, એ દિલ કે રાહી ચલ, બહારેં ફિર ભી આયેંગી...'

આ રીતે જ્યાં મોટા દિગ્ગજ ગાયકોનું રિપ્લેસમેન્ટ થઈ જતું હોય ત્યાં નાના, અજાણ્યા અથવા ઓછા પ્રખ્યાત ગાયકોની તો વિસાત જ શું?

ફિલ્મ 'કુદરત'નું ટાઈટલ સોંગ હતુંઃ 'સુખ દુખ કી હરએક માલા, કુદરત હી પિરોતી હૈ...' આ ગીત મરાઠી ફિલ્મ સંગીતના ગાયક ચંદ્રશેખર ગાડગિલ ગાય એવી આરડી બર્મનની ઈચ્છા હતી. નિર્માતા નિર્દેશક ચેતન આનંદ વારંવાર એ વાતને ટાળી દેતા હતા. છેવટે ચંદ્રશેખર ગાડગિલના અવાજમાં એ ગીત રેકોર્ડ પણ થયું, પરંતુ એ પછી શી ખબર કયાં કારણોસર એ જ ગીત મહંમદ રફીના અવાજમાં રેકોર્ડ કરવામાં આવ્યું.

આ આખી કહાણી ચંદ્રશેખર ગાડગિલે પૂણેમાં 'પંચમમેજિક' નામના લાઈવ પ્રોગ્રામમાં કહી છે. યુટ્યુબ પર સાંભળવા જેવી છે.

ગાડગિલનું તો એક જ ગીત આ રીતે એના નસીબમાંથી જતું રહ્યું, પરંતુ જૂના જમાનાની ખાસ્સી જાણીતી ગાયિકા કમલ બારોટનું કહેવું છે કે એમનાં ગાયેલાં કમ સે કમ બે ડઝન જેટલાં ગીતો 'ભેદી' કારણોસર લતા મંગેશકર તથા આશા ભોંસલેના અવાજોમાં ફરીથી રેકોર્ડ થતાં હતાં!

હવે એ ગીતો કયાં હતાં તે તો કમલજીને જાતે જ મળીને પૂછવું પડે. ■

ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

## હોસ્પિટલમાંથી આઉટ સૈફ અન્ય તકલીફમાં અટવાયો ...



ગયું આખું અઠવાડિયું સમગ્ર બોલિવૂડમાં એક જ ઘટના ચર્ચાતી રહી : સૈફ અલી ખાન પર એના જ ઘરમાં થયેલા જીવલેણ હુમલાની... પાંચ દિવસની સારવાર બાદ છોટે નવાબ ઘેરે પરત પણ આવી ગયા. જોકે, જે રીતે એ પોતાની કારમાંથી બિન્દાસ્ત ચાલીને ફ્લેટ સુધી પહોંચ્યો એ જોઈને ઘણાની આંખો પહોળી થઈ ગઈ.

સૈફ જે સહજતાથી સ્મિત ફરકાવતો ને હાથ વેવ કરતો ઘરમાં એન્ટ્રી મારે છે એ દૃશ્યોએ સોશિયલ મીડિયામાં આડી-અવળી ઘણી ચર્ચા જગાડી છે. સૈફે જે રીતે ફિલ્મી હીરોની સ્ટાઈલમાં હુમલાખોરનો સામનો કર્યો એના પર બધા ફિદા છે. આમ છતાં, હુમલાખોર કશી રોકાટોક વગર એના ૧૨મા ફ્લોર સુધી પહોંચી ગયો એમાં 'અંદર' ખાનેથી કશુંક કાચું કપાયું હોવાની શંકા-કુશંકા પણ જાગી છે.

જોકે, ઘવાયેલો સૈફ શારીરિક તકલીફમાંથી તો અત્યારે બહાર આવી ગયો, પણ એક પારિવારિક તકલીફમાંથી એ તાત્કાલિક બહાર નહીં આવે એવા વાવડ છે.

મધ્ય પ્રદેશ હાઈકોર્ટે ૨૦૧૫માં સૈફના પરિવારની ભોપાલની સંપત્તિ જપ્ત કરવા અંગેના એક કેસમાં સ્ટે આપ્યો હતો તેને હવે ઉઠાવી લીધો છે. લગભગ ૧૫,૦૦૦ કરોડની કહેવાતી આ સંપત્તિ પર હવે મધ્ય પ્રદેશ સરકાર 'શત્રુ સંપત્તિ એક્ટ ૨૦૧૭' હેઠળ ગમે ત્યારે કબજો લઇ શકે છે !

## બચ્ચન - ધ બિઝનેસમેન



શિખરથી તળેટી સુધીની અમિતાભ બચ્ચન જેવી જબરદસ્ત પડતી ભાગ્યે જ કોઈએ જોઈ હશે. ગત સદીમાં ABCL કંપની સ્થાપીને એને અન્યોના ભરોસે છોડીને બચ્ચન બાબુએ જબરી આર્થિક નુકસાની વેઠી હતી. ત્યારબાદ, પોતાને આવડે છે એવું કામ દિવસ-રાત કરીને લેણદારોની એમણે પાઈ-પાઈ ચૂકવી દીધી હતી. જોકે,એ સમગ્ર કિસ્સામાં અમિતાભજી પોતાની ભૂલોમાંથી જબરદસ્ત પાઠ ભણ્યા છે અને એ પણ બિઝનેસનો.

મુંબઈના ઓશિવારા વિસ્તારમાં અમિતાભે ૨૦૨૧માં એક ડુપ્લેક્સ ખરીદ્યો હતો. આ ડુપ્લેક્સ એવી 'મોકાની જગ્યાએ' એમણે ખરીદ્યો હતો, જ્યાંથી લોખંડવાલા અને મુંબઈ મેટ્રો ખૂબ નજીક પડે છે. આ ઉપરાંત એ વિસ્તારમાં હજી પણ ખૂબ ડેવલોપમેન્ટ ચાલી રહ્યું છે. આવા વિસ્તારમાં એમણે એ સમયે રૂપિયા ૩૧ કરોડમાં એ ડુપ્લેક્સ ખરીદ્યો હતો અને હવે તાજી માહિતી અનુસાર હાલમાં જ અમિતાભે આ ડુપ્લેક્સ રૂપિયા ૮૦ કરોડમાં વેચી દીધો છે ! આપણે જાણીએ જ છીએ કે મુંબઈમાં જુહુ વિસ્તારમાં જ એમના ત્રણ બંગલા છે, જ્યાં એમનો પરિવાર રહે છે અને ઓફિસ પણ છે. આથી જે ડુપ્લેક્સ એમણે 'ઇન્વેસ્ટમેન્ટ' માટે લીધો હતો એ ફક્ત ચાર વર્ષની અંદર એમને રોકડા રૂપિયા ૪૯ કરોડનો કમાવી દીધા ! તો થઇ ગયાને બચ્ચન -ધ પાકા બિઝનેસમેન?!

## આ ભંડારકર ભારે કરશે!



પોતાની ફિલ્મો 'ચાંદની બાર', 'કોર્પોરેટ' અને 'પેઈજ ૩' દ્વારા ત્રણ અલગ અલગ ક્ષેત્રોની અંદર રહેલા અંધારાઓને અજવાળું આપનાર મધુર ભંડારકર હવે એક મોટો ધડાકો કરવા જઈ રહ્યા છે. હાલમાં જ એમણે એક ઇન્ટરવ્યુ આપ્યો છે, જેમાં એમણે એ કન્ફર્મ કર્યું છે કે અત્યારના રિ-રિલીઝના ટ્રેન્ડને ફોલો કરતા એમની 'પેજ ૩' બહુ જલ્દીથી સિનેમાઘરોમાં જોવા મળી શકે છે. એટલું જ નહીં, એમની આગામી ફિલ્મનું નામ હશે : 'વાઈવ્ઝ ઓફ બોલિવૂડ'.

આ ફિલ્મમાં મધુર ભંડારકર બોલિવૂડ સિતારાઓની પત્નીઓ પર ફોકસ કરીને એમની અંધારામાં રાખવામાં આવેલી જિંદગીમાં અજવાળું પાથરશે....

મધુર ભંડારકરના કહેવા અનુસાર જો આપણને જાહેરાત અને મીડિયાની દુનિયા પર આધારિત 'પેજ ૩' આઘાત સમાન લાગી હોય તો 'વાઈવ્ઝ ઓફ બોલિવૂડ' એનાથી દસગણો આઘાત આપી જશે !

હવે સિતારાઓની ફેમિલી લાઈફ સ્ટાઈલની અંધારી બાજુ દેખાડવા ઈચ્છતી મધુર ભંડારકરની આ આગામી ફિલ્મને ખુદ બોલિવૂડ કેટલા અંશે સ્વીકારે છે એ જોવું રહ્યું ... ■

**કટ એન્ડ ઓકે..**

*'કલાકાર અને દેશ માટે ક્ષોભજનક ઘટના!'*


*વિખ્યાત મ્યુઝિકલ ગ્રુપ ' કોલ્ડપ્લે' ના મુંબઈ કોન્સર્ટમાં એના બે વર્લ્ડ ફેમસ ગાયકના નબળા સિંગિંગ પર મ્યુઝિક કમ્પોઝર વિશાળ ડડલાણીની તીખી કમેન્ટ.------------*

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# સિનેમામાં AIનો પ્રયોગ યોગ્ય કે નહીં?

## અવૉર્ડ વિનિંગ ફિલ્મ 'ધ બ્રુટલિસ્ટ' AI વપરાશના મુદ્દે અટવાઈ વિવાદમાં...

૨૦૨૩માં મે થી સપ્ટેમ્બર મહિના સુધી ચાલેલી હોલિવૂડ રાઈટર્સ સ્ટ્રાઇક યાદ છે? તેમાં મહેનતાણા ઉપરાંત AI (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ)ના ઉપયોગનો પણ એક મહત્ત્વનો મુદ્દો હતો. આમ તો છેલ્લાં થોડાં વર્ષથી AIનો ઉપયોગ વધ્યો છે ત્યારથી સૌ કોઈ તેના ફાયદા-નુકસાન વિશે પોતાના મત રજૂ કરી જ રહ્યા છે. અલગ-અલગ ક્ષેત્રના કામમાં મદદરૂપ હોવા છતાં નોકરીઓ જવાના ડર અને એથી પણ આગળ માનવજાતના અસ્તિત્વ પર જ ટેક્નોલોજીનો ખતરો હોવાના વિષય પર અનેક ચર્ચાઓ ચાલી રહી છે.





દિગ્દર્શક બ્રેડી કોર્બેટ






AIના આવા જ એક ડરના ભાગરૂપે હોલિવૂડના લેખકોએ સ્ટુડિયોઝને બાનમાં લેવાનો પ્રયાસ કર્યો હતો કે તેમણે AIનો ઉપયોગ સ્ક્રિપ્ટ રાઇટિંગ માટે નહીં કરવાનો...સિનેમામાં ટેક્નોલોજીનો ઉપયોગ તો ભરપૂર થાય છે. એમાં પણ ખાસ કરીને હોલિવૂડની તો બિગ બજેટ એક્શન ફિલ્મ્સમાં મોટાભાગે CGI અને VFX પર જ વધુ મદાર જોવા મળે છે, પણ આ લેખકોએ AIના મુદ્દાને સામાજિક અને માનવીય દ્રષ્ટિકોણથી અલગ રીતે રજૂ કર્યો હતો.

આ મુદ્દા પરથી સવાલ એ થાય કે સિનેમા ક્ષેત્રે AIનો ઉપયોગ કરવાનો કે નહીં? હાલની પરિસ્થિતિ મુજબ તો સૌ કોઈ તેની ખુલ્લેઆમ ચર્ચા પણ ટાળે છે, પણ સિનેમા અને AIના વપરાશને લઈને ગયા વર્ષની લોકપ્રિય અવૉર્ડ વિનિંગ ફિલ્મ 'ધ બ્રુટલિસ્ટ' વિવાદના ઘેરામાં આવી છે. થયું એવું છે કે ફિલ્મના એડિટર ડેવિડ યાન્કસોએ એક ઇન્ટરવ્યૂમાં કહ્યું કે 'અમે ફિલ્મમાં એક્ટર્સના ડાયલોગ્સ વધુ પ્રભાવી અને સાચુકલાં લાગે એ માટે AI ટૂલ્સનો ઉપયોગ કર્યો છે.'

ફિલ્મની વાર્તા એવી છે કે મૂળ હંગેરિયન આર્કિટેક્ટ નાયક બીજા વિશ્વયુદ્ધ પછી અમેરિકા આવે છે. વૈશ્વિક પરિસ્થિતિને કારણે અમેરિકામાં પણ એને અને એની પત્નીને ઇમિગ્રન્ટ તરીકે ઘણું વેઠવું પડે છે. મૂળ પાત્રો હંગેરિયન હોવાના કારણે ફિલ્મમાં ઘણા સંવાદ સ્થાનિક ભાષામાં છે. ફિલ્મમાં એક્ટર્સની ભાષા પરની પકડ અને પર્ફોર્મન્સના બધી જગ્યાએ વખાણ થઈ રહ્યા છે અને અવૉર્ડ્સ પણ મળી રહ્યા છે. એડિટર ડેવિડ પણ એક્ટર્સની મહેનતને બિરદાવે છે, પણ એ સાથે એનું જે કહેવું છે એ હાલ તો ફિલ્મને નકારાત્મક વમળમાં મૂકી રહ્યું છે. ડેવિડનું કહેવું છે કે એક્ટર બ્રોડી અને જોન્સના ડાયલોગ્સ વધુ હંગેરિયન લાગે એ માટે અમે એક યુક્રેનિયન AI ટૂલની મદદ લીધી હતી. હવે એક્ટરનું પર્ફોર્મન્સ સંપૂર્ણપણે એનું પોતાનું નથી એ જાણ્યા પછી ઇન્ડસ્ટ્રીના લોકો અને દર્શકો ફિલ્મને અવૉર્ડ્સમાંથી બાકાત કરવાની માગ કરવા લાગ્યા છે.

બીજી તરફ, 'ધ બ્રુટલિસ્ટ' ફિલ્મના દિગ્દર્શક બ્રેડી કોર્બેટનું કહેવું છે કે 'બ્રોડી અને જોન્સના પર્ફોર્મન્સીસ બિલકુલ જ એમનાં છે.

મહિનાઓ સુધી ડાયલેક્ટ કોચ પાસેથી તાલીમ લીધી છે. હા, અમે AI ટૂલનો પ્રયોગ કર્યો છે, પણ એ માત્ર અમુક સ્વર, અમુક અક્ષરને જરૂર મુજબ ઉઠાવવા માટે. અને એ મેન્યુઅલ પ્રક્રિયા હતી, જે અમારી સાઉન્ડ ટીમે કરી છે.'

ડેવિડનું પણ એ જ કહેવું છે કે હંગેરિયન ભાષા ખૂબ જ અઘરી હોવા છતાં બ્રોડી અને જોન્સે ઉમદા કામ કરી બતાવ્યું છે. 'ગોલ્ડન ગ્લોબ' જેવા ઓસ્કર્સ પછીના સૌથી પ્રખ્યાત અવૉર્ડમાં ડ્રામા કેટેગરીમાં બેસ્ટ ફિલ્મ, બેસ્ટ ડિરેક્ટર અને બેસ્ટ એક્ટરના અવૉર્ડ્સ જીત્યા પછી 'ધ બ્રુટલિસ્ટ' પર આ AI મુદ્દે વિવાદ થઈ રહ્યા છે. ડેવિડના આ વિધાનો પછી લોકો ફિલ્મને અલગ જ દ્રષ્ટિએ જોઈ રહ્યા છે. જોકે ડેવિડે બધી જ ચોખવટ અને સમજાવટ પોતાના ઇન્ટરવ્યૂમાં જ કરી છે. એનું એમ કહેવું છે કે 'બ્રોડી અને જોન્સે પોતે જ ડાયલોગ્સ રેકોર્ડ કર્યા હતા અને પછી એમાંથી અમે અમુકને AI ટૂલમાં નાખ્યા હતા. એ ફક્ત અમુક અક્ષરો બદલવા જેવું નાનું કામ હતું.'

જોકે ફિલ્મમાં દર્શાવવામાં આવેલી અમુક બિલ્ડીંગ્સની ડિઝાઇન માટે પણ AIનો ઉપયોગ કરવામાં આવ્યો છે તેવું પણ ડેવિડે કહ્યું છે.

ફિલ્મમાં નાયક આર્કિટેક્ટ છે એટલે બિલ્ડીંગ્સનું ઘણું મહત્ત્વ છે. ત્યારે આ વાતને લઈને પણ દર્શકો નિરાશ થયા છે પણ અહીં મુદ્દો એ છે કે CGI અને VFX કે મોશન કેપ્ચર વગેરે ટેક્નોલોજી તો ફિલ્મમેકિંગના ઉપયોગમાં લેવાતી આવી છે. એ રીતે AI પણ એક ટેક્નોલોજી જ છે કે જેનો ઉપયોગ કરી શકાય. સારા VFX માટે તો અવૉર્ડ્સ પણ હોય છે, જ્યારે AIની વાત આવે ત્યારે જ હોબાળો કેમ? આ મુદ્દે નિષ્ણાતોનું કહેવું છે કે AI સંપૂર્ણપણે માનવીય નથી. એ ટેક્નોલોજીમાં આર્ટિફિશિયલ પકડ વધુ છે. આ કારણસર AIના મુદ્દે લોકોના મત વહેંચાયેલા છે.

ઓસ્કર્સનો સમય નજીક આવી રહ્યો છે. થોડા દિવસોમાં જ તેના નોમિનેશન્સ જાહેર થઈ જશે. 'ધ બ્રુટલિસ્ટ'ને મળેલી નેગેટિવ પબ્લિસિટી તેમના માટે ફાયદારૂપ નીવડશે કે પછી AIના નજીવા ઉપયોગના કારણે હકદાર હોવા છતાં અવૉર્ડથી વંચિત રહી જશે એ જોવું રસપ્રદ રહેશે.

બાય ધ વે, સિનેમામાં AIનો કેવો અને કેટલો ઉપયોગ થવો જોઈએ એ વિશે તમારું શું માનવું છે? ■

**લાસ્ટ શોટ**

*'ઇન્ડસ્ટ્રીમાં AI વિશે વાત કરવી જ પ્રતિબંધિત છે. હકીકતમાં એવું ન હોવું જોઈએ.'*

- ડેવિડ યાન્કસો

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (અ)

**આ ફિલ્મોમાં ખલનાયિકાનું પાત્ર કઈ અભિનેત્રીએ ભજવ્યું હતું?**



૧) ગુપ્ત
૨) કર્ઝ
૩) ઐતરાઝ
૪) અંધાધુંધ
૫) ફિદા
૬) ખાખી
૭) કૌન

## ક્વિઝ (બ)

**'આંખ' શબ્દ સાથેનાં આ ગીતો કઈ ફિલ્મના છે?**

૧) આંખો હી આંખો મેં ઈશારા હો ગયા...
૨) આંખો મેં હમને આપકે સપને સજાયે હૈ...
૩) આંખો કી ગુસ્તાખી યા માફ હો, આંખો કી...
૪) આંખો સે તુમને યે ક્યાં કહે દિયા દિલ યે દીવાના...
૫) આંખો મેં ક્યા જી રૂપહેલા બાદલ, બાદલ મેં...
૬) આંખો મેં કાજલ હૈ, કાજલ મેં મેરા દિલ હૈ...
૭) આંખો મેં બસે હો તુમ તુમ્હે દિલ મેં બસા લૂંગા...

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

ફોકસ
ડી. જે. નંદન

# કમાણી માટે બોલિવૂડ માત્ર પ્રેક્ષકો પર નિર્ભર નથી

અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાના સ્ટારર એક્શન થ્રિલર ફિલ્મ 'પુષ્પા ૨' એ અત્યાર સુધીના તમામ બોક્સ ઓફિસ રેકોર્ડ તોડી નાખ્યા છે. માત્ર ઘરેલું રેકોર્ડ જ નહીં, એક અઠવાડિયામાં તેણે ૧,૦૦૦ કરોડ રુપિયાની કમાણી કરીને સમગ્ર વિશ્વના ફિલ્મ કમાણીના બજારને ચોંકાવી દીધા છે. સુકુમાર દિગ્દર્શિત આ ફિલ્મ કમાણીના હાઇવે પર એટલી ઝડપથી દોડી રહી છે કે હવે તે ક્યાં અટકશે તેનો અંદાજ લગાવવો કોઈ માટે મુશ્કેલ છે. ઑસ્ટ્રેલિયા થી લઈને મલેશિયા, જર્મની, ન્યુઝીલેન્ડ, સિંગાપોર, યુકે અને અમેરિકા સુધી, ફિલ્મે તેની રિલીઝના પ્રથમ ત્રણ દિવસમાં ૮૦ લાખ ડોલરથી વધુની કમાણી કરી હતી. બુધવાર એટલે કે ૧૧મી ડિસેમ્બર ૨૦૨૪ સુધી, તેણે એક અઠવાડિયામાં ૧૦૨૫ કરોડ રુપિયાની કમાણી કરીને હલચલ મચાવી દીધી છે.







સવાલ એ છે કે 'પુષ્પા-૨'ની આ આડેધડ કમાણી માત્ર દર્શકોને પસંદ પડવાને કારણે છે? વાસ્તવમાં આ કમાણી પાછળનું કારણ માત્ર દર્શકોને ફિલ્મ પસંદ આવે એટલું જ નથી, તેની પાછળ બીજાં ઘણાં ગણિત પણ છે. હા, ફિલ્મ 'પુષ્પા-૨'ની આ જબરદસ્ત કમાણી માત્ર દર્શકોને પસંદ પડવાને કારણે નથી, પરંતુ આ કમાણી પાછળ એક સુનિયોજિત કોર્પોરેટ વ્યૂહરચના પણ છે. આ માત્ર પુષ્પા-૨ માટે જ સાચું નથી, પરંતુ તાજેતરના વર્ષોમાં બોલિવૂડ સહિત દેશની અન્ય સિને ઇન્ડસ્ટ્રીઝની તમામ ફિલ્મો, જેણે દેશ અને વિશ્વ સ્તરે આડેધડ કમાણી કરી છે, તેની પાછળ એક અસરકારક કોર્પોરેટ વ્યૂહરચના છે. વાસ્તવમાં, આજકાલ માત્ર દર્શકોનો પ્રેમ જ ફિલ્મોને સફળ બનાવે છે એવું નથી, આ માટે મજબૂત માર્કેટિંગ, આકર્ષક કન્ટેન્ટ, અત્યંત લોકપ્રિય કાસ્ટ અને ફિલ્મની રિલીઝનો ચોક્કસ સમય પણ મેનેજ કરવો પડે છે. માર્કેટિંગ અને પ્રમોશન હવે ફિલ્મની કમાણીનો મુખ્ય સ્ત્રોત બની ગયો છે. મોટા બજેટની ફિલ્મોનો, હવે રિલીઝ થાય એ પહેલા ઘણા મહિનાઓ સુધી ભારે પ્રચાર કરવામાં આવે છે, જેમાં સોશિયલ મીડિયા અને ઇન્ફ્લૂએન્સર માર્કેટિંગનો ઉપયોગ શક્ય તેટલા વધુ પ્રેક્ષકોને થિયેટરોમાં લાવવા માટે કરવામાં આવે છે.

તાજેતરના વર્ષોમાં અને છેલ્લા કેટલાક મહિનામાં જે રીતે 'આરઆરઆર' અને 'પઠાણ'એ રિલીઝ થતાની સાથે જ દેશ-વિદેશના સિનેમા માર્કેટમાં દર્શકોને આકર્ષ્યા, તે આ જબરદસ્ત માર્કેટિંગનું પરિણામ હતું. તેમજ તેની જંગી કમાણી પાછળ માત્ર ડિસ્ટ્રિબ્યુશન માટે જ નહીં પરંતુ ફિલ્મની રિલીઝ માટે પણ ઘણું પ્લાનિંગ કરવામાં આવ્યું હતું. વાસ્તવમાં, મલ્ટિપ્લેક્સ અને ઓટીટી પ્લેટફોર્મ સાથે ભાગીદારી કરવી, ફિલ્મને એકસાથે સમગ્ર ભારતમાં રિલીઝ કરવી અને રજાઓ જેવા ખાસ પ્રસંગોએ ફિલ્મને રિલીઝ કરવી જેથી વધુને વધુ પ્રેક્ષકો ફિલ્મ જોવાનું આયોજન કરે. આ બધી બાબતો પણ આજની ઉચ્ચ કમાણી કરતી ફિલ્મોની વ્યૂહરચનાનો એક ભાગ છે. ઉદાહરણ તરીકે, જ્યારે 'કેજીએફ-૨' સમગ્ર ભારતમાં એકસાથે અલગ-અલગ ભાષાઓમાં રિલીઝ કરવામાં આવી હતી, ત્યારે આ વ્યૂહરચનાથી ફિલ્મ બજારના નિષ્ણાતોને આશ્ચર્ય થયું હતું. કારણ કે એક જ સમયે, આખા દેશમાં આ ફિલ્મ વિશે જબરદસ્ત ધૂમ મચાવી રહી હતી અને જબરદસ્ત પૈસા પણ કમાઈ રહી હતી!

આજકાલ ફિલ્મોનો બિઝનેસ યુદ્ધ કરવા જેવો વ્યૂહાત્મક બની ગયો છે. આ વ્યૂહરચનાથી ઓટીટી અધિકારો અને બ્રાન્ડ ભાગીદારી આવકના મુખ્ય સ્ત્રોત તરીકે ઉભરી આવી છે. આજકાલ, મોટી ફિલ્મો પહેલેથી જ તેમની કિંમતનો મોટો ભાગ ઓટીટી અને બ્રાન્ડ ડીલ્સ પાસેથી વસૂલ કરી લે છે. આ મોટા સોદા પછી, જ્યારે ફિલ્મો થિયેટરોમાં પહોંચે છે, તો ત્યાં પહોંચતા પહેલા તે ભરપૂર કમાણી કરી લે છે.

પરંતુ તેનો અર્થ એ નથી કે ફિલ્મ તેની માર્કેટિંગ વ્યૂહરચનાથી જ મોટો નફો કમાઈ શકે છે. મોટા પડદા પર મનોરંજનના તત્વો હોવા પણ જરૂરી છે. આજકાલ દર્શકો વિઝ્યુઅલ ટ્રીટ, એક્શન અને ડ્રામા જોવાનું પસંદ કરે છે, જેમ કે પઠાન, આરઆરઆર, કેજીએફ-૨ તેમની ભવ્યતાને કારણે પ્રેક્ષકોનું ધ્યાન આકર્ષિત કરવામાં સફળ રહી અને પછી દર્શકોએ તેને ઘણો પ્રેમ પણ આપ્યો.

છેલ્લાં કેટલાંક વર્ષોથી રાજકારણમાં ઉપયોગમાં લેવાતું 'એક ભારત'નું સ્લોગન અન્ય ક્ષેત્રોમાં પણ અસરકારક સાબિત થઈ રહ્યું છે. અગાઉ, ફિલ્મો એકસાથે દેશના એક ભાગમાં જ રિલીઝ થતી હતી અથવા જો તે હિન્દી હોય તો કેટલાક વધુ ભાગોમાં રીલિઝ થતી. તેથી તેમની કમાણી મર્યાદિત હતી. આજકાલ, ખાસ કરીને દક્ષિણ ભારતીય ફિલ્મો વિવિધ ભાષાઓમાં ડબ કરવામાં આવે છે અને એકસાથે આખા ભારતમાં રિલીઝ થાય છે. ફિલ્મોની પેન ઈન્ડિયા રિલીઝે કમાણીનો નવો અને અદ્ભુત માર્ગ ખોલ્યો છે. 'બાહુબલી', 'પુષ્પા' અને 'કેજીએફ' શ્રેણીની જંગી કમાણી અને સફળતાનું કારણ પણ તેમનુ પેન ઈન્ડિયા રિલીઝ હતુ અને હા આ બધાની વચ્ચે આપણે લોકપ્રિય સ્ટાર્સની ફેન ફોલોઈંગને ભૂલવી ન જોઈએ. લોકપ્રિય મોટા સ્ટાર્સના ચાહકોની સંખ્યા કરોડોમાં હોય છે અને માત્ર દેશમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં હોય છે. તેથી, જ્યારે

ફિલ્મો પેન ઇન્ડિયા રિલીઝ થાય છે, ત્યારે તે સામાન્ય રીતે નફામાં જ હોય છે.

દેશના લોકપ્રિય ફિલ્મ સ્ટાર્સે તાજેતરના વર્ષોમાં કંઈ રીતે તેમની હિટ ફિલ્મો દ્વારા જંગી કમાણી કરી છે, તેને આ વાત પરથી જાણી શકાય છે કે ૨૦૧૭ થી ૨૦૨૦ની વચ્ચે 'બાહુબલી ૨' એ ૧૭૦૦ કરોડ રુપિયાથી વધુની કમાણી કરી હતી, જ્યારે 'દંગલ'એ ૨૦૦૦ કરોડ રુપિયાથી વધુની કમાણી કરી હતી. વર્ષ ૨૦૨૨માં આવેલી 'આરઆરઆર' ની કમાણી રુ. ૧૨૦૦ કરોડથી વધુ હતી, 'કેજીએફ'ની કમાણી પણ રુ. ૧૨૦૦ કરોડથી વધુ હતી અને 'પુષ્પા ધ રાઇઝ' એ પણ તે જ વર્ષમાં રુ. ૩૫૦ કરોડથી વધુની કમાણી કરી હતી. વર્ષ ૨૦૨૩માં 'ગદર ૨'એ ૬૦૦ કરોડથી વધુની કમાણી કરી હતી અને ફિલ્મ 'કેરલા સ્ટોરી'એ ૩૦૦ કરોડથી વધુની કમાણી કરી હતી. વર્ષ ૨૦૨૪ પર એક નજર કરીએ તો, 'જવાન' એ ૧૨૦૦ કરોડ રુપિયાથી વધુની કમાણી કરી હતી, 'પઠાણે' ૧૦૦૦ કરોડ રુપિયાથી વધુની કમાણી કરી હતી અને 'પુષ્પા-૨'એ આ લેખ લખ્યો ત્યાં સુધી લગભગ ૧૧૦૦ કરોડ રુપિયાની કમાણી કરી હતી. અને તેની કમાણીમાં હજુ પણ કોઈ ઘટાડો થયો નથી.

સવાલ એ છે કે ફિલ્મોની કમાણી કરવાની આ પદ્ધતિ સામાન્ય ફિલ્મ મેકર્સને આકર્ષે છે કે નિરાશ કરે છે? ધ્યાનથી જોશો તો આટલી મોટી કમાણી માત્ર અમુક ફિલ્મો જ કરી રહી છે, કારણ કે તેઓ પોતાની ફિલ્મોના આડેધડ પ્રમોશન દ્વારા પોતાની ઈચ્છા મુજબ ફિલ્મોનું ભવિષ્ય ઘડવામાં સફળ થાય છે. હકીકતમાં, આ ફિલ્મો પ્રમોશનમાં એટલા પૈસા ખર્ચે છે કે આ ખર્ચ દર્શકોને આકર્ષવા માટે જાદુઈ વાતાવરણ બનાવે છે, જેના કારણે દર્શકો ફિલ્મ જોવા માટે થિયેટરમાં આવે છે. આ સમગ્ર વ્યૂહરચનામાં, નાના ફિલ્મ નિર્માતાઓને મોટો ફટકો પડે છે, કારણ કે તેઓ તેમની ફિલ્મો માટે પ્રમોશનનું વાતાવરણ બનાવી શકતા નથી. કારણ કે તેમની પાસે બિનજરૂરી પ્રમોશન માટેનું બજેટ નથી. તેથી, જો સર્વગ્રાહી રીતે જોવામાં આવે તો, ફિલ્મ ઉદ્યોગના મોટા ફિલ્મ નિર્માતાઓ જ આડેધડ આવક કરી રહ્યા છે. ■

ફોકસ પ્લસ
નિધિ ભટ્ટ

# સૈફને હૉસ્પિટલ પહોંચાડનાર ડ્રાઈવરને એક લાખ રૂપિયા આપશે સિંગર મિકા સિંહ





આજે દરેક બાજુએ સૈફ અલી ખાનને ઘાયલ સ્થિતિમાં હૉસ્પિટલ પહોંચાડનાર રિક્ષા ડ્રાઈવર ભજન સિંહ રાણાની ચર્ચા ચાલી રહી છે. તે રાતે અઢી વાગે સૈફને લીલાવતી હૉસ્પિટલ લઈ ગયો હતો અને એને સમયસર સારવાર મળી શકી હતી. જોકે સૈફ હવે ઘરે આવી ગયો છે. સૈફે ડ્રાવઈરને પચાસ હજાર રૂપિયા ઈનામ તરીકે આપ્યા છે. જોકે લોકો સૈફને સલાહ આપી રહ્યા છે કે તેણે તારો જીવ બચાવ્યો છે તો તારે તેને અગિયાર લાખ રૂપિયા આપવા જોઈએ. એવામાં સિંગર મિકા સિંહે પણ જાહેરાત કરી છે કે તે એ ડ્રાઈવરને એક લાખ રૂપિયા આપશે. સાથે જ મિકાએ ડ્રાયવરની પણ ખૂબ પ્રશંસા કરી છે. મિકાનું કહેવું છે કે 'ડ્રાઈવરે જે હિમ્મત દેખાડી છે એ પ્રશંસનીય છે. જેની પાસે એ ડ્રાઈવરનો કોન્ટેક્ટ નંબર હોય તો મને આપો. હું તેની બહાદુરી માટે તેને એક લાખ રૂપિયા આપવા માગું છું.'

ગયા અઠવાડિયે સૈફના ઘરમાં ચોરે ઘૂસીને તેના પર હુમલો કર્યો હતો. એમાં સૈફને ખૂબ ગંભીર ઈજાઓ થઈ હતી. એ વખતે ઘરમાં અન્ય કોઈ ડ્રાઈવર પણ હાજર નહોતો. એથી ઘરમાં હાજર મેડે રસ્તા પર જઈને રિક્ષા ઊભી રાખી હતી. એ રિક્ષા ડ્રાઈવરને તો એ પણ જાણ નહોતી કે તેની રિક્ષામાં હાજર એક ફેમસ ઍક્ટર છે. લીલાવતી હૉસ્પિટલ પહોંચ્યા પછી ભજન સિંહ રાણાને જાણ થઈ કે આ તો દેશનો સૌથી જાણીતો ઍક્ટર છે. તેણે તો રિક્ષાનું ભાડું પણ નહોતું લીધું. આજે સોશિયલ મીડિયામાં ભજન સિંહ રાણા છવાઈ ગયો છે. સૈફના મમ્મી શર્મિલા ટાગોરે પણ તેની સાથે મુલાકાત કરી આભાર માન્યો અને આશીર્વાદ આપ્યા છે. સાથે જ ભવિષ્યમાં મદદની જરૂર પડશે તો સૈફ અને તેનો પરિવાર હંમેશાં ડ્રાઈવરની પડખે ઊભા રહેશે. ■

# ગુજરાતના સિદ્ધાર્થ દેસાઈએ નવ વિકેટ લઈને ઇતિહાસ રચ્યો, જશુ પટેલનો રેકૉર્ડ તોડ્યો

## આઈપીએલના ચેન્નઈના ખેલાડી આન્દ્રે સિદ્ધાર્થની ઝમકદાર સદી

અમદાવાદઃ રણજી ટ્રોફીમાં એક તરફ સ્ટાર ખેલાડીઓ ગઈ કાલે સુપર-ફ્લૉપ સાબિત થયા હતા ત્યાં અજાણ્યા તેમ જ ઓછા જાણીતા ખેલાડીઓ ચમક્યા છે. ગુજરાતના ૨૪ વર્ષના લેફ્ટ-આર્મ સ્પિનર સિદ્ધાર્થ અજયભાઈ દેસાઈ (૧૫-૫-૩૬-૯)એ તરખાટ મચાવી દીધો હતો. તેણે ઉત્તરાખંડના પહેલા તમામ નવ બૅટરની વિકેટ લીધી હતી. ૧૦મી વિકેટ જો વિશાલ જયસ્વાલે ન લીધી હોત અને સિદ્ધાર્થને એ વિકેટ લેવાની પણ તક મળી હોત તો તમામ ૧૦ વિકેટ તેના નામે લખાઈ હોત.

સિદ્ધાર્થે ગુજરાત રાજ્યની ટીમના વીતેલાં વર્ષોનાં ખ્યાતનામ ઑફ સ્પિનર જશુભાઈ પટેલનો વિક્રમ તોડ્યો હતો. જશુભાઈએ ગુજરાત વતી ૨૧ રનમાં આઠ વિકેટ લીધી હતી જે અત્યાર સુધી ગુજરાતના બોલર્સમાં વિક્રમ હતો.

સિદ્ધાર્થ ઑલરાઉન્ડર છે અને ૩૬ ફર્સ્ટ-ક્લાસ મૅચોમાં તેણે ૧૫૯ વિકેટ લેવા ઉપરાંત ૪૦૬ રન પણ બનાવ્યા છે. સિદ્ધાર્થના નવ વિકેટના તરખાટને લીધે



ઉત્તરાખંડની ટીમ ૧૧૧ રને આઉટ થઈ ગઈ હતી. ત્યાર બાદ ગુજરાતે ચાર વિકેટે ૧૯૦ રન બનાવ્યા હતા જેમાં મનન હિંગરાજિયાના ૬૬ નૉટઆઉટ હાઇએસ્ટ હતા. ઉર્વિલ પટેલે ૫૩ રન બનાવ્યા હતા.

દરમ્યાન ૨૦૨૫ની આઇપીએલ માટેની ચેન્નઈની ટીમમાં સામેલ આન્દ્રે સિદ્ધાર્થે ૧૪૩ બૉલમાં ત્રણ સિક્સર તથા ૧૦ ફોરની મદદથી ૧૦૬ રન બનાવીને તામિલનાડુને ૩૦૧ રનનો સન્માનજનક સ્કોર અપાવ્યો હતો. એક તબક્કે તામિલનાડુએ ૧૨૬ રનમાં ચાર વિકેટ ગુમાવી હતી, પણ આન્દ્રેએ ટીમને મુશ્કેલીમાંથી ઉગારી હતી. ચેન્નઈએ આન્દ્રેને માત્ર ૩૦ લાખ રૂપિયામાં મેળવ્યો છે.

# અભિષેક શર્માએ તેના જ ગુરુ યુવરાજનો રેકૉર્ડ તોડી નાખ્યો!

## ઈંગ્લૅન્ડ સામે સૌથી વધુ આઠ સિક્સર ફટકારી, યુવીનો સાત છગ્ગાનો વિક્રમ હતો

કોલકાતાઃ લેફ્ટ-હૅન્ડ ઓપનિંગ બૅટર અભિષેક શર્મા (૭૯ રન, ૩૪ બૉલ, આઠ સિક્સર, પાંચ ફોર) ભારતના ભૂતપૂર્વ ઑલરાઉન્ડર અને ફાંકડા ફટકાબાજ યુવરાજ સિંહનો ચેલો છે. યુવી પાસેથી તે બૅટિંગના ઘણા પાઠ શીખ્યો છે અને યુવી તેનો મેન્ટર છે તેમ જ તેને કોચિંગ આપી ચૂક્યો છે. અભિષેકે બુધવારે અહીં ઈડન ગાર્ડન્સમાં ઇંગ્લૅન્ડ સામેની પ્રથમ ટી-૨૦માં એવી ફટકાબાજી કરી જેને કારણે ગયા વર્ષની તેની સનરાઇઝર્સ હૈદરાબાદની કેટલીક ઇનિંગ્સની યાદ તાજી થઈ ગઈ હતી. ગગનચુંબી આઠ છગ્ગા અને પાંચ ચોક્કા સહિત કુલ ૧૩ બાઉન્ડરીઝ ફટકારીને તેણે સ્ટેડિયમ ગજવ્યું હતું.

નવાઈની વાત એ છે કે યુવરાજે ૨૦૦૭માં ઇંગ્લૅન્ડ સામેની વર્લ્ડ કપની મૅચમાં જે નવો ઇતિહાસ રચ્યો હતો એને અભિષેકે બુધવારે જૂનો બનાવીને નવો ઇતિહાસ રચ્યો હતો.

અત્યાર સુધી યુવરાજ ઇંગ્લૅન્ડ સામેની એક ટી-૨૦ મૅચમાં સૌથી વધુ સિક્સર ફટકારનાર ભારતીય બૅટર હતો. તેણે ૨૦૦૭ના વિશ્વ કપમાં ઇંગ્લૅન્ડના સ્ટુઅર્ટ બ્રૉડની ઓવરના તમામ છ બૉલમાં છ સિક્સર સહિત એ ઇનિંગ્સમાં કુલ સાત સિક્સર ફટકારી હતી. એ વિક્રમ ૧૭ વર્ષ સુધી અકબંધ રહ્યો હતો અને છેક હવે અભિષેક તેના ગુરુનો એ રેકૉર્ડ તોડવામાં સફળ થયો છે. અભિષેકે બુધવારે આઠ છગ્ગા માર્યા હતા અને તે યુવીથી આગળ થઈ ગયો છે.

ઇંગ્લૅન્ડ સામેની એક ટી-૨૦ મૅચમાં સૌથી વધુ સિક્સર ફટકારવાની બાબતમાં અભિષેક અને યુવરાજ પછી ત્રીજા સ્થાને સૂર્યકુમાર યાદવ (છ સિક્સર) છે. સુરેશ રૈના (પાંચ સિક્સર) ચોથા નંબરે અને કેએલ રાહુલ (પાંચ સિક્સર) પાંચમા નંબરે છે.

ભારતની ઇંગ્લૅન્ડ સામેની બીજી ટી-૨૦ શનિવારે પચીસમી જાન્યુઆરીએ (સાંજે ૭.૦૦ વાગ્યાથી) ચેન્નઈમાં રમાશે.

# ૧૪,૫૦૫ ક્રિકેટ બૉલથી બનાવાયો સુવર્ણજયંતીનો સંદેશ, વાનખેડે ગિનેસ બુકમાં

મુંબઈઃ માત્ર મુંબઈ અને ભારતીય ક્રિકેટ જ નહીં, આંતરરાષ્ટ્રીય ક્રિકેટના રત્ન સમા વાનખેડે સ્ટેડિયમની ૫૦મી જયંતીના અવસરે ગયા અઠવાડિયે શાનદાર ઉજવણી યોજ્યા બાદ મુંબઈ ક્રિકેટ ઍસોસિયેશન (એમસીએ)એ વધુ એક વિરલ સિદ્ધિ મેળવી છે જેને લીધે આ પ્રખ્યાત મેદાને ગિનેસ વર્લ્ડ રેકૉર્ડ્સમાં સ્થાન મેળવ્યું છે.

ક્રિકેટ બૉલથી લખવામાં આવેલા સૌથી લાંબા લખાણ બદલ વાનખેડેનો ગિનેસ વર્લ્ડ રેકૉર્ડ્સમાં સમાવેશ થયો છે.

'ફિફ્ટી યર્સ ઑફ વાનખેડે સ્ટેડિયમ' એવું અંગ્રેજીમાં કુલ મળીને ૧૪,૫૦૫ લેધર બૉલની મદદથી લખવામાં આવ્યું છે. એમાં અડધા ભાગના રેડ બૉલ અને અડધા ભાગના વાઇટ બૉલ છે.

આ અપ્રતિમ સિદ્ધિ વાનખેડે સ્ટેડિયમમાં ૧૯૭૫માં સૌપ્રથમ ટેસ્ટ-મૅચ રમાઈ એને પૂરા થયેલા ૫૦ વર્ષ નિમિત્તે નોંધાઈ છે.

એમસીએના પ્રમુખ અજિંક્ય નાઇકે મીડિયાને જણાવ્યું હતું કે 'અમે ખૂબ જ રોમાંચપૂર્વક જાહેર કરીએ છીએ કે મુંબઈ ક્રિકેટ ઍસોસિયેશને ૧૪,૫૦૫ રેડ તથા વાઇટ ક્રિકેટ બૉલ વડે સૌથી લાંબુ લખાણ રજૂ કરીને ગિનેસ વર્લ્ડ રેકૉર્ડની અસાધારણ સિદ્ધિ મેળવી છે. વાનખેડે ખાતેની આ સિદ્ધિ સ્વર્ગીય એકનાથ સોલકર તેમ જ મુંબઈના એવા ભૂતપૂર્વ ખેલાડીઓને અર્પણ છે જેમનું મુંબઈ ક્રિકેટમાં અનેરું યોગદાન રહ્યું છે અને જેઓ હવે આપણી વચ્ચે હયાત નથી.'



વાનખેડેમાં ઉપરોક્ત લખાણ કુલ ૧૪,૫૦૫ લાલ અને સફેદ ક્રિકેટ બૉલ જોડીને તૈયાર કરાયું હતું. (એમસીએ)

વાનખેડેમાં (વેસ્ટ ઇન્ડિઝ સામે) ૧૯૭૫માં જે પ્રથમ ટેસ્ટ રમાઈ હતી એમાં એકનાથ સોલકરે સેન્ચુરી ફટકારી હતી.

વાનખેડે ખાતે ગયા અઠવાડિયે વિવિધ સન્માન સમારંભો યોજાયા હતા તેમ જ રવિવાર, ૧૯મી જાન્યુઆરીએ ભવ્ય સમારોહ યોજાયો હતો જેમાં અસંખ્ય ક્રિકેટરો હાજર હતા.

આ એ જ સ્થળ છે જ્યાં ૨૦૧૧માં એમએસ ધોનીના નેતૃત્વમાં ભારતે વન-ડેનો બીજો વર્લ્ડ કપ જીતી લીધો હતો.

એમસીએની ગવર્નિંગ બૉડીની એક યાદીમાં જણાવાયું હતું કે 'એમસીએ દ્વારા આ અપ્રતિમ સિદ્ધિ માટે વપરાયેલા બૉલ શહેરની સ્કૂલો, ક્લબો તેમ જ એનજીઓના આશાસ્પદ ક્રિકેટરોને આપવામાં આવશે.'

# વિશ્વ વિજેતા ગુકેશની નવી વિરલ સિદ્ધિ, વર્લ્ડ રૅન્કિંગમાં ચોથા નંબર પર આવી ગયો

ચેન્નઈઃ તાજેતરમાં જ ૧૮ વર્ષની ટીનેજ વયે ચેસ વિશ્વના સૌથી યુવાન વર્લ્ડ ચૅમ્પિયન બનેલા ચેન્નઈના ડી. ગુકેશે વધુ એક સિદ્ધિ હાંસલ કરી છે. ચેસ જગતની સર્વોચ્ચ સંચાલન સંસ્થા ફિડે દ્વારા જાહેર કરવામાં આવેલા નવા રૅન્કિંગમાં ગુકેશ ચોથા સ્થાન પર આવી ગયો છે. એ સાથે, તેણે ભારતના જ અર્જુન એરીગૈસીને પાછળ મૂકી દીધો છે અને વર્તમાન ભારતીય ખેલાડીઓમાં સર્વોચ્ચ રૅન્ક ધરાવતો પ્લેયર બની ગયો છે. ગુકેશે આ ગૌરવ ગુરુવારે મેળવ્યું. તેણે નેધરલૅન્ડ્સના વિજ્ક આન જિમાં ચાલી રહેલી પ્રતિષ્ઠિત ટાટા સ્ટીલ ટૂર્નામેન્ટમાં જર્મનીના વિન્સેન્ટ કીમરને હરાવ્યો એ સાથે ફિડેના ક્રમાંકોમાં ચોથા નંબર પર આવી ગયો હતો.

આ સ્પર્ધામાં ગુકેશની આ બીજી જીત છે. તેના માટે આ ચોથી રૅન્ક વધુ મહત્ત્વપૂર્ણ છે, કારણકે અઠવાડિયા પહેલાં જ તે ભારતીય રમતગમત ક્ષેત્રના સર્વોત્તમ ધ્યાનચંદ ખેલરત્ન પુરસ્કારથી સન્માનિત થયો હતો. તેના રેટિંગ પૉઇન્ટ ૨,૭૮૪ થઈ ગયા છે, જ્યારે એરીગૈસીના રેટિંગ ૨૭૭૯.૫ છે. એરીગૈસી ચોથા ક્રમે હતો, પણ ગુકેશની એ સ્થાન પર એન્ટ્રી થતાં એરીગૈસી પાંચમે ગયો છે.

રેટિંગના લિસ્ટમાં વર્લ્ડ નંબર-વન નૉર્વેનો મૅગ્નસ કાર્લસન ૨૮૩૨.૫ પૉઇન્ટ સાથે પ્રથમ સ્થાને છે. અમેરિકાનો ગ્રૅન્ડમાસ્ટર હિકારુ નાકામુરા (૨,૮૦૨) બીજા નંબરે તથા ફૅબિયાનો કારુઆના (૨,૭૯૮) ત્રીજા નંબરે છે.

અર્જુન એરીગૈસીએ ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ચોથું સ્થાન હાંસલ કર્યું હતું અને ત્યારે તે સૌથી મોટી રૅન્ક ધરાવતો ભારતીય ખેલાડી બન્યો હતો અને હવે ગુકેશ તેના સ્થાને ચોથા ક્રમે આવી ગયો છે.

# ટીનેજ છોકરીઓના ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતે શ્રીલંકાને કચડ્યું

## આયરલૅન્ડ સામે હારી જતાં પાકિસ્તાન સ્પર્ધાની બહાર જ ફેંકાઈ ગયું



ક્વાલાલમ્પુરઃ અહીં મલેશિયામાં રમાતા છોકરીઓ માટેના અન્ડર-૧૯ ટી-૨૦ વર્લ્ડ કપમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન ભારતે (૨૦ ઓવરમાં ૧૧૮/૯) ગઈ કાલે ગ્રૂપ-એની બીજા નંબરની ટીમ શ્રીલંકા (૨૦ ઓવરમાં ૫૮/૯)ને ૬૦ રનથી હરાવીને સુપર સિક્સ રાઉન્ડમાં સહેલાઈથી પ્રવેશ કરી લીધો હતો. બીજી તરફ, ગ્રૂપ-બીમાં વરસાદને કારણે ટૂંકાવવામાં આવેલી ટી-૨૦માં આયરલૅન્ડે (નવ ઓવરમાં ૬૯/૫) પાકિસ્તાન (નવ ઓવરમાં ૫૯/૭)ને ૧૩ રનથી હરાવીને પાકિસ્તાનની ટીમને સ્પર્ધાની બહાર કરી દીધી હતી.

ભારતનો ૧૧૮/૯નો સ્કોર પડકારરૂપ તો નહોતો, પણ બોલર્સે વિજય અપાવ્યો હતો. શબનમ શકીલ, વી. જે. જોશીથા અને પારુણિકા સિસોદિયાએ બે-બે વિકેટ તેમ જ આયુષી શુક્લા તથા પાછલી મૅચની સુપરસ્ટાર સ્પિનર વૈષ્ણવી શર્માએ એક-એક વિકેટ લીધી હતી. શ્રીલંકન બૅટર્સમાંથી માત્ર રશ્મિકા સેવાન્ડી (૧૫ રન) ડબલ ડિજિટમાં રન બનાવી શકી હતી. એક બૅટરનો ઝીરો હતો, જ્યારે નવ બૅટરના સિંગલ ડિજિટમાં રન હતા.

એ પહેલાં, ભારતને ૧૧૮ રનનો સન્માનજનક સ્કોર અપાવવામાં ઓપનર ગોન્ગાડી ત્રિશા (૪૯ રન, ૪૪ બૉલ, એક સિક્સર, પાંચ ફોર)નું સૌથી મોટું યોગદાન હતું. ત્યાર પછીનો શ્રેષ્ઠ સ્કોર મિથિલા વિનોદ (૧૬ રન) અને વી. જે. જોશીથા (૧૪ રન)નો હતો. કૅપ્ટન નિક્કી પ્રસાદ બે ચોક્કાની મદદથી બનાવેલા ફક્ત ૧૧ રન બનાવીને આઉટ થઈ ગઈ હતી.

શ્રીલંકાની ટીમ ૧૧૯ રનનો નીચો લક્ષ્યાંક મેળવવાની ઉતાવળમાં અડધા ભાગના રન પણ નહોતી બનાવી શકી.

ભારતીય ટીમે સતત ત્રીજી જીત મેળવી છે. આ પહેલાં નિક્કી પ્રસાદ ઇલેવને વેસ્ટ ઇન્ડિઝની ટીમને નવ વિકેટે અને મલયેશિયાને ૧૦ વિકેટે હરાવ્યું હતું.

યજમાન મલયેશિયાની ટીમ સ્પર્ધાની બહાર થઈ ગઈ છે.

# રોહિત શર્મા ૩, યશસ્વી જયસ્વાલ ૪, શ્રેયસ ઐયર ૧૧, રિષભ પંત ૧, શુભમન ગિલ ૪: જોકે જાડેજાનો પાંચ વિકેટનો તરખાટ

## રણજી મૅચમાં મુંબઈ ૪૭/૭ બાદ ૧૨૦ રને આઉટઃ જમ્મુ અને કાશ્મીર સાત વિકેટે ૧૭૪ રન

મુંબઈ/રાજકોટઃ રણજી ટ્રોફીનો નવા રાઉન્ડની ગઈ કાલે (સવારે ૯.૩૦ વાગ્યાની) શરૂઆત પહેલાં સ્ટાર ખેલાડીઓના પુનરાગમનથી પરિસ્થિતિ રોમાંચક હતી, પણ થોડા જ કલાકોમાં એમાંના મોટા ભાગના સિતારાઓના ફ્લૉપ શોને કારણે 'ટાંય ટાંય ફિસ' થઈ ગયું હતું. બીસીસીઆઇએ આંતરરાષ્ટ્રીય સિરીઝ કે ટૂર્નામેન્ટ પહેલાં સ્ટાર પ્લેયર્સને ડોમેસ્ટિક ક્રિકેટ (રણજી ટ્રોફી)માં રમવાની સૂચના આપી છે, પરંતુ કમનસીબે રોહિત શર્મા, યશસ્વી જયસ્વાલ, શ્રેયસ ઐયર, રિષભ પંત અને શુભમન ગિલ સાવ સસ્તામાં આઉટ થઈ ગયા હતા. બીજી બાજુ, રવીન્દ્ર જાડેજા સુપર-હિટ સાબિત થયો હતો.



ગઈ કાલે બીકેસીમાં આઉટ થયેલો રોહિત. (પીટીઆઇ)

રોહિત શર્મા આ પહેલાં નવેમ્બર ૨૦૧૫માં (નવ વર્ષ પહેલાં) રણજીમાં રમ્યો હતો. યશસ્વીનો અગાઉનો રણજી પર્ફોર્મન્સ જાન્યુઆરી ૨૦૨૩માં (બે વર્ષ પહેલાં), રિષભ પંતનો પાછ્લો રણજી દેખાવ ડિસેમ્બર ૨૦૧૭માં (સાત વર્ષ પહેલાં) અને શુભમન ગિલનો આ અગાઉનો રણજી પર્ફોર્મન્સ જૂન ૨૦૨૨માં (અઢી વર્ષ પહેલાં) હતો. તેમની પાસે તેમની ટીમની ગઈ કાલે બહુ મોટી અપેક્ષા હતી, પણ આ ચારેય બૅટર થોડી જ મિનિટો સુધી ક્રીઝ પર ટકી શક્યા હતા.

બાન્દ્રા-કુર્લા કૉમ્પ્લેક્સ (બીકેસી)માં શરદ પવાર ઍકેડેમી ગ્રાઉન્ડ પર ડિફેન્ડિંગ ચૅમ્પિયન મુંબઈ વતી રોહિત શર્મા અને યશસ્વી જયસ્વાલે જમ્મુ અને કાશ્મીર સામેની મૅચમાં ઓપનિંગ કર્યું હતું, પરંતુ રોહિત ૧૯ બૉલમાં ત્રણ રન બનાવીને અને યશસ્વી આઠ બૉલમાં ચાર રન બનાવીને આઉટ થઈ ગયો હતો. રિષભ પંત ૧૦ બૉલમાં ફક્ત એક રન બનાવીને વિકેટ ગુમાવી બેઠો હતો. પંજાબનો કૅપ્ટન શુભમન ગિલ સાત જ બૉલ રમ્યો હતો ત્યાં આઠમા બૉલમાં ચાર રનના પોતાના સ્કોર પર આઉટ થઈ ગયો હતો.

શ્રેયસ ઐયર મુંબઈની ટીમમાં છે. તે છેલ્લા થોડા અઠવાડિયાથી ડોમેસ્ટિક ક્રિકેટમાં બહુ સારા ફૉર્મમાં જોવા મળ્યો છે અને આવતા મહિનાની ચૅમ્પિયન્સ ટ્રોફીની ટીમમાં તેનો સમાવેશ કરાયો છે, પણ આજે બીકેસીમાં જમ્મુ-કાશ્મીરની ટીમ સામે સાત જ બૉલની ટૂંકી ઇનિંગ્સમાં ૧૧ રનના તેના સ્કોર પર આઉટ થઈ ગયો હતો. તેની વિકેટ યુધવીર સિંહ નામના પેસ બોલરે લીધી હતી.

આ સ્ટાર ખેલાડીઓમાંથી રોહિત, યશસ્વી, પંત અને ગિલ એવા ચાર પ્લેયર છે જેઓ તાજેતરમાં ઑસ્ટ્રેલિયા ખાતેના નિરાશાજનક પ્રવાસેથી પાછા આવ્યા હતા અને હવે રણજીમાં તેમણે રમવાનું કહેવામાં આવ્યું છે.

છેલ્લા બે મહિનામાં ન્યૂ ઝીલૅન્ડ અને ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ સિરીઝોની ૧૧ ઇનિંગ્સમાં કુલ મળીને ફક્ત ૧૨૨ રન બનાવનાર રોહિત શર્માનું રણજી ટ્રોફીમાં કમબૅક નિરાશાજનક રહ્યું છે. મુંબઈના કેપ્ટન અજિંક્ય રહાણેએ ટૉસ જીતીને બેટિંગ પસંદ કરી હતી અને ઓપનર તરીકે રોહિત શર્મા તથા યશસ્વી જયસ્વાલ મેદાન પર ઊતર્યા હતા.

મૅચ પહેલાંના પ્રેક્ટિસ સેશનમાં રોહિત શર્મા ખૂબ ખુશ હતો અને સાથીઓ જોડે મસ્તી મજાક કરી રહ્યો હતો. તેઓ એક ટૂંકા સેશનમાં હેડ વૉલીબૉલ પણ રમ્યા હતા.

રોહિત ઓપનિંગ માટે ગ્રાઉન્ડ પર ઊતર્યો ત્યારે તેનામાં ભરપૂર આત્મવિશ્વાસ જોવા મળ્યો હતો. તેણે અને યશસ્વીએ સાવચેતીભરી શરૂઆત કરી હતી. જોકે રોહિતે ફક્ત ત્રણ રન બનાવીને વિકેટ ગુમાવી દીધી હતી. તે કાશ્મીરના ૩૧ વર્ષીય ફાસ્ટ બોલર ઉમર નઝીર મીરના બૉલમાં મિડવિકેટ તરફ શૉટ મારવાના પ્રયાસમાં પારસ ડોગરાને કૅચ આપી બેઠો હતો. યશસ્વી પેસ બોલર ઑકિબ નબીના બૉલમાં એલબીડબ્લ્યૂ થઈ ગયો હતો.

રોહિતને પ્લેઈંગ ઇલેવનમાં સમાવવા ઇન્ફૉર્મ ઓપનર આયુષ મ્હાત્રેને પડતો મૂકવામાં આવ્યો હતો. ૧૭ વર્ષના આયુષની આ પહેલી જ સીઝન છે અને એમાં તેણે નવ ઈનિંગ્સમાં ૪૫.૩૩ની સરેરાશે કુલ ૪૦૮ રન ખડકી દીધા છે.

બીકેસીમાં સ્ટાર ખેલાડીઓ રમવાના હોવાથી આયોજકોએ ૫૦૦ જેટલી સીટની વ્યવસ્થા કરી હતી, પરંતુ ઓછા પ્રેક્ષકો આ મૅચ જોવા આવ્યા હતા.

મુંબઈએ ખરાબ શરૂઆત બાદ ૪૭ રનમાં સાત વિકેટ ગુમાવી દીધી હતી. જોકે શાર્દુલ ઠાકુર (૫૧ રન, ૫૭ બૉલ, બે સિક્સર, પાંચ ફોર) અને તનુષ કોટિયન (૨૬ રન, ૩૬ બૉલ, પાંચ ફોર)ની ૬૩ રનની ભાગીદારીથી ધબડકો અટક્યો હતો અને મુંબઈની થોડી આબરૂ બચી હતી.

## રણજીમાં ફ્લૉપ ગયેલા ભારતીય ક્રિકેટરો

મુંબઈના જાણીતા સ્કોરર દીપક જોશીએ 'મુંબઈ સમાચાર'ને આપેલી માહિતી મુજબ ભારત વતી રમી ચૂકેલા ઘણા ખેલાડીઓનો ગુરુવારે રણજી ટ્રોફીમાં ફ્લૉપ-શો રહ્યો હતોઃ

(૧) શિવમ દુબે-૦, જમ્મુ-કાશ્મીર સામે (૨) રજત પાટીદાર-૦, કેરળ સામે (૩) રિષભ પંત-એક રન, સૌરાષ્ટ્ર સામે (૪) વિજય શંકર-એક રન, ચંડીગઢ સામે (૫) રોહિત શર્મા-ત્રણ રન, જમ્મુ-કાશ્મીર સામે (૬) યશસ્વી જયસ્વાલ-ચાર રન, જમ્મુ-કાશ્મીર સામે (૭) શુભમન ગિલ-ચાર રન, કર્ણાટક સામે (૮) હનુમા વિહારી-છ રન, પોંડિચેરી સામે (૯) ચેતેશ્વર પુજારા-છ રન, દિલ્હી સામે (૧૦) પ્રભસિમરન સિંહ-છ રન, કર્ણાટક સામે (૧૧) ઋતુરાજ ગાયકવાડ-૧૦ રન, બરોડ સામે (૧૨) શ્રેયસ ઐયર-૧૧ રન, જમ્મુ-કાશ્મીર સામે (૧૩) અજિંક્ય રહાણે-૧૨ રન, જમ્મુ-કાશ્મીર સામે.

## ક્યાં કઈ રણજી મૅચમાં શું બન્યું?

(૧) બીકેસીમાં મુંબઈ ૧૨૦ રનમાં ઑલઆઉટ (શાર્દુલ ૫૧ રન, કોટિયન ૨૬ રન, રોહિત ૩ રન, યશસ્વી ૪ રન, શ્રેયસ ૧૧ રન, ઉમર મીર ૪૧ રનમાં ચાર અને યુધવીર સિંહ ૩૧ રનમાં ચાર, ઑકિબ નબી ૩૬ રનમાં બે વિકેટ) બાદ જમ્મુ અને કાશ્મીર સાત વિકેટે ૧૭૪ રન (શુભમ ખજુરિયા ૫૩ રન, આબિદ મુશ્તાક ૪૪ રન, મોહિત ૩૪ રનમાં ત્રણ, શમ્સ મુલાની ૬૧ રનમાં બે અને શાર્દુલ ૨૯ રનમાં તથા શિવમ દુબે ૩૦ રનમાં એક વિકેટ). જમ્મુ-કાશ્મીરની ટીમ ૫૪ રનથી આગળ.

(૨) રાજકોટમાં દિલ્હી ૧૮૮ રને ઑલઆઉટ (આયુષ બદોની ૬૦ રન, યશ ધુલ ૪૪ રન, રિષભ પંત ૧ રન, રવીન્દ્ર જાડેજા ૬૬ રનમાં પાંચ, ધર્મેન્દ્રસિંહ જાડેજા ૬૩ રનમાં ત્રણ વિકેટ) બાદ સૌરાષ્ટ્ર પાંચ વિકેટે ૧૬૩ રન (હાર્વિક દેસાઈ ૯૩ રન, રવીન્દ્ર જાડેજા ૩૮ રન, શિવમ શર્મા ૩૬ રનમાં બે વિકેટ)

(૩) બેન્ગલૂરુમાં પંજાબ પંચાવન રને ઑલઆઉટ (રમણદીપ સિંહ ૧૬ રન, શુભમન ગિલ ૪, વાસુકી કૌશિક ૧૬ રનમાં ચાર, અભિલાશ શેટ્ટી ૧૯ રનમાં ત્રણ અને પ્રસિદ્ધ ક્રિષ્ના ૧૧ રનમાં બે વિકેટ) બાદ કર્ણાટક ચાર વિકેટે ૧૯૯ રન (રવિચન્દ્રન સ્મરણ ૮૩ નૉટઆઉટ)

(૪) નાશિકમાં બરોડા સામે મહારાષ્ટ્ર સાત વિકેટે ૨૫૮ રન (સૌરભ નવાળે ૬૦ નૉટઆઉટ, ઋતુરાજ ૧૦ રન, અતિત શેઠ ૪૮ રનમાં ત્રણ, રાજ લિંબાણી ૪૫ રનમાં બે, કૃણાલ પંડ્યા ૨૪ રનમાં એક અને મહેશ પીઠિયા ૩૧ રનમાં એક વિકેટ)

(૫) જયપુરમાં વિદર્ભ ૧૬૫ રને ઑલઆઉટ (કરુણ નાયર ૩૯ રન, ખલીલ અહમદ ૩૭ રનમાં પાંચ અને માનવ સુથાર ૪૦ રનમાં ત્રણ તથા કુકના અજય સિંહ ૨૪ રનમાં બે વિકેટ) બાદ રાજસ્થાન પાંચ વિકેટે ૧૦૧ રન (મહિપાલ લૉમરોર ૪૪ નૉટઆઉટ)

# ભારત-ઈંગ્લૅન્ડની બીજી ટી-૨૦ આવતી કાલે

ચેન્નઈઃ ભારતે બુધવારે કોલકાતામાં ઇંગ્લૅન્ડને પાંચ મૅચવાળી ટી-૨૦ સિરીઝની પ્રથમ મૅચમાં અભિષેક શર્માની ૭૯ રનની આતશબાજી સાથે સાત વિકેટે હરાવી દીધું ત્યાર બાદ હવે બીજી મૅચ આવતી કાલે (શનિવાર, ૨૫મી જાન્યુઆરી) ચેન્નઈમાં રમાશે. ભારત આ શ્રેણીમાં ૧-૦થી આગળ છે. આગામી મૅચમાં કૅપ્ટન સૂર્યકુમાર યાદવ તેમ જ સંજુ સૅમસન, હાર્દિક પંડ્યાની બૅટિંગ પર તેમ જ વાઇસ-કૅપ્ટન અક્ષર પટેલના ઑલરાઉન્ડ પર્ફોર્મન્સ પર સૌની નજર રહેશે.



**ઝહીરની ઍક્ટ્રેસ-પત્ની સાગરિકા સાથે ક્રિકેટ-લેજન્ડ સચિનઃ** ક્રિકેટ-લેજન્ડ સચિન તેન્ડુલકરે બુધવારે મુંબઈમાં આયોજિત સચિન તેન્ડુલકર ફાઉન્ડેશનની પાંચમી ઉજવણીના ભાગરૂપે આયોજિત સમારંભમાં ઘણા સ્ટાર ખેલાડીઓ તેમ જ ફિલ્મ સિતારાઓ સાથે વાતચીત કરી હતી અને ઝહીર ખાનની પત્ની સાગરિકા ઘાટગે પણ સામેલ હતી. (પીટીઆઇ)

# જય શાહ વર્લ્ડ ક્રિકેટ કનેક્ટ્સ ઍડવાઇઝરી બોર્ડમાં સામેલ

લંડનઃ આઇસીસીના સૌથી યુવાન અધ્યક્ષ અને બીસીસીઆઇના ભૂતપૂર્વ સેક્રેટરી જય શાહને નવ-રચિત વર્લ્ડ ક્રિકેટ કનેક્ટ્સ ઍડવાઇઝરી બોર્ડમાં સામેલ કરવામાં આવ્યા છે. આ જૂથ ક્રિકેટની રમત સામે રહેલા પડકારો તેમ જ તકોને ધ્યાનમાં લઈને એના પર ચર્ચા કરે છે અને ઉકેલ તથા અમલ બજાવણી માટેના કામ કરે છે.

ઇંગ્લૅન્ડની મૅરિલબૉન ક્રિકેટ ક્લબ (એમસીસી)એ જણાવ્યું છે કે કેટલાક ખેલાડીઓએ બોર્ડમાં જોડાવાનું આમંત્રણ સ્વીકાર્યું છે અને એમાં સંગકારા, સૌરવ ગાંગુલી, હીધર નાઇટ, ગ્રેમ સ્મિથ, જય શાહ, તેમ જ સ્ટ્રાઉસનો સમાવેશ છે.

# આઈટી અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ શૅરમાં લેવાલીને ટેકે સેન્સેક્સમાં ૧૧૫ પૉઈન્ટની અને નિફ્ટીમાં ૫૦ પૉઈન્ટની આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે વિશ્વ બજારનાં પ્રોત્સાહક અહેવાલો સાથે ખાસ કરીને આઈટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને કૉમૉડિટી સ્ટોકમાં લેવાલી નીકળતા આજે સતત બીજા સત્રમાં સુધારાની આગેકૂચ જળવાઈ રહેતાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૧૧૫.૩૯ પૉઈન્ટનો અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૫૦ પૉઈન્ટનો સુધારો આગળ ધપ્યો હતો. જોકે, આજે બજારમાં ચંચળતાનું વલણ જળવાઈ રહેતાં સેન્સેક્સમાં સત્ર દરમિયાન એક તબક્કે ૩૩૮.૫૫ પૉઈન્ટનો સુધારો અને એક તબક્કે ૨૦૨.૮૭ પૉઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો.

તે જ પ્રમાણે નિફ્ટીમાં સત્ર દરમિયાન એક તક્કે ૧૧૫.૪૫ પૉઈન્ટનો સુધારો તો એક તબક્કે ૬૪.૭૦ પૉઈન્ટ સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો.

આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૩,૩૧૬.૫૫ કરોડની ખરીદી સામે રૂ. ૧૮,૭૭૯.૦૭ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૫૪૬૨.૫૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. જોકે, તેની સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૪,૪૧૨.૭૩ કરોડની ખરીદી સામે રૂ. ૧૦,૭૦૦.૧૮ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૩૭૧૨.૫૫ કરોડની ચોખ્ખી ખરીદી રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. તેમ જ આજે બીએસઈ ખાતે લિસ્ટેડ થયેલા શૅરોનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૨,૭૫,૩૫૯.૨૪ કરોડ વધીને રૂ. ૪,૨૪,૬૩,૬૮૬.૮૦ કરોડની સપાટીએ રહ્યું હોવાનું માહિતી પરથી જાણવા મળ્યું છે.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૭૬,૪૦૪.૯૯ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૭૬,૪૧૪.૫૨ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૬,૨૦૨.૧૨ અને ઉપરમાં ૭૬,૭૪૩.૫૪ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૦.૧૫ ટકા અથવા તો ૧૧૫.૩૯ પૉઈન્ટ વધીને ૭૬,૪૦૪.૯૯ના મથાળે બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૩,૧૫૫.૩૫ના બંધ સામે સાધાણ નરમાઈના અન્ડરટોને ૨૩,૧૨૮.૩૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૩,૦૯૦.૬૫ અને ઉપરમાં ૨૩,૨૭૦.૮૦ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૦.૨૨ ટકા અથવા તો ૫૦ પૉઈન્ટ વધીને ૨૩,૨૦૫.૩૫ની સપાટીએ બંધ રહ્યો હતો.



પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર આજે બીએસઈ ખાતે કુલ ૪૦૬૭ શૅરોમાં કામકાજ થયા હતા, જેમાંથી ૨૧૧૯ શૅરના ભાવ વધીને ૧૮૪૨ શૅરના ભાવ ઘટીને અને ૧૦૬ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ તેમાં ૭૫ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૯૯ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા. વધુમાં આજે ૨૦ શૅરના ભાવમાં ઉપલી અને છ શૅરના ભાવમાં નીચલી સર્કિટ લાગી હતી.

હાલના તક્કે ટ્રમ્પની વેપાર, વેરા અને ટેરિફની નીતિ અંગે ભારે અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે તેના કારણે વૈશ્વિક સ્તરના વેપારો ખોરવાઈ જવાની સાથે સાથે ફુગાવામાં વધારો અને વિવિધ દેશના ચલણોમાં ભારે ચંચળતા રહેવાની ભીતિ સપાટી પર છે. તેમ જ રોકાણકારોની નજર આગામી પહેલી ફેબ્રુઆરીના રોજ રજૂ થનારા અંદાજપત્ર પર સ્થિર હોવાથી બજારમાં નરમાઈનું વલણ જોવા મળે છે. તેમ છતાં તાજેતરમાં જાહેર થઈ રહેલા ત્રીજા ત્રિમાસિકગાળાના કોર્પોરેટ પરિણામોથી એમ જણાય છે કે આગામી ચોથા ત્રિમાસિકગાળાના પરિણામો સારા રહેશે, એમ જિઓજીત ફાઈનાન્સિયલ સર્વિસીસના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

એકંદરે આજે બજારમાં શુષ્ક આરંભ થયા બાદ ખાસ કરીને અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ખાનગી ક્ષેત્રમાં રોકાણની જાહેરાત કરે તેવા આશાવાદ સાથે આજે મુખ્યત્વે આઈટી શૅરોમાં લેવાલી નીકળતાં નરમાઈનું વલણ ધોવાઈ જતાં બજારમાં સુધારો જોવા મળ્યો હોવાનું સ્ટોક્સબોક્સનાં ચાર્ટર્ડ માર્કેટ ટેક્નિશિયન અમેય રણદીવે જણાવતાં ઉમેર્યું હતું કે તાજેતરમાં જાહેર થતાં પરિણામોમાં અર્નિંગ્સમાં સાધારણ વૃદ્ધિ જોવા મળી રહી હોવાથી સુધારો મર્યાદિત રહ્યો હતો.

દરમિયાન આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૧૮ શૅરના ભાવ વધીને અને ૧૨ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા, જ્યારે નિફ્ટી હેઠળના ૫૦ શૅર પૈકી ૩૦ શૅરના ભાવ વધીને અને ૨૦ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. સેન્સેક્સ હેઠળના મુખ્ય વધનાર શૅરોમાં આજે સૌથી વધુ ૬.૮૧ ટકાનો સુધારો અલ્ટ્રાટેક સિમેન્ટમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે ઝોમેટોમાં ૨.૫૨ ટકાનો, મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૨.૦૩ ટકાનો, સન ફાર્મામાં ૨.૦૧ ટકાનો, ટૅક મહિન્દ્રામાં ૧.૮૬ ટકાનો અને ટાટા મોટર્સમાં ૧.૨૯ ટકાનો સુધારો જોવા મળ્યો હતો, જ્યારે મુખ્ય ઘટનાર શૅરોમાં પાવરગ્રીડ કોર્પોરેશનમાં ૧.૧૯ ટકાનો, કોટક મહિન્દ્રા બૅન્કમાં ૧.૧૮ ટકાનો, એચસીએલ ટૅક્નોલૉજીસમાં ૧.૦૬ ટકાનો, રિલાયન્સમાં ૧.૦૫ ટકાનો, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાં ૦.૯૭ ટકાનો અને હિન્દુસ્તાન યુનીલિવરમાં ૦.૮૬ ટકાનો ઘટાડો આવ્યો હતો.

બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડાઈસીસમાં સૌથી વધુ ૧.૯૫ ટકાનો વધારો કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં જોવા મળ્યો હતો. આ સિવાય કોમોડિટી ઈન્ડેક્સમાં ૧.૮૬ ટકાનો, આઈટી ઈન્ડેક્સમાં ૧.૭૯ ટકાનો, ઈન્ફોર્મેશન ટેક્નોલૉજી ઈન્ડેક્સમાં ૧.૫૧ ટકાનો, સર્વિસીસ ઈન્ડેક્સમાં ૧.૪૨ ટકાનો તેમ જ કન્ઝ્યુમર ડિસ્ક્રેશનરી અને હૅલ્થકૅર ઈન્ડેક્સમાં ૧.૨ ટકાનો વધારો થયો હતો. જોકે, તેની સામે એનર્જી, બૅન્કેક્સ, અને ઑઈલ ઍન્ડ ગૅસ ઈન્ડેક્સમાં ઘટાડો આવ્યો હતો.

વધુમાં આજે એશિયામાં ટોકિયો, શાંઘાઈ અને હોંગકોંગમાં બજાર સુધારાના ટોને બંધ રહી હતી અને સિઉલ ખાતે નરમાઈનું વલણ રહ્યું હતું. તેમ જ આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૩૪ ટકા ઘટીને બેરલદીઠ ૭૮.૭૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

# ડૉલર સામે રૂપિયો ૧૦ પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં ઘટ્યા મથાળેથી બાઉન્સબૅક તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો અવિરત બાહ્ય પ્રવાહ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૧૦ પૈસાનો ઘટાડો આવ્યો હતો અને ૮૬.૪૫ની સપાટીએ બંધ રહ્યો હતો.

જોકે, આજે સત્ર દરમિયાન ૧૭ પૈસાનું ધોવાણ થયું હતું, પરંતુ આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટી આવ્યા હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૬.૩૫ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૬.૪૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૫૨ અને ઉપરમાં ૮૬.૩૮ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૧૦ પૈસાના ઘટાડા સાથે ૮૬.૪૫ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૨૩ પૈસાનો સુધારો નોંધાયો હતો. એકંદરે આજે ડૉલર ઈન્ડેક્સ તથા અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં સુધારાતરફી વલણ તેમ જ ગઈકાલે પણ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૦૨૬.૨૫ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાને કારણે રૂપિયો દબાણ હેઠળ આવ્યો હોવાનું મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે આજે માત્ર બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં જોવા મળેલા ભાવઘટાડાનો અમુક અંશે રૂપિયાને ટેકો મળ્યો હતો. જોકે, આવતીકાલે બૅન્ક ઑફ જાપાનની નીતિવિષયક બેઠક પૂર્વે ટ્રેડરોએ સાવચેતીનું વલણ અપનાવ્યું હોવાનું તેમણે ઉમેર્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૦૭ ટકા વધીને ૧૦૮.૬૪ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧૬ ટકા ઘટીને બેરલદીઠ ૭૮.૮૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૧૫.૩૯ પૉઈન્ટનો અને ૫૦ પૉઈન્ટનો સુધારો જોવા મળ્યો હતો.

# વૈશ્વિક સોનું ત્રણ મહિનાની સપાટીએથી પાછું ફરતા સ્થાનિકમાં ₹ ૧૫૫ની નરમાઈ, ચાંદી ₹ ૬૧૫ ઘટી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં આજે લંડન ખાતે હાજરમાં સોનાના ભાવ ત્રણ મહિનાની ઊંચી સપાટીએથી પાછા ફર્યા હતા અને વાયદામાં પણ ઘટાડો નોંધાયો હતો.

તેમ જ ચાંદીના ભાવમાં પણ પીછેહઠ જોવા મળી હતી. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિકમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૫૪થી ૧૫૫નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે ડૉલર સામે રૂપિયો ૧૦ પૈસાનો ઘટાડો આવ્યો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરોમાં વધારો થવાથી વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હતો, જ્યારે વિશ્વ બજાર પાછળ ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૬૧૫ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ખાસ કરીને ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય વેચવાલીના દબાણ સામે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૬૧૫ના ઘટાડા સાથે રૂ. ૯૦,૬૩૩ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલીનો અભાવ અને જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ભાવ ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૫૪ ઘટીને રૂ. ૭૯,૭૧૯ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૫૫ના ઘટાડા સાથે રૂ. ૮૦,૦૩૯ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ડૉલર સામે રૂપિયો ગબડ્યો હોવાથી સોનાની આયાત પડતરોમાં વધારો થવાથી વિશ્વ બજારની તુલનામાં ભાવઘટાડો સીમિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં બાઉન્સબૅક સાથે લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ જે ગત ૩૧ ઑક્ટોબર પછીની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા તે ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૨૭૪૪.૪૯ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા ઘટીને ૨૭૫૧.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૩૦.૩૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આજે ડૉલર ઈન્ડેક્સ ફરી ૧૦૮ની સપાટીએ પહોંચ્યા હોવાથી સોનાના વૈશ્વિક ભાવમાં જોવા મળેલો ઘટાડો ટેક્નિકલ પુલબેક છે, પરંતુ એકંદરે અન્ડરટોન તો મજબૂત જ હોવાનું કેડિયા કૉમૉડિટીઝનાં વિશ્લેષક અજય કેડિયાએ જણાવ્યું હતું.

અત્રે નોંધનીય બાબત એ છે કે તાજેતરમાં અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે આગામી પહેલી ફબ્રુઆરીથી મેક્સિકો અને કેનેડાથી થતી આયાત સામે ૨૫ ટકા અને ચીનથી થતી આયાત સામે ૧૦ ટકા ટેરિફ અમલી કરવાની ચેતવણી ઉચ્ચારી હતી, પરંતુ આ સંદર્ભે તેમણે વધુ કોઈ સ્પષ્ટતા નહોતી કરી. વધુ તેમણે કરવેરાના કપાતની પણ જાહેરાત કરી હોવાથી ફુગાવાલક્ષી દબાણ વધવાની શક્યતાઓ વધી જતાં ફેડરલ પાસે વ્યાજદરમાં કપાતનો ઓછો અવકાશ રહેશે, એમ ટેસ્ટીલીવના હેડ ઈલ્યા સ્પીવેકે જણાવ્યું હતું. જોકે, હાલના પરિબળોને ધ્યાનમાં લેતા વૈશ્વિક સોના માટે ઔંસદીઠ ૨૭૫૯ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થઈ શકે છે, એમ રૉઈટર્સના વિશ્લેષક વૉન્ગ તાઓએ જણાવ્યું હતું.

તાજેતરના અમેરિકાના આર્થિક વૃદ્ધિનાં પ્રોત્સાહક ડેટા, ફુગાવામાં ઘટાડો અને રોજગારીમાં વૃદ્ધિ જોવા મળી હોવા છતાં તાજેતરની ટ્રમ્પની પ્રસ્તાવિત ફુગાવાલક્ષી નીતિઓના અમલ અંગેની અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતા અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ૨૮-૨૯ જાન્યુઆરીની નીતિવિષયક બેઠકમાં વ્યાજદર યથાવત્ રાખે તેવી શક્યતા બજાર વર્તુળો વ્યક્ત કરી રહ્યા છે.

# ટીન અને નિકલની આગેવાની હેઠળ ધાતુમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકા દ્વારા ટેરિફમાં વધારાને કારણે વૈશ્વિક સ્તરે વેપારો પર માઠી અસર પડવાની ભીતિ ઉપરાંત આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં આજે લંડન ખાતે સત્રના આરંભે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ પ્રબળ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૦ અને રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો. આ સિવાય એકમાત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્કેપમાં વપરાશકારોની માગને ટેકે ભાવમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. એકના સુધારા અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ચારનો ઘટાડો આવ્યો હતો.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ તેમ જ ધાતુના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન સહિત કેનેડા, મેક્સિકો અને યુરોપિયન યુનિયનની થતી આયાત સામે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ટેરિફ વધારાની ચીમકી આપી હોવાથી વિશ્વભરનાં વેપારો ખોરવાઈ જવાની ભીતિ હેઠળ આજે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૦.૮ ટકા ઘટીને ટનદીઠ ૯૧૬૭.૭૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ અન્ય ધાતુઓમાં પણ નરમાઈનું વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૧૯૮ના મથાળે રહ્યા હતા, જ્યારે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૫૩૫ના મથાળે ટકેલા રહ્યા હતા. આ સિવાયની અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની વેચવાલી અને નિરસ માગે ભાવમાં પીછેહઠ જોવા મળી હતી. સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ હેઠળ મુખ્યત્વે નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૨૦ ઘટીને રૂ. ૧૩૮૦, ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૨૬૬૩ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૮૪૬ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં નિરસ માગે ભાવ ઘટાડો જોવા મળ્યો હતો તેમાં બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૫૭૧, કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૮૦૨, રૂ. ૭૯૪, રૂ. ૭૮૨, રૂ. ૨૫૮ અને રૂ. ૨૭૫ના મથાળે અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૭૩૪ અને રૂ. ૧૮૦ના મથાળે રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# હલકી ગુણવત્તાવાળી ચાની આયાત સામે નિયંત્રણો લાદવા નાના ચા ઉત્પાદકોની માગ

કોલકતા: દેશનાં ચાના નાના ઉત્પાદકો (સ્મોલ ટી ગ્રોઅર્સ-એસટીજીસ)નું હિત જળવાઈ રહે તે માટે તેઓએ કેન્દ્રીય વાણિજ્ય મંત્રાલયને નેપાળ અને કેનિયાથી થતી ચાની સસ્તી આયાત સામે નિયંત્રાત્મક પગલાં લેવાનો અનુરોધ કર્યો છે.

નાના ચા ઉત્પાદકોના સંગઠન કોન્ફેડરેશન ઑફ સ્મોલ ટી ગ્રોઅર્સ એસોસિયેશન (સીઆઈએસટીએ-સિસ્ટા)એ કેન્દ્રીય વાણિજ્ય પ્રધાન પીયૂષ ગોયલને પત્ર લખીને જણાવ્યું હતું કે દેશમાં થતાં ચાના કુલ ઉત્પાદનમાં ૫૩ ટકા કરતાં વધુ હિસ્સો નાના ઉત્પાદકોનો છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ટી બૉર્ડની નાના ઉત્પાદકોની વ્યાખ્યામાં જે ઉત્પાદકોનો ચાની ખેતીનો વિસ્તાર ૨૫ એકરની અંદર હોય તેને ગણવામાં આવે છે. જોકે, દેશમાં ચાના નાના ઉત્પાદકો વિવિધ વિસ્તારોમાં છૂટાછવાયા હોય છે. સિસ્ટાના મતાનુસાર દેશમાં નાના ચા ઉત્પાદકોની સંખ્યા અંદાજે ત્રણ લાખ જેટલી છે.

એસોસિયેશને એવો દાવો કર્યો છે કે કેનિયાની આંકડાકીય માહિતી અનુસાર ભારતે ગત જાન્યુઆરીથી ઑક્ટોબર, ૨૦૨૪ દરમિયાન ૧.૩૭૧ કરોડ કિલોગ્રામ ચાની આયાત કરી છે, જે ગત સાલના સમાનગાળામાં ૩૫.૩ લાખ કિલોગ્રામની હતી. વધુમાં સિસ્ટાએ જણાવ્યું હતું કે આ આફ્રિકન દેશથી આયાત થતી ચાની ગુણવત્તા હલકી તેમ જ સ્થાનિકમાં ઘણી વખત બ્લેન્ડ થયા બાદ તેની પુનઃ નિકાસ ભારતીય બ્રાન્ડ હેઠળ કરવામાં આવી રહી છે. તે જ પ્રમાણે વર્ષ ૨૦૨૩માં નેપાળથી ૧.૩૬૬ કરોડ કિલોગ્રામ ચાની આયાત થઈ હતી.

જ્યારે સ્થાનિકમાં ચા ઉદ્યોગ અતિરિક્ત પુરવઠાની સ્થિતિ અનુભવી રહ્યો છે ત્યારે ટી બોર્ડ દ્વારા છેલ્લાં આઠ વર્ષથી ગુણવત્તા, ભાવ અને પુરવઠાની સ્થિતિમાં સુધારો લાવવા માટે બગીચાઓ વહેલા બંધ કરવા માટે આદેશ જાહેર કર્યો છે. આમ એક તરફ સરકાર આદેશ જાહેર કરીને અતિરિક્ત પુરવઠાને મેનેજ કરવા બગીચાઓ વહેલા બંધ કરવા જણાવે છે અને બીજી તરફ આ દેશોમાંથી હલકી ગુણવત્તાવાળી સસ્તી ચાની આયાતને મંજૂરી આપે છે. તે એક આશ્ચર્યજનક બાબત છે.

એસોસિયેશનના મતાનુસાર સ્થાનિક બજારો આ સસ્તી અને હલકી ગુણવત્તાવાળી ચાથી ઉભરાઈ રહી છે જે નજીકના ભવિષ્યમાં નાના ચા ઉત્પાદકો અને ભારતીય ચા ઉદ્યોગ માટે ભાવ અને ગુણવત્તાની દૃષ્ટિએ ઘાતક પુરવાર થશે. આથી સિસ્ટાએ કેન્દ્ર સરકાર, અને પશ્ચિમ બંગાળ તથા આસામની સરકાર સહિતના હિસ્સે ધારકોને આ સંદર્ભે પગલાં લેવા અનુરોધ કર્યો છે.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ભારત અને નેપાળના મુક્ત વેપાર કરાર હેઠળ પાડોશી દેશોમાંથી ડ્યૂટીમુક્ત ધોરણે ચાની આયાતને મંજૂરી આપવામાં આવી છે.

# સ્ટીલ અને સિમેન્ટ ઉદ્યોગ બહુ ઓછાના હાથમાં: દેશમાં કાર્ટેલની મોટી સમસ્યા

મુંબઈ: દેશમાં અને દેશનાં માળખાકીય વિકાસમાં સ્ટીલ અને સિમેન્ટ ઉદ્યોગની કાર્ટેલ એક મોટી સમસ્યા હોવાનું કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ ખાતાના પ્રધાન નીતિન ગડકરીએ તાજેતરમાં જણાવવતા ઉમેર્યું હતું કે દેશના માળખાકીય વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવતા આ બે ક્ષેત્રમાં બહુ ઓછા ખેલાડીઓ હોવાથી તેઓમાં મિલિભગત જોવા મળી રહી છે. સ્ટીલ અને સિમેન્ટ ઉદ્યોગ બહુ ઓછા લોકોના હાથમાં છે આથી તેઓ સંપીને ભાવ નિર્ધારિત કરતા હોવાથી તેઓનું કાર્ટેલિંગ એ દેશની મોટી સમસ્યા છે, એમ તેમણે અત્રે યોજાયેલા આઈઈસીઆરપી ૨૦૨૫ એક્સપોમાં વક્તવ્ય આપતા જણાવ્યું હતું. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે સ્ટીલ અને સિમેન્ટ કંપનીઓનું પ્રભુત્વ તોડવા માટે ફાઈબર રિઈન્ફોર્સ્ડ પ્લાસ્ટિક્સ (એફઆરપી) સારો વિકલ્પ છે અને તેઓને તેમ જ તેનાં વૈકલ્પિક મટિરિયલ માટે તમામ સહય કરવા હું તૈયાર છું. જોકે, તેમણે એફઆરપી ખેલાડીઓને તેના ભાવ એવા સ્તરે નીચે લાવવા જણાવ્યું હતું કે અંતિમ ખર્ચ અન્ય વિકલ્પો કરતાં ૨૦થી ૨૫ ટકા ઓછો હોય. વધુમાં તેમણે એફઆરપી ખેલાડીઓને ચોક્કસ કાચા માલને પસંદ કરીને તેના પર સંશોધન અને વિકાસમાં રોકાણ કરીને ઉત્પાદન કરવા અનુરોધ કર્યો હતો જેથી આ ક્ષેત્રમાં સારી કામગીરી થાય. સામાન્યપણે એફઆરપીનો ઉપયોગ માળખાકીય, એવિએશન, શિપિંગ, રોડ નિર્માણ અને મેટ્રો રેલ સહિતનાં ઘણાં ક્ષેત્રોમાં ઉપયોગ થતો હોય છે. જો તમે તેના ભાવ સ્ટીલની સરખામણીમાં ૨૦થી ૨૫ ટકા જેટલા ઘટાડી શકતા હો તો વાસ્તવમાં તે દેશ માટે બહુ સારી વાત કહેવાય, એમ તેમણે એફઆરપી ઉદ્યોગનાં સહભાગીઓને જણાવ્યું હતું. વધુમાં ગડકરીએ જણાવ્યું હતું કે તેઓ હાઈડ્રોજનનો ઉત્પાદન ખર્ચ જે હાલ કિલોદીઠ રૂ. ૩૦૦થી વધુ છે તે ઘટાડીને કિલોદીઠ એક ડૉલર જેટલો ઘટાડવા માગે છે અને જો લક્ષ્યાંક હાસલ થાય તો ભારત એનર્જીનો ચોખ્ખો નિકાસકાર દેશ બનશે. આ ઉપરાંત મારી ઈચ્છા આગામી પાંચ વર્ષમાં ભારતને વૈશ્વિક ઑટો હબ બનાવવાની હોવાનું તેમણે ઉમેર્યું હતું. હાલ ભારત ત્રીજો ક્રમાંક ધરાવે છે.

# સ્ટેલિયન ઈન્ડિયા ફ્લોરોકેમિકલ્સનું ૩૩ ટકા પ્રીમિયમથી લિસ્ટિંગ

નવી દિલ્હી: આજે બૉમ્બે સ્ટોક એક્સચેન્જ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ખાતે સ્ટેલિયન ઈન્ડિયા ફ્લોરોકેમિકલ્સનું શૅરદીઠ રૂ. ૯૦ના ઈશ્યૂ ભાવ સામે ૩૩.૩૩ ટકા પ્રીમિયમથી અથવા તો રૂ. ૧૨૦ના ભાવથી લિસ્ટિંગ થયું હતું.

જોકે, લિસ્ટિંગ બાદ શેરના ભાવ પાંચ ટકા વધીને બીએસઈ ખાતે શૅરદીઠ રૂ. ૧૨૬ના મથાળે અને એનએસઈ ખાતે શૅરદીઠ રૂ. ૧૨૫.૯૯ના મથાળે પહોંચતા ઉપલી સર્કિટ લાગી હતી. તેમ જ કંપનીનું બીએસઈ ખાતે માર્કેટ વૅલ્યુએશન રૂ. ૯૯૯.૪૨ કરોડ અને એનએસઈ ખાતે વૅલ્યુએશન રૂ. ૯૯૯.૫૦ કરોડની સપાટીએ રહ્યું હતું.

અત્રે નોંધનીય બાબત એ છે કે ગત સોમવારે સમાપન થયેલા કંપનીનાં આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઑફર)માં રોકાણકારોનો પ્રોત્સાહક પ્રતિસાદ મળતા ભરણું ૧૮૮.૩૮ ગણું છલકાઈ ગયું હતું. તેમ જ કંપનીએ ઈશ્યૂ ભાવ શૅરદીઠ રૂ. ૮૫થી ૯૦ નિર્ધારિત કર્યો હતો.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં સુધારાને બ્રેક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહરાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્થાનિક તેમ જ દેશાવરની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં સુધારાને બ્રેક લાગતા ઉપલા મથાળેથી ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૭નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ ટકેલા રહ્યાના અહેવાલ હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો જળવાઈ રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં માગ મર્યાદિત રહેવાની સાથે માલની ગુણવત્તાને પણ ધ્યાનમાં લેતા તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૭ના ઘટાડા સાથે રૂ. ૩૭૨૨થી ૩૮૦૫માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૯૦થી ૩૯૨૨માં ટકેલાં ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૬૦થી ૩૭૨૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૯૦થી ૩૭૬૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# રાજકોટમાં ૧૦ દિવસમાં ૩૫૦ બુલેટ ડિટેઇન કરી તેના મોડિફાઇડ સાઈલેન્સર પર બુલડોઝર ફેરવાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ શહેર પોલીસ દ્વારા છેલ્લા ૧૦ દિવસમાં નોઈઝ પોલ્યુશન ફેલાવતા મોડિફાઈડ સાઇલન્સરવાળા ૩૫૦ બુલેટ ડિટેઇન કરી એમાંથી સાઇલન્સર કાઢીને ગુરુવારે એનો નાશ કરવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા વાહનો ડિટેઇન કરી આરટીઓનો મેમો આપી લાખો રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.

રાજકોટ શહેર ટ્રાફિક ડીસીપી પૂજા યાદવએ જણાવ્યું હતું કે પોલીસ કમિશનર બ્રજેશ ઝા, જોઈન્ટ પોલીસ કમિશનર મહેન્દ્ર બગડિયાની સૂચના મુજબ રાજકોટમાં માર્ગ સલામતી માસની ઉજવણી દરમિયાન છેલ્લા ૧૦ દિવસથી ખાસ વાયુ-પ્રદૂષણ ફેલાવતા મોડિફાઈડ સાઇલન્સરવાળાં વાહનો સામે સ્પેશિયલ ડ્રાઇવ હાથ ધરાઈ હતી. પોલીસ દ્વારા આવા બુલેટ તેમજ બાઈક ડિટેઇન કરી મેમો આપી તેમના મોડિફાઈડ સાઇલન્સર કાઢી દેવામાં આવ્યાં હતાં. ૧૦ દિવસમાં ૩૫૦ જેટલાં મોડિફાઇડ સાઇલન્સર મળી આવતાં આરટીઓ અને શોરૂમના સર્ટિફિકેટ મેળવી કોર્ટના ઓર્ડર મેળવ્યો હતો. શુક્રવારે પોલીસ દ્વારા આ તમામ મોડિફાઇડ સાઇલન્સર ઉપર બુલડોઝર ફેરવીને તેનો નાશ કરવામાં આવ્યો હતો.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજકોટમાં ૧૦ દિવસમાં કરેલી આ ડ્રાઇવ આગળ પણ ચાલુ રહેશે મોટર વ્હિકલ એક્ટ ૫૨ અને ૧૯૦ મુજબ મોડિફાઈડ સાઇલન્સર ઉપયોગ કરી શકાય નહિ એવો સ્પષ્ટ ઉલ્લેખ છે, જે અંતર્ગત રાજકોટ પોલીસ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી. લોકો પણ આવા ગેરકાયદે મોડિફાઈડ સાઇલન્સર ઉપયોગ ન કરે, પોલીસનો મોટિવ નિયમનું પાલન થાય એ અને વાયુ-પ્રદૂષણ અટકાવવાનો છે, દંડ લેવાનો નથી. પોલીસ વાહન ડિટેઇન કરી રહી છે અને દંડ આરટીઓ વસૂલ કરી રહી છે. ■



**રાજકોટમાં બુલેટના સાયલેન્સર પર બુલડોઝર ફેરવાયું:** રાજકોટમાં ટ્રાફિક પોલીસે એક અભિયાન દ્વારા કાન ફોડી નાખે તેવા અવાજ ધરાવતા બુલેટના સાયલેન્સર પર બુલડોઝર ફેરવી નાખ્યું હતું. પોલીસે ૧૦ દિવસમાં ૩૫૦ જેટલા બાઈક ડિટેઈન કરીને તેમાંથી ગેરકાયદેસર લગાવેલા સાયલેન્સર કાઢી લીધા હતાં. પોલીસે ડીસીપી પૂજા યાદવ, એસીપી જયવીરદાન ગઢવી, આરટીઓ અધિકારી સહિતના અધિકારીઓની હાજરીમાં સાયલેન્સર પર બુલડોઝર ફેરવી નાખ્યું હતું અને યુવાનોને ગેરકાયદેસર સાયલેન્સરનો બાઈકમાં ઉપયોગ ન કરવા સંદેશ આપ્યો હતો. (તસવીર: પ્રવીણ સેદાણી, રાજકોટ)

# અબડાસાના ખીરસરામાં ફ્લાઈંગ સ્ક્વોડે બેન્ટોનાઈટનું ગેરકાયેદેસર ખનન ઝડપી પાડ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)



(તસવીર: ઉત્સવ વૈદ્ય, ભુજ)

ભુજ: કચ્છમાં બેફામ બનતી જતી ખનિજ ચોરીની પ્રવૃત્તિ પર લગામ કસવા માટે ખાણ અને ખનિજ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલી ખાસ ઝુંબેશ અંતર્ગત ભુજની ફ્લાઈંગ સ્ક્વોડે સીમાવર્તી અબડાસા તાલુકાના ખીરસરામાં ત્રાટકીને બેન્ટોનાઇટના થઇ રહેલા ગેરકાયદે ખનનનો પર્દાફાશ કરતાં ખનિજ માફિયાઓમાં ફફડાટ વ્યાપ્યો હતો. ફ્લાઇંગ સ્ક્વોડ-ભુજ તથા ભૂસ્તરશાસ્ત્રી ખાણ-ખનિજ વિભાગની સંયુક્ત તપાસ ટીમ દ્વારા ગત ૨૧મી જાન્યુઆરીની મધ્ય રાત્રિના ખાનગી વાહનો સાથે અબડાસા તાલુકાના ખીરસરા ગામે અચાનક ધસી ગઇ હતી અને આકસ્મિક તપાસ દરમ્યાન ત્યાં ગેરકાયદે રીતે બેન્ટોનાઇટનું ખનન સામે આવ્યું હતું. આ ટીમે બેન્ટોનાઇટના ગેરકાયદે ખનન સબબ બે હિટાચી એસ્કેવેટર મશીન અને ખનિજ વહન કરવા આવેલી ચાર ટ્રક જપ્ત કરી હતી. આ ચાર ટ્રક પૈકી એક ટ્રકમાં આશરે ૨૫ મેટ્રિક ટન બેન્ટોનાઇટ (ખનિજ) ગેરકાયદે રીતે ભરેલું હતું. તપાસ ટીમ દ્વારા તમામ વાહનો સીઝ કરી કોઠારા પોલીસ મથકે રાખવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. ■

# રાજકોટમાં ખાનગી હૉસ્પિટલના ડોક્ટરે એનેસ્થેસિયાનો ઓવરડોઝ લઈ આપઘાત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં સિનર્જી હોસ્પિટલના એનેસ્થેસિયોલોજિસ્ટ ડોક્ટરે એનેસ્થેસિયાનો ઓવરડોઝ લઈ આત્મહત્યા કરી હોવાની ઘટના બની હતી. આ અંગે જાણ થતાં પોલીસે ઘટનાસ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં ઘર કંકાસથી કંટાળી ડોક્ટરે આપઘાત કર્યો હોવાનું જાણવા મળ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે રાજકોટની સિનર્જી હૉસ્પિટલના એનેસ્થેસિયોલોજિસ્ટ ડો. જય પટેલના પહેલા લગ્નના છૂટાછેડા થયા હતાં. ત્યાર બાદ તેમણે બીજા લગ્ન કર્યા હતાં. તેમનો બીજી પત્ની સામે પણ છુટાછેડાનો કેસ ચાલતો હતો. તેમણે આપઘાત કરતાં પહેલા લખેલી સુસાઈડ નોટમાં લખ્યું હતું કે, આ બનાવની જાણ માતા પિતાને નહીં પણ મારા જીજાજીને કરજો. પોલીસે સુસાઈડ નોટ કબજે કરીને મૃતદેહ પોસ્ટમાર્ટમ માટે ખસેડીને વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

ગુરુવારે જય પટેલ હોસ્પિટલની પ્લાન્ડ સર્જરીમાં એનેસ્થેસિયાની જરૂર હોવાથી હાજર નહીં રહેતા હૉસ્પિટલના સ્ટાફ દ્વારા તેમને ફોન કરીને હૉસ્પિટલ બોલાવવા માટે પ્રયત્ન કર્યો હતો. પરંતુ તેમણે ફોન રિસિવ નહીં કરતાં હૉસ્પિટલના મુખ્ય ડોક્ટરે તેમના સ્ટાફને જય પટેલના ઘરે મોકલ્યો હતો. જ્યાં જય પટેલે એનેસ્થેસિયાનો ઓવરડોઝ લઈ આપઘાત કર્યો હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે આ કેસમાં વધુ કાર્યવાહી હાથ ધરી હતી. ■

# કૉંગ્રેસ ૨૫ જાન્યુઆરીએ ભાવનગર બચાવો અભિયાન અંતર્ગત રેલી યોજશે: લોકોના ૬૩૦ પ્રશ્નો મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાવનગર શહેરમાં ૨૫ જાન્યુઆરીએ કૉંગ્રેસ દ્વારા રેલી કાઢવામાં આવશે. આ રેલી દ્વારા ભાવનગરમાં પડી ભાંગેલા કાયદો અને વ્યવસ્થા, નાશ પામેલા ઉદ્યોગ ધંધા, બેકારી-બેરોજગારી, વ્યસન મુકિત તથા નબળી પોલીસ કામગીરીને લઈને જાગૃતિ લાવવા સહિતના પ્રશ્નો અંગે સરકાર સામે રજૂઆત કરાશે. આ રેલી વિઠ્ઠલવાડી પેટ્રોલપંપથી નીકળી શહેરનાં વિવિધ વિસ્તારોમાં ફરશે.

શહેર કૉંગ્રેસ પ્રમુખ હિતેશભાઈ વ્યાસે જણાવ્યું હતું કે ભાવનગર શહેર કૉંગ્રેસ સમિતિ દ્વારા શહેરનાં અલગ અલગ વોર્ડમાં જઈ સ્થાનિક લોકો પાસેથી શહેરનાં પ્રશ્નો બાબતે માહીતી મેળવી હતી. તેથી આશરે ૬૦૦ જેટલા વિવિધ પ્રશ્નોની રજુઆત શહેર કૉંગ્રેસને પ્રાપ્ત થઈ હતી. તે રજુઆત મહાનગર પાલિકાનાં કમિશ્નરને કર્યા બાદ શહેર કૉંગ્રેસ સમિતિ દ્વારા મહાનગર પાલિકાના કમિશ્નરને રૂબરૂ મળી કરેલી રજૂઆતના ફોલોઅપ માટે માંગણી કરતા તેમણે શહેરનાં મુખ્ય પ્રશ્નો તથા વોર્ડ વાઈઝ પ્રશ્નોની રજૂઆત



(તસવીર: વિપુલ હિરાણી, ભાવનગર)

કરી હતી. જેનો કમિશ્નરે સકારાત્મક અભિગમ અપનાવ્યો હતો.

સમગ્ર શહેરનાં મુખ્ય પ્રશ્નોમાં કોર્પોરેશનમાં નારી, ચિત્રા, અકવાડા, સરદારનગર, ભરતનગર જેવા વિસ્તારોમાંથી શહેર સાથેની કનેકિટવિટી માટે ટ્રાન્સપોર્ટની રજૂઆત ઉપરાંત શહેરનાં પાણીનું ટાઈમ ટેબલ ન હોય બહેનોને પડતી મુશ્કેલી તેમજ ઘણા વિસ્તારોમાં ડ્રેનેજ અને પાણીની લાઈન ભળી જવાની બાબત તથા આંગણવાડી કેન્દ્ર પાસે થતી ગંદકી સહિતનાં પ્રશ્નોની જે રજૂઆત કરેલ તેના પ્રત્યુતરમાં કમિશ્નરે આ તમામ પ્રશ્નો ટૂંક સમયમાં ઉકેલ આવી જશે તેમજ સીટી બસની સુવિધા પણ બે ત્રણ મહિનામાં ભાવનગરની પ્રજાને મળતી થઈ જશે તેવું જણાવ્યું હતું.

ભાવનગર શહેર કૉંગ્રેસ ધ્વારા તા.૩/૧૦/૨૦૨૪ થી તા.૬/૧૧/૨૦૨૪ સુધી સર.ટી.હોસ્પિટલ પટાંગણમાં બેસી દર્દીઓની મુશ્કેલી પડતી તેની માહીતી મેળવી જેમાં શહેરનાં તમામ વોર્ડ પ્રમુખ તથા વિવિધ સેલનાં ચેરમેન, યુવક કૉંગ્રેસ મહિલા કૉંગ્રેસ લઘુમતી સેલ એચ.એસ.ટી. સેલ દ્વારા લોક પ્રશ્નો સાંભળવામાં આવ્યા હતાં. જેમાં આશરે ૧૭૦ જેટલી રજૂઆતો આવી હતી તે સાંભળીને કૉંગ્રેસ પક્ષના આગેવાનો સર.ટી. હોસ્પિલટમાં સુપ્રિન્ટેન્ડેન્ટને કરાયેલી રજૂઆત બાબતે મળીને ચર્ચા કરી હતી અને તેમના દ્વારા ગાયનેક, પાણીની સગવડતા, અમુલ પાર્લરની સગવડતા, બિલ્ડીંગ રીપેરીંગ, એકસરે રૂમની સુવિધાઓ, દિવ્યાંગનાં પ્રશ્નો, કૂતરાના ઈન્જેકશનની સગવડતા, ટ્રોમા સેન્ટરનાં ડોકરોની સગવડતા તથા રાઉન્ડ ધ કલાકે શરૂ કરવા અને દિવ્યાંગ સર્ટિફિકેટની પણ અગવડતા દુર કરવાની માહિતી આપી હતી. ■

# ભુજમાં વિસ્ફોટક પદાર્થ નાખી શ્વાનનું મોત નીપજાવનારા બે યુવક સામે ગુનો દાખલ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભુજ શહેરના આશાપુરા રિંગરોડ વિસ્તારમાં કચરાપેટીમાં બેદરકારીપૂર્વક ફેંકી દીધેલા વિસ્ફોટક પદાર્થને ખોરાક સમજીને બચકું ભરવા જતાં પાંચ ગલૂડિયાંની માતા માદા શ્વાનનું દર્દનાક મોત નીપજાવવા બદલ ભુજ એ ડિવિઝન પોલીસે બે શખ્સ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી તેમની ધરપકડ કરી હતી.

ગત મંગળવારે બપોરના અરસામાં લોકોની અવરજવરથી સતત ધમધમતા આશાપુરા રીંગ રોડ નજીક વિસ્ફોટક ટોટો ફાટતાં એક માદા શ્વાનના જડબાના ફૂરચાં ઊડી ગયાં હતા અને પીડાથી કણસી કણસીને તેનું મોત નીપજ્યું હતું. આ અંગે સમાચાર માધ્યમોમાં પ્રગટ થયેલા અહેવાલને ગંભીરતાથી લઈ રાત્રે જ સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપની એક ટુકડીએ ગહન તપાસ હાથ ધરી હતી.

સીસીટીવીમાં મોટરસાઇકલ પર આવેલાં ત્રણ યુવક પૈકી એક યુવકે પહેરેલા જેકેટમાંથી પડી ગયેલા ત્રણ-ચાર વિસ્ફોટક ટોટા પરથી એક મોટરસાઇકલ અને ઓટો રીક્ષા પસાર થતાં પૈડાંના દબાણથી તે ફૂટ્યો હોવાનું જોવા મળ્યું હતું.

પોલીસે ગણતરીના કલાકોમાં ભુજના સલીમ આમદ કુંભાર અને અઝીઝ હાજી મણિયાર સામે પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમ, જીપી ઍક્ટ અને બીએનએસ કલમ ૩૨૫, ૨૮૭, ૫૪ હેઠળ ગુનો નોંધ્યો હતો. આ પદાર્થ કયા હેતુથી લઈ જવાતો હતો? ત્રીજો યુવક કોણ હતો? વિસ્ફોટકમાં જીલેટીન કે કેવા પ્રકારના વિસ્ફોટકોનો ઉપયોગ થયેલો છે જેવા મુદ્દે ગહન તપાસ શરૂ કરી દેવાઈ હોવાનું પીઆઈ હાર્દિક ત્રિવેદીએ જણાવ્યું હતું. ■

# કચ્છના બહુચર્ચિત નલિયા સામૂહિક દુષ્કર્મકાંડના તમામ આઠ આરોપી નિર્દોષ જાહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: દેશભરમાં બહુચર્ચિત બની ગયેલા ભારતીય જનતા પક્ષના કેટલાક નેતાઓને સાંકળતા કચ્છના અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયા ખાતે કથિત રીતે આચરવામાં આવેલા સામૂહિક દુષ્કર્મકાંડના હાઈપ્રોફાઈલ કેસમાં ભુજની સેશન્સ કોર્ટ દ્વારા તમામ આઠ આરોપી નિર્દોષ જાહેર કરી દેવાયા હતાં.

દુષ્કર્મકાંડ બહાર આવ્યા બાદ ઊભા થયેલા હલ્લાબોલ વચ્ચે ગુજરાત સરકારે તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરી, ઝડપી ટ્રાયલ ચલાવવા માટે એક ખાસ સરકારી વકીલની પણ આ કેસમાં નિમણૂક કરી હતી. ગત ૨૫ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ નલિયા દુષ્કર્મકાંડની ફરિયાદ પીડિતા દ્વારા નોંધાયા બાદ રાજકીય હોબાળા વચ્ચે ફેબ્રુઆરી મહિનામાં તમામ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. દુષ્કર્મકાંડના કુલ આઠ વગદાર તહોમતદારને પોલીસે ફરિયાદ બાદ તાત્કાલિક ઝડપી લીધા હતા અને તેમાંથી જે લોકો ભારતીય જનતા પક્ષ સાથે જોડાયેલા હતા તેને ભાજપે સસપેન્ડ કર્યા હતા.

કચ્છમાં લાંબા સમયથી શાસન કરતી ભાજપની સરકારને કંલકિત કરતી આ ઘટનાના સમગ્ર દેશમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા અને ગુજરાત રાજ્ય સાથે બહારના રાજ્યોમાં પણ ભાજપની છબી ખરડતી આ ઘટનાની ચર્ચા હતી.

દુષ્કર્મકાંડ કેસની ગંભીરતા સાથે કેસ હાઇપ્રોફાઇલ હોવાથી કોર્ટમાંથી આરોપીને જામીન મળતા ન હતા, પરંતુ જે-તે સમયે પીડિતાએ આપેલી જુબાની અને કેસના કેટલાક તથ્યોને ધ્યાને રાખી એક પછી એક તમામ આઠ આરોપીને આખરે કોર્ટે મુક્ત કર્યા હતાં. ■

# નખત્રાણામાં સોની વેપારી પર હુમલા સહિત ૩૦.૭૨ લાખના ઘરેણાંની લૂંટના ગુનામાં બે આરોપી ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગત શનિવારે રાત્રે કચ્છના નખત્રાણાના કોટડા જડોદર ગામે દુકાન વધાવી, સ્કૂટર પર સવાર થઈને ઘેર જઈ રહેલા સોની વેપારી પર તીક્ષ્ણ હથિયાર વડે ઘાતક હુમલો કરીને ૩૦.૭૨ લાખના મૂલ્યના ૪૮ તોલા સોનાના ઘરેણાંની લૂંટના ગુનામાં સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપની ટુકડીએ ખાવડા નજીક આવેલા દેઢિયા (જુણા) ગામના બે આરોપીઓને અંદાજે ૧૪૦ ગ્રામ સોનાના દાગીના અને ગુનામાં વપરાયેલી કાર સાથે ઝડપી પાડ્યાં હતાં. જયારે અબડાસાના મોટી વમોટી ગામનો મામદ સિધિક હિંગોરજા નામના ગુનાના માસ્ટરમાઈન્ડને પકડવા તપાસ તેજ કરવામાં આવી છે.

એસઓજીના પી.આઈ ડી.ડી ઝાલાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, સૂત્રધાર મામદ હિંગોરજાનો ભાઈ અને પરિવારજનો કોટડા (જડોદર) ગામે વસવાટ કરતાં હોવાથી તે અવારનવાર અહીં આવ-જા કરતો રહેતો હતો. નીલકંઠ જ્વેલર્સના રમેશ સોની પાસેથી મોટો માલ મેળવવાના ઈરાદે તેણે ઝડપાયેલાં બે સાગરીત સાથે મળીને લૂંટની યોજના ઘડી કાઢી હતી.

લૂંટ માટે કારની જરૂર હોવાથી ભુજના વરનોરા ગામે રહેતા અયુબ આરબ ચૌહાણ નામના પરિચિત પાસેથી બહારગામ જવાના બહાનું કરીને સ્વિફ્ટ કાર લઈ આવ્યો હતો. લૂંટ બાદ ત્રણે જણાં અંતરિયાળ આંતરિક રસ્તાઓ મારફતે છેવાડાના ગ્રામ્ય વિસ્તારમાં છૂપાઈ ગયાં હતાં. બે દિવસ બાદ સાગરીતો સ્વિફ્ટ કાર લઈને દેઢિયા ગયા હતાં.

આ કારની તૂટેલી હેડલાઈટને લીધે પોલીસે તેમને ઓળખી લીધાં હતાં. આરોપીઓ સ્વિફ્ટ કાર લઈને ભુજ આવી રહ્યાં હોવાની બાતમીના આધારે લોરિયા પાસે વોચ ગોઠવીને તેમને ઝડપી પાડ્યાં હતાં. લૂંટનો મોટાભાગનો મુદ્દામાલ મામદ હિંગોરજા પાસે છે. મામદને ઝડપી પાડવા શોધખોળ ચાલી રહી હોવાનું એસઓજીના પીએસઆઈ ડી.બી. વાઘેલાએ જણાવ્યું હતું. ■

# રાપરમાં સ્કૂલના આચાર્યના મહેણાં-ટોણા સહન નહીં થતાં ધોરણ ૧૦ની દલિત વિદ્યાર્થિનીનો આપઘાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: તને નકામી પાસ કરી તેવા વારંવાર મહેણાં મારતી શાળાની મુખ્ય શિક્ષિકા કમ આચાર્યના ત્રાસથી કંટાળીને ૧૦માં ધોરણમાં અભ્યાસ કરનારી ૧૫ વર્ષની દલિત વિદ્યાર્થિનીએ ગળેફાંસો ખાઈ આપઘાત કરતાં ચકચાર પ્રસરી જવા પામી હતી.

મળતી વિગતો મુજબ, કચ્છના રાપર તાલુકાના ભીમાસર ગામની સરકારી શાળામાં દસમા ધોરણમાં ભણતી વિદ્યાર્થિનીએ ગત ૧૭-૦૧-૨૦૨૫ના રોજ પોતાના ઘરે ‘અગમ્ય’ કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી મોતનો માર્ગ અપનાવી લેતાં પરિવારે સામાજિક રાહે દીકરીના મૃતદેહની દફનવિધિ કરી નાખી હતી.

ઘટનાના ચોથા દિવસે ૨૧ જાન્યુઆરીના રોજ વિદ્યાર્થિની જ્યાં ચુડી-ચાંદલા વગેરે જેવો સામાન રાખતી હતી ત્યાં તેના મોટા ભાઈએ ફંફોસતાં તેમાંથી નોટબુકના પાનાં પર તેણે આપઘાત પૂર્વે લખેલી સ્યૂસાઇડ નોટ મળી આવી હતી. ચિઠ્ઠીમાં પોતાના મોતનું કારણ શાળાની આચાર્ય કમ શિક્ષિકા જિજ્ઞાસા મેમ હોવાનું અને તે સતત ટોર્ચર કરીને તને નકામી પાસ કરી તેમ વારંવાર સંભળાવતાં હતાં જેથી તે પોતાનાથી સહન ના થઈ શકતું હોવાથી આ પગલું ભર્યું હોવાનું લખ્યું હતું.પિતા અને પરિવારજનો સ્યૂસાઈડ નોટ લઈને ભીમાસર પોલીસ મથકે દોડી ગયાં હતાં.

ખાનગી કંપનીમાં ઓઈલ પાઈપ લાઈનના સિક્યોરિટી ગાર્ડ તરીકે નોકરી કરનારા હતભાગીના પિતા સવજીભાઈએ પોલીસ સમક્ષ જણાવ્યું હતું કે, તેમની દીકરી નવમા ધોરણમાં ચાર વિષયમાં નાપાસ થતાં શાળાએ તેની પુનઃ પરીક્ષા લઈ પાસ કરી ધોરણ દસમાં પ્રવેશ આપ્યો હતો.

પોલીસે વિદ્યાર્થિનીનો દફનાવાયેલો મૃતદેહ એસડીએમ સહિતના પંચોની હાજરીમાં બહાર કઢાવીને જામનગરમાં ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી જિજ્ઞાસાબેન ચૌધરી વિરુદ્ધ એટ્રોસિટી એક્ટ તથા વિદ્યાર્થિનીને મરવા મજબૂર કરવાની કલમો તળે ગુનો નોંધ્યો હોવાનું ભચાઉ વિભાગના ડીવાયએસપી સાગર સાંબડાએ જણાવ્યું હતું. ■

# મુંદરાના ચકચારી કસ્ટોડિયલ ડેથ કેસની હવે રોજ સુનાવણી થશે: બે માસમાં ફેંસલો થવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: રાષ્ટ્રીય સ્તરે ચર્ચાસ્પદ બનેલા કચ્છના મુંદરાના પોલીસ મથકના જાન્યુઆરી ૨૦૨૧ના કસ્ટોડિયલ ડેથ કેસમાં તાજેતરમાં ગુજરાત હાઈ કોર્ટે બે માસમાં ટ્રાયલ પૂર્ણ કરવા આપેલા હુકમના પગલે હવે ભુજની સેશન્સ કોર્ટે આ કેસની રોજ સુનાવણી હાથ ધરવા હુકમ કર્યો હતો.

કસ્ટોડિયલ ડેથ પ્રકરણના એક આરોપી મુંદરા પોલીસ મથકના તત્કાલીન પોલીસ ઈન્સ્પેક્ટર જયેન્દ્રસિંહ પઢિયારે ટ્રાયલમાં વિલંબ થતો હોવાના ગ્રાઉન્ડ પર હાઈ કોર્ટમાં જામીન મેળવવા દાખલ કરેલી અરજીને ડિસ્પોઝ કરીને ભુજ કોર્ટને ડે ટૂ ડે બેઝ પર ટ્રાયલ ચલાવી બે માસની અંદર જ આ ચાર વર્ષ પુરાણી ટ્રાયલને પૂરી કરી દેવાનો હુકમ કર્યો હતો.

કોર્ટના આ હુકમને સંજ્ઞાને લઈને ભુજના પાંચમા અધિક સેશન્સ જજ વિરાટ બુદ્ધે દૈનિક ધોરણે ટ્રાયલ ચલાવવા હુકમ કર્યો હતો. બે માસમાં ટ્રાયલ પૂરી ના થાય તો હાઈ કોર્ટે આરોપીને કોર્ટ સમક્ષ ફરી જામીન અરજી કરવા પણ સૂચના આપી હતી.મુંદરા પોલીસે ચોરીનું આળ નાખીને ત્રણ ગઢવી યુવકોની ગેરકાયદે અટક કરી, પોલીસમથકમાં ગોંધી રાખીને અમાનુષી ત્રાસ આપતાં બે યુવકોના કમકમાટીભર્યા મૃત્યુ થયા હતાં. ■

# ભચાઉના વોંધ પાસે ટેન્કરે ટક્કર મારતાં બાઈકસવાર પિતાનું મોત: બાળક અને માતાનો આબાદ બચાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં ૨૪ કલાક દરમ્યાન બનેલી વિવિધ માર્ગ અકસ્માતની દુર્ઘટનાઓમાં બે યુવકોના મોત નીપજતાં સમગ્ર પંથકમાં અરેરાટી પ્રસરી જવા પામી હતી. ભચાઉના વોંધ પાસે મોટરસાઈકલ પર જઈ રહેલાં પરિવારને પાછળથી ટેન્કરે હડફેટમાં લેતાં હરેશ પાંચા મકવાણાનું મોત થયું હતું, તેની પત્નીને ગંભીર ઇજાઓ પહોંચી હતી, જ્યારે તેમના માસૂમ બાળકનો બચાવ થયો હતો. સામખિયાળી નજીક આગળ જતી ટ્રકની પાછળ અન્ય ટ્રક ભટકાતાં તે વાહનના ચાલકનું મોત થયું હતું.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, ભચાઉના રાજણસરમાં રહેનાર હરેશ મકવાણા અને તેના પરિવારને ગત બપોરે અકસ્માત નડયો હતો.

તેઓ બેંકના કામ અર્થે ભચાઉ જવા મોટરસાઇકલ પર સવાર થઈને જઈ રહ્યા હતા. તેઓ રામદેવપીરથી વોંધ વચ્ચે પહોંચ્યા ત્યારે ટેન્કરે પાછળથી દ્વિચક્રી વાહનને હડફેટે લેતાં ગંભીર ઇજાઓથી હરેશને સારવાર મળે તે પહેલાં મોત મળ્યું હતું, તેની પત્ની પાર્વતીબેનને અસ્થિભંગ સહિતની ઈજાઓ પહોંચતાં તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં. આ અકસ્માતમાં તેમના દસ માસના બાળકનો આબાદ બચાવ થયો હતો.

વધુ એક જીવલેણ માર્ગ અકસ્માતનો બનાવ સામખિયાળી-માળિયા ધોરીમાર્ગ ખાતે બન્યો હતો જેમાં માતાના મઢથી લિગ્નનાઇટ ભરીને બોટાદ તરફ જવા નીકળેલી ટ્રક સામખિયાળી નજીક પહોંચી ત્યારે આગળ જઈ રહેલી ટ્રકની પાછળ અથડાતાં કેબિનમાં દબાઈ જવાથી ડાયા રજપૂતનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે ફરિયાદી મહેન્દ્ર સુરા મકવાણાને ઈજાઓ પહોંચી હતી. પોલીસે બંને ઘટનાઓમાં વધુ કાર્યવાહી હાથ ધરી હતી. ■

# ભાવનગરમાં કાપડનો વેપાર કરતા યુવાન ઉપર બે શખ્સોએ ધોકા વડે હિચકારો હુમલો કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાવનગરમાં રહેતા અને કાપડનો ધંધો કરતા યુવાન ઉપર બે શખ્સોએ ધોકા વડે વડે હુમલો કરતા ઇજાગ્રસ્ત યુવાનને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો હતો. આ બનાવમાં યુવાનનો મોબાઈલ ફોન પણ તૂટી ગયો હતો અને પાકીટ પણ પડી ગયું હતું.

પ્રાપ્ત વિગત અનુસાર ભાવનગરના ભરતનગર, શિવનગરમાં રહેતા અને સુરતમાં કાપડનો ધંધો કરતા યુવાન દિનેશભાઈ રામચંદાણીએ અગાઉ દેવું થઈ જતા સન્ની કસોટીયા પાસેથી પાંચ લાખ લીધા હતા. આ રકમ તેમણે પાંચ મહિના પહેલા ચૂકવી દીધી હોવા છતાં સન્ની કસોટીયાનો ભાઈ નાનુ કસોટીયા તેની સાથે આડોડાઈ કરતો હતો. દરમિયાન દિનેશભાઈ રામચંદાણી શહેરના ગધેડીયા ફિલ્ડમાં તેમના મિત્ર સાથે વાતચીત કરતા હતા તે દરમિયાન આવેલા રાહુલ ઉર્ફે નાનુ કસોટીયા અને સંજય રબારીએ દિનેશભાઈ કાંઈ સમજે તે પહેલા ધોકા વડે આડેધડ માર મારી ઇજા પહોંચાડી હતી. મારામારી દરમિયાન દિનેશભાઈનો મોબાઇલ ફોન પણ તૂટી ગયો હતો અને તેમનું પાકીટ પણ ક્યાંક પડી ગયું હતું. દરમિયાન લોકો ભેગા થઈ જતા આ બંને શખ્સ ધમકી આપી જતા રહ્યા હતા. આ બનાવમાં ઇજાગ્રસ્ત દિનેશભાઈ રામચંદાણીને સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડવામાં આવતા તેમણે હુમલો કરનાર રાહુલ ઉર્ફે નાનુ કસોટીયા અને સંજય રબારી વિરુદ્ધ ઘોઘારોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ■